| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૧૭ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૨/૦૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/1/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૪/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૧૭ થી સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ પાસેથી શ્રી એમ.ડી.દારૂવાલાની મિલ્કત ફોરેન ટુર, પુત્રના વિદેશ અભ્યાસ માટેના ખર્ચની વિગતો વિગેરે માહિતીની માંગણી કરેલ છે. જે સેન્ટ્રલ ઝોનથી અઠવા ઝોન અને મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તા.૨૦/૦૨/૧૩ના પત્ર નં.૩૨૪૭થી તબદીલ કરવામાં આવેલ છે અને તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૦/૦૨/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. આ જ અરજી અઠવા ઝોન તરફથી તા.૦૧/૦૩/૧૩ના પત્ર નં.૧૨૩૧ થી પણ આંશિક માહિતી માટે ખોટી રીતે મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલી છે. આ અરજી સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૯૪૬ થી માહિતી પુરી પાડેલી છે. તે માહિતી અસ્પષ્ટ અધુરી અને અયોગ્ય હોવાથી નારાજ થયેલ હોવાનુ જણાવી અરજદારે અપીલ કરેલ છે.

સરકારશ્રીના નિયમાનુસાર, મધ્યસ્થ મહેકમ વિભાગમાં જે તે અધિકારી / કર્મચારીઓની સ્થાવર મિલ્કત અંગે નિયત પ્રફોર્મામાં ભરેલી માહિતીના ફોર્મ નિભાવવામાં આવે છે તે હકીકત ધ્યાનમાં લેતા અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૩ , ૭ થી ૯ અને ૧૩ ની આંશિક માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાય છે. જેમા મુદ્દા નં.૩ મજકુર અધિકારી બે વાર ફોરેન કન્ટ્રી મુસાફરી ફેમીલી સાથે કરી આવેલ તેના ખર્ચની માહિતીની નકલ તેમજ તેમનો પુત્ર ફોરેનમાં અભ્યાસ કરે છે. તેના ખર્ચની વિગત ગુજરાત રાજય સેવા અધિનિયમ ૧૯૭૧ની કલમ ૧૯(૧) અ અનુસારની જોગવાઈ મુજબ ખર્ચની માહિતી માંગેલી છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ સદર માહિતી સરકારી કર્મચારીઓની સ્થાયી મિલ્કત સંબંધી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. પરંતુ ઉકત મુજબ કોઈ જોગવાઈ જણાતી નથી.એવુ જણાવેલ છે.જે બરાબર જણાય છે. મુદ્દા નં.૧,૨,૭ થી ૯ અને ૧૩ સ્થાવર મિલ્કત અંગેના નિયત પ્રફોર્મા મુજબના ફોર્મ અંગેની જણાય છે. પરંતુ તે માહિતી આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧) (ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગતજીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી હોવાનુ જાહેર માહિતી અધિકારીને જણાતા તે પુરી પાડવામાં આવેલ નથી. જે સર્વોચ્ચ અદાલતના તાજેતરના આર.ટી.આઈ.એકટ સંદર્ભેના કેસના ચુકાદાને ધ્યાને રાખી નિર્ણય લેવાયેલ છે. સદર ચુકાદાની નકલ પણ અરજદારને વધુ જાણકારી માટે અગાઉ પુરી પાડવામાં આવેલ છે. જે પણ યોગ્ય જણાય છે.

આમ, અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૪/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૧૭ થી માંગેલી માહિતીના સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૯૪૬ થી અરજદારની અરજીના મુદ્દા નં.૩ની માહિતીમાં ગુજરાત રાજય સેવા અધિનિયમ–૧૯૭૧ની કલમ ૧૯(૧) અ માં સરકારી કર્મચારી/અધિકારીઓની સ્થાયી મિલ્કતની વિગત પુરી પાડવાની જોગવાઈ છે. પરંતુ પરદેશની મુસાફરી કે પરદેશમાં ભણતા પુત્રના અભ્યાસના ખર્ચની વિગત રજુ કરવાની જોગવાઈ જણાતી નથી. એવો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે જયારે મુદ્દા નં.૧,૨, ૭ થી ૯ અને ૧૩ની આંશિક માહિતી પેટે અધિકારીની સ્થાયી મિલ્કત અંગેના નિયત નમુનામાં રજુ કરેલ પત્રક, એ આર.ટી.આઈ.એકટની કલમ ૮ (૧) (ઠ) મુજબ ત્રાહિતને લગતી માહિતી હોય સર્વોચ્ચ અદાલતના આર.ટી.આઈ. એકટ સંદર્ભેના કેસના ચુકાદાને આધિન જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય પણ યોગ્ય જણાતો હોય, અરજદારની, અસ્પષ્ટ, અધુરી અને અયોગ્ય માહિતી પુરી પાડવાની રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય અપીલ અંગે વિશેષ કાંઈ ન કરતા તે દફતરે કરવાજોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૪/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૧૭ થી માંગેલી માહિતીના સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૯૪૬ થી અરજદારની અરજીના મુદ્દા નં.૩ની માહિતીમાં ગુજરાત રાજય સેવા અધિનિયમ–૧૯૭૧ની કલમ ૧૯(૧) અ માં સરકારી કર્મચારી/અધિકારીઓની સ્થાયી મિલ્કતની વિગત પુરી પાડવાની જોગવાઈ છે. પરંતુ પરદેશની મુસાફરી કે પરદેશમાં ભણતા પુત્રના અભ્યાસના ખર્ચની વિગત રજુ કરવાની જોગવાઈ જણાતી નથી. એવો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે જયારે મુદ્દા નં.૧,૨, ૭ થી ૯ અને ૧૩ની આંશિક માહિતી પેટે અધિકારીની સ્થાયી મિલ્કત અંગેના નિયત નમુનામાં રજુ કરેલ પત્રક, એ આર.ટી.આઈ.એકટની કલમ ૮ (૧)(ઠ) મુજબ ત્રાહિતને લગતી માહિતી હોય સર્વોચ્ચ અદાલતના આર.ટી.આઈ. એકટ સંદર્ભેના કેસના ચુકાદાને આધિન જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય પણ યોગ્ય જણાતો હોય, અરજદારની, અસ્પષ્ટ, અધુરી અને અયોગ્ય માહિતી પુરી પાડવાની રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય અપીલ અંગે વિશેષ કાંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૩૮
તા.૦૨/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ…. જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૨/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી સરવર હુસેન નગદ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૫/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૨૨ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૨/૦૪/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/2/13-14.

અરજદારશ્રી સરવર હુસેન નગદએ તા.૧૫/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૨૨ થી નિયમાનુસારની ફી રૂા.૨૦/– રસીદ નં.૫૯૩૮૫ તા.૧૫/૦૨/૧૩ થી ભરી શ્રી મોહનભાઈ દારૂવાલા, ઝોનલ ચીફ , સેન્ટ્રલ ઝોનની મિલ્કત, વિદેશ પ્રવાસનો ખર્ચ તેમજ તેમના પુત્રની જોબ/ અભ્યાસ વિગેરેની કુલ–૦૭ મુદ્દાઓથી માહિતી માંગેલી છે. જે સેન્ટ્રલ ઝોનના તા.૨૧/૦૨/૧૩ના પત્ર નં.૩૨૫૬ થી સેકશન ઓફિસર(મહેકમ) અને હાઉસીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૧/૦૨/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજીનાં લાગત મુદ્દા નં.૧ થી ૪ અને ૭ સંદર્ભેની લાગત માહિતી તૈયાર કરી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૯૩૭ થી નિયમાનુસારની જરૂરી નકલ ફી રૂા.૨૦/– ભરવાની અરજદારને જાણ કરવામાં આવેલી છે. સદર પત્ર અત્રે પરત મળેલ નથી તે જોતા અરજદારને નકલ ફી ભરવાની જાણ કરતો પત્ર મળી ગયેલ હોવાનુ જણાય છે.

ઉપરોક્ત હકીકત હોવાછતાં અરજદારે જે તે વિભાગમાં તપાસ કર્યા વગર કે ફી ભરી નકલ / માહિતી મેળવી લેવાને બદલે સીધેસીધી અપીલ અધિકારીને અપીલ કરેલી હોવાનું જણાય છે. જેથી સદરહુ કિસ્સામાં અરજદારે જરૂરી નકલ ફી ભરી માહિતી / નકલો મેળવી લીધા બાદ તેનાથી અસંતોષ હોય તો અપીલ કરવાની રહે છે. સદર કિસ્સામાં તેમ થયેલ હોવાનુ નથી. જેથી અપીલ અરજી દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૫/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૨૨ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૯૩૭ થી નિયમાનુસારની નકલ ફી રૂા.૨૦/– ભરવાની અરજદારને જાણ કરવામાં આવેલ છે. તેમછતાં જે તે વિભાગમાં તપાસ કર્યા વગર કે ફી ભરી નકલ / માહિતી મેળવી લેવાને બદલે સીધેસીધી અપીલ અધિકારીને અપીલ કરેલી હોવાનું જણાય છે. જેથી સદરહુ કિસ્સામાં અરજદારે જરૂરી નકલ ફી ભરી માહિતી / નકલો મેળવી લીધા બાદ, તેનાથી અસંતોષ હોય તો અપીલ કરવા અરજદાર સ્વતંત્ર છે. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૩૭
તા.૦૨/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી સરવર હુસેન નગદ પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૩/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી સરવર હુસેન નગદ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૫/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૨૩ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૪/૦૪/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/3/13-14.

અરજદારશ્રી સરવર હુસેન નગદએ તા.૧૫/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૨૩ થી સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતિ અધિકારી પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી પરમાર સાહેબે ડીઝાસ્ટર મેનેજમેન્ટની ગાઈડ લાઈન્સની અવગણના કરી નદી કિનારી લગોલગ પાછલા ૩ વર્ષોમાં કેટલા બાંધકામોને મંજુરી આપી. સેન્ટ્રલ ઝોનના કાર્યભાર સંભાળ્યા બાદ કેટલા બાંધકામોની રજાચીઠ્ઠી આપી? નોકરીમાં જોડાયા ત્યારની અને હાલની મિલ્કત, કેટલો પગાર, સંતોનો કેટલા? આજદિન સુધી કયા કયા વિભાગોમાં નોકરી કરી, તેમની સામે કોઈ ફોજદારી ગુના થયેલ છે. તેમના સમય દરમ્યાન કેટલા ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ કાર્યવાહી થયેલ છે. વિગેરે બાબતોની માહિતી માંગેલ, તે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી માટે સેન્ટ્રલ ઝોનના તા.૨૧/૨/૧૩ના પત્ર નં.૩૨૫૭ થી મધ્યસ્થ મહેકમ અને મધ્યસ્થ હાઉસીંગ વિભાગન જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ થયેલ છે. તે અરજીના લાગત મુદ્દા નં.૩,૬ અને ૭ ની પુરે પુરી / આંશિક માહિતી પેટે આપવો જોગ માહિતી તૈયાર કરી સેકશન ઓફીસર (મહેકમ) અને જ ાહેર માહિતી અધિકારીએ તા.૫/૩/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૦૬ થી નિયમોનુસારની નકલ ફી રૂા.૪/– ભરવા માટે અરજદારને જાણ કરેલ છે. જાહેર માહિતી અધિકારીના પુર્તતા રીપોર્ટ મુજબ અરજદારે આજદિન સુધી સદરહું નકલ ફી ભરેલ નથી. / નકલ ફી ભર્યાની જાણ મધ્યસ્થ મહેકમને થયેલ નથી. અને ફકત ૩ અને ૬ મુદ્દાની માહિતી છોડીને બીજા ૫ મુદ્દાની માહિતી આપેલ નથી. તે માહિતી સેન્ટ્રલ ઝોનમાં મૌજુદ હોવાછતા કાર્યપાલક ઈજનેરે કરેલી ગેરરીતી અને ગુનાહિત પ્રવૃતિઓને પર્દાફાશ થઈ શકે તે માટે જ માહિતી આપેલ નથી તે અપાવવા હુકમ કરવા માટે અપીલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત બાબતો અંગે અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૫/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૨૩ સંદર્ભે મુદ્દા નં.૩, ૬ અને ૭ની પુરેપુરી / આંશિક માહિતી માટે નિયમાનુસારની નકલ ફી ભરવા માટે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૫/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૦૬ થી અરજદારને જાણ કરેલ છે. તે અનુસંધાને અરજદારે આજદિન સુધી નકલ ફી ભરેલ નથી. નકલ ફી ભર્યાની જાણ મધ્યસ્થ મહેકમ વિભાગને થયેલ નથી કે નકલ ફી ભરવાની જાણ કરતો પત્ર મધ્યસ્થ મહેકમ વિભાગમાં પરત થયેલ નથી. તે સંજોગોમાં અરજદારે જરૂરી નકલ ફી ભરી માહિતી મેળવી લીધા બાદ તેનાથી જો અસંતોષ / નારાજ હોય તો અપીલ કરવાની રહે છે. આ કિસ્સામાં આવુ થયેલ ન હોવાથી અપીલ અંગે કંઈ જ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૫/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૨૩ સંદર્ભે મુદ્દા નં.૩, ૬ અને ૭ની પુરેપુરી / આંશિક માહિતી માટે નિયમાનુસારની નકલ ફી ભરવા માટે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૫/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૦૬ થી અરજદારને જાણ કરેલ છે. તે અનુસંધાને અરજદારે આજદિન સુધી નકલ ફી ભરેલ નથી. નકલ ફી ભર્યાની જાણ મધ્યસ્થ મહેકમ વિભાગને થયેલ નથી કે નકલ ફી ભરવાની જાણ કરતો પત્ર મધ્યસ્થ મહેકમ વિભાગમાં પરત થયેલ નથી. તે સંજોગોમાં અરજદારે જણાવ્યા મુજબની જરૂરી નકલ ફી ભરી માહિતી મેળવી લીધા બાદ, તેનાથી જો અસંતોષ / નારાજ હોય તો અપીલ કરવાની રહે છે. અપીલ અંગે કંઈ જ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૮૫
તા.૦૩/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી સરવર હુસેન નગદ પ્રતિ..જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૪/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૨૭ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૫/૦૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/4/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૫/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૨૭થી સને ૨૦૦૮–૦૯માં ૨૭ ગાર્ડન સુપરવાઈઝરોની ખાલી જગ્યાની જાહેરાત તથા તે સંદર્ભે નિમણુંક પામેલ ગાર્ડન સુપરવાઈઝરની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલ, લેખિત મૌખિક ઈન્ટરવ્યુંની માહિતી, ઉત્તરવહીઓની નકલો, અનુભવના પ્રમાણપત્રોની નકલો, સેવાપોથીના પ્રથમ પાનાની નકલ, નિમણુંકનું સ્થળ અને પર્સનલ ઈન્ટરવ્યુ લેનાર / સ્ટાફ સીલેકશન કમિટીના અધિકારીઓના નામ અને પોસ્ટની માહિતી માંગેલી તે અંગે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ મહેકમ વિભાગની પુરેપુરી / આંશિક લાગત મુદ્દા નં.૧, ૨, ૫ અને ૮ની માહિતી તા.૧૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૫૦૯૮થી પુરી પાડેલી છે. અરજદારે અનુભવના પ્રમાણપત્ર હોવાછતા આપેલ નથી અને તાત્કાલીક મૌખિક ઈન્ટરવ્યું અને તે જ દિવસે સેટીંગ અનુસાર નિમણુંક ઓર્ડર પણ આપેલ હોવાથી નારાજ હોવાનુ જણાવી તા.૦૫/૦૪/૧૩ના રોજ અપીલ કરેલ છે.

અરજદારે તા.૧૫/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૨૭થી માંગેલી માહિતીમા દરેક જગ્યાએ ૨૭ ગાર્ડન સુપરવાઈઝરની માહિતીની માંગણીનો ઉલ્લેખ કરેલ છે પરંતુ હકીકતે સુપરવાઈઝર–ગાર્ડનની જગ્યા ભરવા માટે તા.૧૮/૦૬/૦૮ની જાહેરાત ક્રમાંકઃપીઆરઓ/૧૩૪ /૨૦૦૮–૦૯માં ફક્ત ચાર ગાર્ડન સુપરવાઈઝરની જગ્યા ભરવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે તેની તે જાહેરાતની નકલ અરજદારને મુદ્દા નં.૧ સંદર્ભે પુરી પાડવામાં આવેલ છે. અરજદારે મુદ્દા નં.૨થી ૨૭ ગાર્ડન સુપરવાઈઝરના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અને મુદ્દા નં.૫ થી અનુભવના પ્રમાણપત્રોની નકલ માંગેલી છે. તે સંદર્ભે આરટીઆઈ એક્ટની કલમ ૮ (૧) (ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યક્તિના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી" તે મુજબ તેમજ હાલમાં નામ.સુપ્રિમ કોર્ટના લીવ પીટીશન નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદાને ધ્યાને લઈ માહિતી નકારવામાં આવેલી છે. જ્યારે મુદ્દા નં.૮ની માહિતી પુરી પાડવામાં આવેલી છે.

ઉપરોક્ત હકીકત જોતા અરજદારને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૮ની માહિતી પુરી પાડવામાં આવેલી છે. જ્યારે મુદ્દા નં.૨ અને ૫ ની માહિતી આરટીઆઈ એક્ટની કલમ ૮ (૧) ઠની જોગવાઈ તેમજ નામ.સુપ્રિમ કોર્ટની સ્પે.લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ના ચુકાદાને ધ્યાને રાખી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાનુ નકારેલ છે. જે યોગ્ય જણાતુ હોય અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૨૭ થી માંગેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૮ ની માહિતી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૯૮ થી પુરી પાડવામાં આવેલી છે. જ્યારે મુદ્દા નં.૨ અને ૫ ની માહિતી આરટીઆઈ એક્ટની કલમ ૮ (૧) ઠની જોગવાઈ તેમજ નામ.સુપ્રિમ કોર્ટની સ્પે.લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ના ચુકાદાને ધ્યાને રાખી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાનુ નકારેલ છે. જે યોગ્ય જણાતુ હોય અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૮૮
તા.૦૩/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૫/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૪/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૧૮ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૫/૦૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/5/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૪/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૧૮થી ચીફ સીકયુરીટી ઓફિસર તરીકેની શ્રી આર.ડી. સુર્યવંશીની શૈક્ષણિક લાયકાત અનુભવ તથા અન્ય લાયકાતની માહિતી, ચીફ સીકયુરીટી ઓફિસરની ભરતી અંગેની જાહેરાતની નકલ, શૈક્ષણિક અને અનુભવના પ્રમાણપત્રોની નકલ, લેખિત પરીક્ષા આપેલ હોય તો ઉત્તરવહી અને સ્ટાફ સીલેકશન સમિતિના સભ્યોના નામ પોસ્ટ સહિતની માહિતી મજકુર ચીફ સીકયુરીટી ઓફિસર, વયમર્યાદાથી કે કોઈ સિધ્ધીથી તેની નકલ અરજી પત્રકની માહિતીની નકલ તઅબ લાયસન્સથી માહિતગાર છે કે કેમ ? તેમજ ગુજરાત રાજય સેવા અધિનિયમ ૧૯૭૧ની કલમ–૧૯ (૧) અનુસારની માહિતીની માંગણી કરેલી, તેના અનુસંધાને સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૧/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૫૦૭૮થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત પુરેપુરી / આંશિક માહિતી માટે મુદ્દા નં.૧ ચીફ સીકયુરીટી ઓફિસર શ્રી આર.ડી. સુર્યવંશીની શૈક્ષણિક લાયકાત અનુભવ તથા અન્ય લાયકાતની માહિતીની નકલ તેમજ મુદ્દા નં.૭ મજકુર અધિકારીની અસ્કયામત અને સંપતિ સંબંધી માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ નકારેલ છે અને તેની વધુ જાણકારી માટે નામ.સુપ્રિમ કોર્ટના આરટીઆઈ સંબંધેના ચુકાદાની નકલ અગાઉ પુરી પાડેલ છે તે ધ્યાને લેવા જણાવેલ છે તે યોગ્ય જણાય છે. મુદ્દા નં.૨ અને ૪ મજકુર ચીફ સીકયુરીટી ઓફિસરની ભરતી તેમજ જાહેરાત અનુસંધાને શ્રી આર. ડી. સુર્યવંશીની નિમણુંક સીકયુરીટી ઓફિસર તરીકે કરવામાં આવેલ છે, નહી કે ચીફ સીકયુરીટી ઓફિસર તરીકે, તેઓને માત્ર ચીફ સીકયુરીટી ઓફિસર તરીકે વધારાનો ચાર્જ આપવામાં આવેલ છે અને તેથી મુદ્દા નં.૩ સંદર્ભે તેમણે વયમર્યાદાથી કે અન્ય સિધ્ધિ લાયકાત બતાવીને મેળવેલ છે તે અસ્થાને જણાય છે. તેમજ મુદ્દા નં.૪થી મજકુર અધિકારીની ચીફ સીકયુરીટી અધિકારી તરીકે ભરતી સમયેના અરજી પત્રકની માહિતીનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આમ, અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૪/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૧૮ અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી માટે સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૧/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૭૮ થી પુરી પાડેલ માહિતી યથાયોગ્ય જણાતી હોય, અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોવાથી દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૪/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૧૮ અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી માટે સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૧/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૭૮થી મુદ્દા નં.૧ અને ૭, આરટીઆઈ એકટની કલમ ૮ (૧)(ઠ)ની જોગવાઈ મુજબ નકારેલ છે. જે યથાયોગ્ય જણાય છે અને મુદ્દા નં.૨ તથા ૪ ની માહિતી પેટે શ્રી આર.ડી.સુર્યવંશીની નિમણુંક સીકયુરીટી ઓફિસર તરીકે કરવામાં આવેલ છે નહી કે ચીફ સીકયુરીટી ઓફિસર તરીકે તેઓને માત્ર ચીફ સીકયુરીટી ઓફિસર તરીકે વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ છે અને તેથી મુદ્દા નં.૩ સંદર્ભે તેમણે વયમર્યાદાથી કે અન્ય સિધ્ધિ લાયકાત મેળવેલ છે તે અસ્થાને જણાય છે તેમજ મુદ્દા નં.૪ થી મજકુર અધિકારીની ચીફ સીકયુરીટી અધિકારી તરીકેની ભરતી સમયેના અરજી પત્રકની માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોવાથી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૬૫૮
તા. ૦૭/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૬/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૧૩૧ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૫/૦૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/06/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૧૩૧થી કુલ ૮ મુદ્દાઓથી માહિતી માંગેલી.જે સેન્ટ્રલ ઝોનથી તા.૨૫/૦૨/૧૩ના પત્ર નં.૩૩૦૩ થી મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ અને પર્સોનેલ ઓફિસરશ્રી (સેન્ટ્રલ ઝોન)ને તબદીલ થયેલ છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૬/૦૨/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. તે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૪/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૧૫૦ થી પુરી પાડેલ છે. સદર પુરી પાડેલ માહિતીમાં મહેકમ અને રીક્રુટમેન્ટ વિભાગમાં પાંચ વર્ષથી ૧૫ વર્ષ સુધી એક જ જગ્યાએ ચીટકી બેઠેલાઓની સંખ્યા ઘણી મોટી હોવાથી નારાજ થઈ, સદરહુ વિભાગના ઘણા વર્ષોથી એક જ વિભાગને ચીટકીને બેઠેલ છે. તેઓની ટ્રાન્સફર અંગેની માંગેલ માહિતી આપવા વિનંતી કરેલ છે. "સદર બાબત ઘ્યાને લેતા અરજદારને મધ્યસ્થ મહેકમ અને રીક્રુટમેન્ટ વિભાગમાં લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓની બદલી સિવાયની અન્ય માહિતીથી સંતોષ હોવાનું જણાય છે" પરંતુ બદલી સંદર્ભે પણ સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૪/૦૩/૧૩ ના પત્ર નં.૫૧૫૦ થી સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની બદલી અંગે કોઈ અલાયદા નિયમો ઘડવામાં આવેલ નથી. પરંતુ અત્રેના વિભાગ હસ્તકના મહેકમ શીડયુલ પર ફરજ બજાવતા જુદી જુદી કેડરના કર્મચારી/અધિકારીઓની બદલી અંગે ખાતાકીય રીપોર્ટના અનુસંધાનમાં તથા વહીવટી સરળતા ખાતર સમયાતરે સક્ષમ સત્તાના આદેશ હેઠળ જરૂરી કચેરી હુકમો કરવામાં આવે છે.

આમ, અરજદારની માંગણી મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે. બદલી અંગેની માહિતી માટે જાહેર માહિતી અધિકારીની ઉક્ત વિગત ઘ્યાને લેવા અરજદારને જણાવવા જોગ છે. અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોવાથી દફતરે કરવાજોગ જણાય છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૧૩૧થી તે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૪/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૧૫૦ થી પુરી પાડેલ છે. અરજદારને મધ્યસ્થ મહેકમ અને રીક્રુટમેન્ટ વિભાગમાં લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓની બદલી સિવાયની અન્ય માહિતીથી સંતોષ હોવાનું જણાય છે. પરંતુ બદલી સંદર્ભે પણ સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૪/૦૩/૧૩ ના પત્ર નં.૫૧૫૦ થી સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની બદલી અંગે કોઈ અલાયદા નિયમો ઘડવામાં આવેલ નથી. પરંતુ અત્રેના વિભાગ હસ્તકના મહેકમ શીડયુલ પર ફરજ બજાવતા જુદી જુદી કેડરના કર્મચારી/અધિકારીઓની બદલી અંગે ખાતાકીય રીપોર્ટના અનુસંધાનમાં તથા વહીવટી સરળતા ખાતર સમયાતરે સક્ષમ સત્તાના આદેશ હેઠળ જરૂરી કચેરી હુકમો કરવામાં આવે છે. જે યથા યોગ્ય જણાતુ હોય, અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોવાથી દફતરે  કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૬૫૯
તા.૦૭/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૭/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ–પી) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૧૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૧૩૨ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૬/૦૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/07/13-14.

અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાએ તા.૧૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૧૩૨ થી તેઓની તા.૦૫/૦૨/૧૩ના રોજના પત્ર તેમજ તા.૧૧/૦૨/૧૩ના રોજના પત્ર અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા તરફે થયેલ કાર્યવાહી કર્યાની નકલો સહિતની વિગતવાર માહિતીની માંગણી કરેલી, જે સેન્ટ્રલ ઝોનના તા.૨૫/૦૨/૧૩ના પત્ર નં.૩૩૦૪ થી કતારગામ ઝોન, વીજીલન્સ વિભાગ અને પેન્શન વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. જે પેન્શન વિભાગમાં તા.૨૬/૦૨/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી અનુસંધાને સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ જરૂરી કાર્યવાહી કરી અરજદારના તા.૦૫/૦૨/૧૩ તથા તા.૧૧/૦૨/૧૩ની કોઈપણ પ્રકારના પત્રો પેન્શન વિભાગને મળેલ ન હોવાથી તે સંદર્ભેની કાર્યવાહી કર્યા અંગેની વિગત અસ્થાને છે. અરજદારની તા.૧૬/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૩૨(સેન્ટ્રલ ઝોન)ને તા.૧/૩/૧૩ના પત્ર નં.૩૦૬૩ થી તબદીલ કરેલ છે અને તેની જાણ અરજદારને કરેલ છે. અરજદારે સદરહુ વિગતની તેમની અપીલ અરજીમાં ઉલ્લેખ કરેલ છે તે હકીકત ધ્યાને લેતા અપીલ કક્ષાએ અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૧૬/૦૨/૧૩ની આઈ.ડી.નં.૨૧૩૨થી માંગણી કરેલ તા.૦૫/૦૨/૧૩ તથા તા.૧૧/૦૨/૧૩ના અરજદારના પત્રો મધ્યસ્થ મહેકમ – પી વિભાગમાં પ્રાપ્ત થયેલ નથી. સેકશન ઓફિસર(મહેકમ–પી) અને જાહેર માહિતી અધિકારીએ અરજદારની મુળ અરજી સેન્ટ્રલ ઝોનને તા.૦૧/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ પી/૩૦૬૩ થી તબદીલ કરેલ છે અને તેની જાણ અરજદારને કરેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૬૮૦
તા.૦૮/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ–પી) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા પ્રતિ.....જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**<u>અપીલ અરજી નં.૮/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:**– અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૭/૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૨૮૭ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:**– અરજદાર મજકુરની તા.૧૦/૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/08/13-14.

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાએ તા.૦૭/૦૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૨૮૭ થી નાયબ અધિકારીશ્રી હરરાય ભટ્ટને કેટલા માસનુ એકટેન્શન આપ્યુ તેના ઠરાવની નકલ વિગેરે માંગણી કરેલ છે. જે સેન્ટ્રલ ઝોનના તા.૧૧/૦૩/૧૩ના પત્ર નં.૩૪૬૭ થી લીંબાયત ઝોનના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે. જે લીંબાયત ઝોનના તા.૨૬/૦૩/૧૩ના પત્ર નં.૧૦૫૯થી આંશિક માહિતી માટે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારી ને તબદીલ કરવામાં આવેલ છે. તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૮/૩/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી સંદર્ભે જરૂરી કાર્યવાહી કરી સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ નિયમાનુસારની નકલ ફી ભરપાઈ કરવા માટે તા.૨/૪/૧૩ના પત્ર નં.જીએડી/ ઇએસટી/૧૬ થી અરજદારને જાણ કરેલ છે. અરજદારે રસીદ નં.૧૮૦૮૫૯ તા.૬/૪/૧૩થી સદરહુ ફી ભરી દીધેલ હોય, સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૯/૪/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૬ થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. જેમાં મુદ્દા નં.૧ નાયબ આરોગ્ય અધિકારી શ્રી હરરાય ભટ્ટને કેટલા માસનુ એક્ષટેશન અપાયુ તે ઠરાવની માહિતી માંગેલ. તેની આંશિક માહિતીના અનુસધાને સામાન્ય સભા ઠરાવ ન.૪૩૬/૧૦ તા.૨૧/૭/૧૦ ની નકલ નિયમાનુસાર અરજદારને પુરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં પણ મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પડાયેલ માહિતીથી અસંતુષ્ટ હોવાનુ જણાવેલ ન હોય, અપીલ કક્ષાએ મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૦૭/૦૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૨૮૭ અનુસંધાને સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૯/૪/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૬ થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. જેમાં મુદ્દા નં.૧ નાયબ આરોગ્ય અધિકારી શ્રી હરરાય ભટ્ટને કેટલા માસનુ એક્ષટેશન અપાયુ તે ઠરાવની માહિતી માંગેલ. તેની આંશિક માહિતીના અનુસધાને સામાન્ય સભા ઠરાવ ન.૪૩૬/૧૦ તા.૨૧/૭/૧૦ ની નકલ નિયમાનુસાર અરજદારને પુરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં પણ મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પડાયેલ માહિતીથી અસંતુષ્ટ હોવાનુ જણાવેલ ન હોય, અપીલ કક્ષાએ મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૬૮૧
તા.૦૮/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા .....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ००૩. |

**અપીલ અરજી નં.૯/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી છગનલાલ દોલતરામજી મેવાડા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી છગનલાલ દોલતરામજી મેવાડાની તા.૨૩/૦૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૩૧૨ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૫/૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/09/13-14.

અરજદારશ્રી છગનલાલ દોલતરામજી મેવાડાએ તા.૨૨/૦૩/૧૩ની અરજી આઈ.ડી.નં. ૩૧૨થી સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારી પાસેથી મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસ ગુજરાતની સેવામાં કયા વર્ષ / માસમાં ફાળવણી થઈ , સર્વીસમાં જોડાયા ત્યારે તેમની/ કુટુંબની મિલ્કત પોતાના / કુટુંબીજનોના નામે કેટલા વાહનો કઈ બ્રાન્ડના ધરાવે છે તેની ખરીદ કિંમત સહીતની માહિતી તેમજ આ અગાઉ તેઓ ગુજરાતમાં કે ગુજરાત બહાર કયા સ્થળે કયા હોદ્દા ઉપર ફરજ બજાવતા હતા તે સમયે કચેરી ધ્વારા કોઈ કેસ કરવામાં આવેલ છે કે કેમ ? તે અંગેની માહિતી માંગેલી જે મધ્યસ્થ કચેરીના તા.૨૬/૦૩/૧૩ના પત્ર નં.સી./૩૩૪૧ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે તે તા.૨૮/૦૩/૧૩ના રોજ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. તે સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ ) અને જાહેર માહિતી અધિકારીએ કાર્યવાહી કરી ૧ થી ૪ મુદ્દા પૈકીની તમામ માહિતી મધ્યસ્થ મહેકમ ખાતાને લાગત ન હોય , જેથી નીલ માહિતી હોવાનુ તા.૦૩/૦૪/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫ થી અરજદારને જણાવેલ છે.વધુમાં અરજદારની મુળ અરજી મધ્યસ્થ કચેરી મારફત મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલ હોવાથી આ અરજી ગુજરાત સરકારશ્રીમાં તબદીલ થયેલ છે કે કેમ ? તે અંગે રૂબરૂ તપાસ કરતા મધ્યસ્થ કચેરીના તા.૦૨/૦૪/૧૩ના પત્ર નં.સી/૩૪થી સામાન્ય વહીવટ વિભાગને અરજી તબદીલ હોવાનુ જણાવેલ છે. તેની નકલ સામેલ છે.

અરજદાર તેમની અપીલમાં જણાવે છે કે નમુના "ક" માં માંગેલી માહિતી બીજા સત્તા મંડળ પાસે હોય તો તે સત્તા મંડળને અરજીની તબદીલી કરવી જોઈતી હતી તેને બદલે " નીલ" માહિતી દર્શાવી માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે જેથી અરજીની તબદીલી કરવા હુકમ ફરમાવવા જણાવેલ છે. તે અંગે જણાવવાનું કે, અરજદારની મુળ અરજી મધ્યસ્થ કચેરીમાં સ્વીકારવામાં આવેલ છે અને ત્યાંથી મધ્યસ્થ મહેકમ અને ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગને તા.૦૨/૦૪/૧૩ના પત્ર નં.સી/૩૪ થી તબદીલ થયેલ હોય, ફરીથી મધ્યસ્થ મહેકમ તરફથી ગુજરાત સરકારશ્રીને તબદીલ કરવાની જરૂરીયાત રહેતી નથી. માંગેલ માહિતીના તમામ મુદ્દાની માહિતી ગુજરાત સરકારશ્રીને લાગત હોવાથી મધ્યસ્થ મહેકમ વિભાગને માહિતી નીલ હોવાથી તે પ્રકારનો પ્રત્યુત્તર અરજદારને પાઠવવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રી છગનલાલ દોલતરામજી મેવાડાની તા.૨૩/૦૩/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૩૧૨ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ મધ્યસ્થ મહેકમ વિભાગને કોઈપણ મુદ્દાની માહિતી સ્પર્શતી નહી હોવાથી " નીલ" માહિતી આપેલ છે. જયારે અરજદારની અપીલ કક્ષાએ જે વિભાગને લાગત હોય તે વિભાગને તબદીલ કરવાની રજુઆત અંગે સદર અરજી મધ્યસ્થ કચેરીએ થી તા.૦૨/૦૪/૧૩ના પત્ર નં.સી/૩૪ થી ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કશુ કરવાનુ રહેતુ ન હોય અપીલ દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી છગનલાલ દોલતરામજી મેવાડાની તા.૨૩/૦૩/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૩૧૨ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ મધ્યસ્થ મહેકમ વિભાગને કોઈપણ મુદ્દાની માહિતી સ્પર્શતી નહી હોવાથી " નીલ" માહિતી આપેલ છે. જયારે અરજદારની અપીલ કક્ષાએ જે વિભાગને લાગત હોય તે વિભાગને તબદીલ કરવાની રજુઆત અંગે સદર અરજી મધ્યસ્થ કચેરીએ થી તા.૦૨/૦૪/૧૩ના પત્ર નં.સી/૩૪ થી ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કશુ કરવાનુ રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૭૨૯
તા.૧૦ /૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી છગનલાલ દોલતરામજી મેવાડા પ્રતિ.....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧૦/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી કલ્યાણજી બાબુરાવ સહાણે

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી કલ્યાણજી બાબુરાવ સહાણેની તા.૨૨/૦૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૯૨૩/૬૦૦/૩૦૨૮ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૪/૦૫/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/10/13-14.

અરજદારશ્રી કલ્યાણજી બાબુરાવ સહાણેએ તા.૨૨/૦૩/૧૩ની અરજી આઈ.ડી.નં.૯૨૩/૬૦૦/ ૩૦૨૮થી કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એ.હરપ્લાની સંબંધી કુલ ૧૧ મુદ્દાઓથી માહિતી માંગેલ છે. જે સાઉથ ઝોનના તા.૦૧/૦૪/૧૩ના પત્ર નં.સા.ઝોન/ટેક/૧ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જે તા.૦૪/૦૩/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. સદર અરજી સંદર્ભેના લાગત મુદ્દાઓની માહિતી અંગે સેકશન ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૦૪/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૩૨૭ થી જરૂરી નકલ ફી ભરવા માટે અરજદારને જાણ કરેલી. તે અનુસંધાને અરજદારે તા.૦૩/૦૫/૧૩ની રસીદ નં.૧૮૮૪૯૪થી નકલ ફી ભરી દેતા, સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૩/૦૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૫૭૬ થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. તેનાથી અરજદારે " મુદ્દા નં.૮ અને ૯ ની માહિતી છુપાવવામાં આવેલ છે તેમજ આ પત્ર સાથે સુપ્રિમ કોર્ટના જજમેન્ટની નકલ મોકલેલ છે. તેમા એવા કોઈ ઉલ્લેખ કરેલ નથી." એવુ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૮ માં " શ્રી ડી.એ.હરપ્લાનીની મહાનગરપાલિકા તેમજ અન્ય કોઈ સ્થળે તેમના કુટુંબીજનોના નામે કેટલી સ્થાવર અને જંગમ મિલ્કતો આવેલી " અને મુદ્દા નં.૯ થી "શ્રી ડી.એ.હરપ્લાનીએ રજુ કરેલ સ્થાવર અને જંગમ મિલ્કતના છેલ્લા પાંચ વર્ષના પત્રકોની નકલો" માંગેલી છે.તે સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ શ્રી ડી.એ.હરપ્લાનીની મિલ્કતને લગતી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ ઘ્યાને લેવા જોગ છે. એવુ જણાવી કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ " ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારી ને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી. " તે જણાવેલ છે.

વધુમાં હાલમાં નામ. સુપ્રિમ કોર્ટના સ્પે. લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ઘ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮–૧(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટની ઉકત જોગવાઈ તથા સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને ઘ્યાને લેતા અરજદાર ઘ્વારા માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ નથી. સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાની નકલ અવલોકન અર્થે અરજદારને પુરી પાડેલ છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા અરજદારની અરજીના મુદ્દા નં.૮ અને ૯ સંદર્ભે આપવામાં આવેલ માહિતી ઉચિત જણાતી હોય, અરજદારની અપીલ સંદર્ભે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતર કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી કલ્યાણજી બાબુરાવ સહાણેની તા.૨૨/૦૩/૧૩ની અરજી આઈ.ડી.નં.૯૨૩/૬૦૦/૩૦૨૮ અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતીના મુદ્દા નં.૮ અને ૯ અંગે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૩/૦૫/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૭૬ થી પુરી પાડેલ માહિતી યોગ્ય જણાતી હોય અરજદારની અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/ ૮૭૮
તા. ૨૨/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી કલ્યાણજી બાબુરાવ સહાણે પ્રતિ.....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧૧/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૨૧૦ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૪/૦૫/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/11/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં. ૨૨૧૦ થી કુલ – ૪ મુદ્દાઓથી માહિતી માંગેલી, જે સેન્ટ્રલ ઝોનના તા.૨૮/૦૨/૧૩ના પત્ર નં.૩૩૫૭ થી વરાછા ઝોનને તબદીલ થયેલી, વરાછા ઝોનથી આંશિક માહિતી માટે તા.૦૭/૦૩/૧૩ના પત્ર નં.૧૦૯૮થી મધ્યસ્થ મહેકમ વિભાગને અને મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી તા.૧૬/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૧૮૧ થી આંશિક માહિતી માટે રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. સદર અરજીના મુદ્દા નં.૧, ૩ અને ૪ ની આંશિક માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૨/૦૩/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૫૨૯૫ થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. જેમા મુદ્દા નં.૧ ની એસ.એસ.આઈ.શ્રી મરાઠે (કર્મ.નં.૧૧૫૯૮)ની અસ્કયામત અને સંપતિ અંગેની આંશિક માહિતી પેટે નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(સીવીલ)નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદાને ધ્યાને રાખી કર્મચારીની સંપતિ અંગેની માહિતી ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબની હોવાથી તે નકારેલ છે. મુદ્દા નં.૩ થી કર્મચારી મજકુર કઈ ખાલી જગ્યાની જાહેરાતના અનુસંધાનમાં નિમણુંક મેળવેલ છે. તે જાહેરાતની નકલ, અરજી પત્રક સાથે બિડાણ કરેલ શૈક્ષણિક લાયકાતના અનુભવના પ્રમાણપત્રોની નકલો માંગણી સંદર્ભે રેકર્ડ ઉપર ઉપલબ્ધ તા.૦૬/૦૨/૮૬ ની જાહેરાતની નકલ પુરી પાડેલ છે. જયારે શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રોની નકલ ઉપલબ્ધ નહી હોવાથી પુરા પાડેલ નથી તેમજ તે સંદર્ભે મુદ્દા નં.૧ ની પુર્તતાને ધ્યાને લેવા જણાવેલ છે. તેમજ મુદ્દા નં.૪ની આંશિક માહિતી પેટે સ્ટાફ સીલેકશન સમિતિની પ્રતિક્ષાયાદીની નકલ પુરી પાડેલ છે. જેમા સ્ટાફ સીલેકશન કમિટી અધિકારીઓના નામ અને પોસ્ટની માહિતી ઉપલબ્ધ છે.

આમ, મુદ્દા નં.૧ ની સંપતિ અંગેની આંશિક માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબની જણાતા નકારવામાં આવેલી છે તેની વિસ્તુત જાણકારીના અવલોકનાર્થે સુપ્રિમ કોર્ટના ચુકાદાની નકલો ધ્યાને લેવા જણાવેલ છે. મુદ્દા નં.૩ ની આંશિક માહિતીમાં માંગેલી જાહેરાતની નકલ પુરી પાડવામાં આવેલ છે. જયારે અનુભવના પ્રમાણપત્રો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોવાથી પુરા પાડવામાં આવેલ નથી. વધુમાં આવા પ્રમાણપત્રો રેકર્ડ ઉપર ઉપલબ્ધ થયા હોત તો પણ તે સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લેતા આરટીઆઈ કાયદાની કલમ ૮ (૧) (ઠ) મુજબની જોગવાઈ હેઠળની માહિતી હોય તે પુરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી રહેતી નથી તેથી જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. જયારે મુદ્દાનં.૪ ની આંશિક માહિતી પુરી પાડેલ છે. જે બાબતે કોઈ તકરાર નથી. તેથી અરજદારની અપીલ ટકી શકે તેમ નથી.જેથી અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬/૦૨/૧૩ની આઈ.ડી.નં.૨૨૧૦ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૫૫ થી અરજીના મુદ્દા નં.૧ ની સંપતિ અંગેની આંશિક માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબની જણાતા નકારવામાં આવેલી છે જે યોગ્ય જણાય છે. તેની વિસ્તુત જાણકારીના અવલોકનાર્થે સુપ્રિમ કોર્ટના ચુકાદાની નકલો ધ્યાને લેવા જણાવેલ છે. મુદ્દા નં.૩ ની આંશિક માહિતીમાં માંગેલી જાહેરાતની નકલ પુરી પાડવામાં આવેલ છે. જયારે અનુભવના પ્રમાણપત્રો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોવાથી પુરા પાડવામાં આવેલ નથી. વધુમાં આવા પ્રમાણપત્રો રેકર્ડ ઉપર ઉપલબ્ધ થયા હોત તો પણ તે સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લેતા આરટીઆઈ કાયદાની કલમ ૮ (૧) (ઠ) મુજબની જોગવાઈ હેઠળની માહિતી હોય તે પુરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી રહેતી નથી તેથી જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. જયારે મુદ્દાનં.૪ ની આંશિક માહિતી પુરી પાડેલ છે. જે બાબતે કોઈ તકરાર નથી. તેથી અરજદારની અપીલ ટકી શકે તેમ નથી.જેથી અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૯૧૬
તા. ૨૭/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ....જાણ માટે.

**અપીલ અરજી નં.૧૨/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીક્ત :–**

**વિષયઃ–** અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૦૪/૦૪/૧૩ની અરજી આઈ.ડી. નં.૧૭(અઠવા ઝોન)ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૮/૦૫/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/12/13-14.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટએ તા.૪/૪/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૭ (અઠવા ઝોન) થી ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, કાર્યપાલક ઈજનેરશ્રી તથા અઠવા ઝોનના તમામ ડે.ઈજનેર, આસી. ઈજનેર, જુની.ઈજનેરશ્રીએ કરેલ કામની વિગતો / વર્ક ડાયરી (છેલ્લા એક વર્ષની)ની પ્રમાણિત નકલ તેઓના વાહનભથ્થા બાબતે સા.સ.ઠ.નં.૬૯૬/૦૬ ની શરતોનુ પાલન થયેલ / ન થયેલની માહિતી, તમામ અધિકારીએ મેળવેલ કન્વેયન્સ / વાહનભથ્થુ / ગેસ/ પેટ્રોલ / ડીઝલ તથા વાહન ધરાવનારની લોગબુકની પ્રમાણિત નકલ તેમજ તેને લગતી આનુસાંગીક માહિતી, સદર વિગતો કદાચ ઉપલબ્ધ ન હોય / ગેરવલ્લે થયેલ હોય / ખોવાયેલ હોય / ચોરાયેલ હોય અથવા નાશ પામેલ હોય તો તે બાબતે ઉપરી અધિકારીશ્રીને કરેલ જાણ / થયેલ પોલીસ ફરીયાદ એફ.આઈ.આર.ની પ્રમાણિત નકલ તેમજ ખોવાયેલ / ગેરવલ્લે થયેલ હોય તો તે માટે જવાબદાર અધિકારીના હોદ્દા સહિતની માંગણી કરેલ. જેની આંશિક માહિતી માટે અઠવા ઝોનના નાયબ હિસાબનીશ અને મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારીને તા.૮/૪/૧૩ના પત્ર નં.૪૮થી તબદીલ કરવામાં આવેલી. મધ્યસ્થ કચેરીના તા.૧૫/૪/૧૩ના પત્ર નં.સી/૨૨૩ થી મધ્યસ્થ મહેકમના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલી, જે તા.૧૫/૪/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલી છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ની આંશિક માહિતીમાં મુદ્દા નં.૧ માં જણાવેલ અધિકારીઓ પૈકી ડે.કમિશ્નર શ્રી સી.વાય.ભટ્ટના વાહનભથ્થા સબંધી માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા તેની માહિતી પેટે ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટના વાહનભથ્થા સંદર્ભે માંગણી મુજબ "માહે એપ્રિલ–૧૨ થી માર્ચ–૧૩ સુધીના પે–રોલની વિગતો જોતા તેઓને વાહનભથ્થુ ચુકવવામાં આવતુ હોવાનુ જણાતુ નથી" તે સિવાયની અન્ય માહિતી મધ્યસ્થ મહેકમ ખાતાને લાગત જણાતી નથી. તે મુજબની માહિતી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૫૬૪ થી અરજદારને પુરી પાડેલ છે.

સદરહુ પુરી પડાયેલ માહિતીથી નારાજ થવાના વજુદવાળા ચોકકસ કારણો જણાવવાના બદલે, માહિતી પુરી પાડનાર જાહેર માહિતી અધિકારી ભ્રષ્ટ અને લાપરવાહ, બેદરકાર પોતાની ફરજ પ્રત્યે નિષ્ક્રીય હોય, શ્રી સી.વાય.ભટ્ટ અંગેની સંપુર્ણ માહિતી જાણી જોઈને છુપાવેલ છે. શ્રી સી.વાય.ભટ્ટ જે ગાડીમાં ફરે છે તેનો કન્વેયન્સ, ગેસ, પેટ્રોલ, ડિઝલ સહીતના ખર્ચમાં નીતિ નિયમો નેવે મુકી ભષ્ટ્રાચાર આચર્યો હોવાથી જ માહિતી છુપાવી હોવાનુ જણાવી માહિતી છુપાવનાર, પોતાનુ નામ છુપાવનાર સેકશન અધિકારીને વર્ગ–૪ માં તાકીદે બદલી કરી બદલીના હુકમ સહિત સંપુર્ણ માહિતી પુરી પાડવાનું જણાવી તેઓ ધ્વારા કરોડો રૂપિયાની કટકી લઈ બદલીઓ કરવાની તેમજ અધિકારીઓની ત્રણ વર્ષ બદલી ન કરી તે જ જગ્યાએ વર્ષો સુધી ટકાવી રાખી ઐતિહાસિક કૌભાડ/ ભષ્ટ્રાચાર કરવા જેવા અવાસ્તવિક અને આક્ષેપાત્મક કારણો રજુ કરેલ છે. તે સંદર્ભે જણાવવાનુ કે, શ્રી સી.વાય.ભટ્ટ હાલમાં ડે.કમિશ્નર તરીકે ફરજ બજાવતા હોય, તેઓની પગાર અંગેની કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા કરવામાં આવે છે. તેથી એપ્રિલ–૧૨ થી માર્ચ–૧૩ સુધીની પે–રોલની વિગતો ધ્યાને લેતાં તેઓને આ સમયગાળામાં વાહનભથ્થુ ચુકવવામાં આવેલ નથી અને તે રેકર્ડ આધારિત માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલી છે. જયારે વાહનની ફાળવણી કરવી કે તે સંદર્ભેની આનુસાંગિક કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત કરવામાં આવતી નથી કે તે અંગેની જાણ સુધ્ધાં મધ્યસ્થ મહેકમને કરવામાં આવતી નથી. જેથી આવી માહિતી મધ્યસ્થ મહેકમ લેવલે થી આપી શકાય નહિ. વધુમાં અરજદારે મુળ અરજી સાઉથ વેસ્ટ ઝોન (અઠવા ઝોન)માં આપેલી છે અને ત્યાંથી આંશિક માહિતી માટે મધ્યસ્થ મહેકમ અને અઠવા ઝોનના ડે.એકાઉન્ટન્ટને તબદીલ કરવામાં આવેલી છે. વિભાગીય વડાને ગાડી ફાયર વિભાગ (કોમન પુલ)માંથી ફાળવવામાં આવે છે તથા આવી રીતે ફાળવેલ ગાડીનું નિયમન પણ ફાયર વિભાગના (કોમન પુલ) ધ્વારા કરવામાં આવે છે. તે ધ્યાને લેતા સાઉથ વેસ્ટ(અઠવા) ઝોને આ વિભાગને અરજી તબદીલ કરી હોવાનુ રેકર્ડ જોતા જણાતુ નથી. આમ મધ્યસ્થ મહેકમ વિભાગને તો સદર અરજી ત્રીજા તબકકે તબદીલ થયેલી છે. તે જોતા લાગત માહિતી જ પુરી પાડવાની રહેતી હોય, તે રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલી છે. પરંતુ અરજદારે મુળ અરજી સાઉથ વેસ્ટ (અઠવા ) ઝોનમાં કરેલી છે. અઠવા ઝોન તરફથી ફાયર વિભાગના કોમન પુલને અરજી તબદીલ કરવાની રહેતી હતી

પરંતુ તેમ થયેલુ ન હોય અરજદારને માંગેલી માહિતી મળી શકે તેવા શુભ આશયથી આરટીઆઈ એક્ટની કલમ ૭ (૬) ની જોગવાઈ મુજબ વિનામુલ્યે માહિતી પુરી પાડવા અરજદારની મુળ અરજી ફાયર વિભાગના કોમન પુલ વિભાગને તબદીલ કરવા સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવા જોગ છે. વધુમાં અપીલની મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત વિગતો અંગે કશુ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવાની રહે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટએ તા.૪/૪/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૭ (અઠવા ઝોન) સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૨/૦૫/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૬૪ થી શ્રી સી.વાય.ભટ્ટ હાલમાં ડે.કમિશ્નર તરીકે ફરજ બજાવતા હોય, તેઓની પગાર અંગેની કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા કરવામાં આવે છે. તેથી એપ્રિલ–૧૨ થી માર્ચ–૧૩ સુધીની પે–રોલની વિગતો ધ્યાને લેતાં તેઓને આ સમયગાળામાં વાહનભથ્થુ ચુકવવામાં આવેલ નથી અને તે રેકર્ડ આધારિત માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલી છે. જયારે વાહનની ફાળવણી કરવી કે તે સંદર્ભેની આનુસાંગિક કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત કરવામાં આવતી નથી કે તે અંગેની જાણ સુધ્ધાં મધ્યસ્થ મહેકમને કરવામાં આવતી નથી. જેથી આવી માહિતી મધ્યસ્થ મહેકમ લેવલે થી આપી શકાય નહિ. વધુમાં અરજદારે મુળ અરજી સાઉથ વેસ્ટ ઝોન (અઠવા ઝોન)માં આપેલી છે અને ત્યાંથી આંશિક માહિતી માટે મધ્યસ્થ મહેકમ અને અઠવા ઝોનના ડે.એકાઉન્ટન્ટને તબદીલ કરવામાં આવેલી છે. વિભાગીય વડાને ગાડી ફાયર(કોમન પુલ)માંથી ફાળવવામાં આવે છે તથા આવી રીતે ફાળવેલ ગાડીનું નિયમન પણ ફાયર વિભાગના (કોમન પુલ) ધ્વારા કરવામાં આવે છે. તે ધ્યાને લેતા સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનએ આ વિભાગને અરજી તબદીલ કરી હોવાનુ રેકર્ડ જોતા જણાતુ નથી. આમ મધ્યસ્થ મહેકમ વિભાગને તો સદર અરજી ત્રીજા તબકકે તબદીલ થયેલી છે. તે જોતા લાગત માહિતી જ પુરી પાડવાની રહેતી હોય, તે રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલી છે. પરંતુ અરજદારે મુળ અરજી સાઉથ વેસ્ટ (અઠવા )ઝોનમાં કરેલી છે. અઠવા ઝોન તરફથી ફાયર વિભાગના કોમન પુલને અરજી તબદીલ કરવાની રહેતી હતી પરંતુ તેમ થયેલ ન હોય, અરજદારને માંગેલી માહિતી મળી શકે તેવા શુભ આશયથી આરટીઆઈ એક્ટની કલમ ૭ (૬) ની જોગવાઈ મુજબ વિનામુલ્યે માહિતી પુરી પાડવા અરજદારની મુળ અરજી ફાયર વિભાગના કોમન પુલ વિભાગને તબદીલ કરવા સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવે છે. વધુમાં અપીલની મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત વિગતો અંગે કશુ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૧૦૪૨
તા.૦૩/૦૬/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ પ્રતિ... જાણ માટે.
**નકલ સ.રવાના:** જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી, સાઉથ વેસ્ટ ઝોન પ્રતિ..... જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ००૩.

**અપીલ અરજી નં.૧૬/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીક્ત :–**

**વિષયઃ–** અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૫/૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૪૦૦ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૬/૦૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/16/13-14.

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાએ તા.૨૫/૩/૧૩ની અરજી આઈડી નં.૨૪૦૦ થી શ્રી વી.જી.પટેલ (૧૧૮૪૩) જુની.ઈજનેરની મિલ્કત સંદર્ભેની ત્રણ મુદ્દાઓથી માહિતી માંગેલી છે. જે સેન્ટ્રલ ઝોનના તા.૨૮/૩/૧૩ના પત્ર નં.૩૬૨૨થી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ થયેલ છે અને ત્યાંથી તા.૨/૪/૧૩ ના પત્ર નં.ટીડીઓ/૩ થી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે. તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨/૪/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજીમાં મુખ્યત્વે શ્રી વી.જી.પટેલની રત્ન સાગર સોસા.ની મિલ્કતની કુલ ક્ષેત્રફળ જણાવી તેની હાલની બજાર કિંમતની માહિતી તેમના ઈન્ડસ્ટ્રીયલ પ્લોટનું ક્ષેત્રફળ જણાવી તે કયા આવકના સ્ત્રોતમાથી મેળવેલ છે તેમજ તેની બજાર કિંમતની માહિતી માંગેલી છે અને ૧૩ વીઘા જમીન સરનામુ બરાબર વંચાતુ નથી તે તેઓની સામે તેમના પુત્રના નામે ખરીદેલ છે. તેની બજાર કિંમત બગોસ જણાવેલ છે. તેની હાલની બજાર કિમત જણાવવા તેમજ તે કયા આવકના સ્ત્રોતમાંથી મેળવેલ છે. તેની સ્પષ્ટ અને પારદર્શી માહિતીની માંગણી કરેલી. તેના અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિત પેટે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને તા.૯/૪/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૭ થી "આરટીઆઈ એકટ અન્વયે ભૌતિક સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે જોતા માગેલી માહિતી અભિપ્રાય/ મંતવ્ય/ જસ્ટીફીકેશન માંગવા સ્વરૂપની હોવાથી તે અંગે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ક્રમાંક : પરચ/૧૦૨૦૧૨/૩/આરટીઆઈ સેલ તા.૧૩/૧/૧૨ સાથે સામેલ ભારત સરકારશ્રીના તા.૧૬/૯/૧૧ ના પત્ર નં.૧/૧૮/૨૦૧૧/ આઈઆરની નકલ ધ્યાને લેવા જણાવેલ તે પુરી પાડેલ છે. તેમજ વર્ગ–૧ અને ૨ ના અધિકારીઓએ દર વર્ષે જાન્યુઆરીમાં મિલ્કતની માહિતી નિયત પત્રકમાં રજુ કરવા પરિપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. તે મુજબ સદર માહિતી ઉપલબ્ધ છે. પરંતુ તેઓની મિલ્કત સબંધી રજુ કરાયેલ માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તે આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ નથી" તે મુજબની માહિતી પુરી પાડેલ છે.

ઉકત માહિતીથી નારાજ થઈ, સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને તા.૯/૪/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૭ થી મુદ્દા નં.૧ થી ૩ માં આરટીઆઈ એકટ ૮(૧)(ઠ) થી 'ના'નો જવાબ પાઠવેલ છે. તેની સાથે જોડેલા બે પત્રો શંકાસ્પદ જણાય છે. ડે.કમિશ્નરશ્રી(ફા)ના તા.૧/૩/૧૨ના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૮૦ થી પરિપત્રિત થયેલ સરકારશ્રીના સમાન્ય વહીવટી વિભાગના પત્ર તેમાં જણાવેલ ૧ તી ૧૩ વિભાગને લાગુ પડે છે. જેમાં છેકછાક કરવામાં આવેલ છે. તે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનુ નામ ન હોવાથી તે જાણી જોઈને અરજદારને ગેરમાર્ગે દોરવા જણાવાયેલ હોવાની રજુઆત કરેલ છે. વધુમાં મધ્યસ્થ કચેરીના તા.૨૨ ફેબ્રુઆરીના પત્ર નં.જી/૨૭૪૦ થી પત્રમાં છેકછાક કરેલ છે અને તે ફકત કલેકટર કચેરીના પીઆરઓ શાખાને જણાવેલ છે તેમાં પર્સોનેલ ઓફીસર, સેન્ટ્રલ ઝોન (મહેકમ)એ તા.૨૮/૨/૧૨થી ખોટી રીમાર્કસ મારેલ છે. તેમજ ભારત સરકાર, ન્યુ.દિલ્હી ના તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૧૧ એ તેમાં જણાવેલ ૧ થી ૬ ડીપાર્ટમેન્ટના અધિકારીઓને લાગત છે. એસ.એમ.સી.ને આ પત્ર સાથે કશુ લાગતુ વળગતુ નથી." એવી રજુઆત કરી માંગેલી માહિતી આપવા વિનંતી કરેલ છે.

સદરહુ બાબતે જણાવવાનુ કે, અરજદારે માંગેલ માહિતી ભૌતિક સ્વરૂપની નહી હોવાથી તેની વિસ્તૃત જાણકારી માટે સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારીએ તા.૯/૪/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૭ થી અરજદારને ડે.કમિશ્નરશ્રી(ફા.) અને નોડલ ઓફીસરશ્રીના તા.૧/૩/૧૨ના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૮૦ થી તમામ અપીલ અધિકારી / જાહેર માહિતી અધિકારી / મદદનીશ જાહેર માહિતી અધિકારી પ્રતિ પાઠવેલ પત્રની નકલ પુરી પાડેલ છે. જેમાં કલેકટર કચેરીના તા.૧૪/૨/૧૨ના પત્રથી ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના તા.૧૩/૧/૧૨ના પત્ર ક્રમાક : પરચ/૧૦૨૦૧૨/૩– આઈટીઆઈ સેલ સહિત ભારત સરકારશ્રીના તા.૧૬/૯/૧૧ના પરિપત્ર નં.૧/૧૮/૨૦૧૧– આઈઆરની નકલો જાણ અર્થે સામેલ કરેલ છે. જેમાં કલેકટરશ્રીનો પત્ર કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા પ્રતિ રવાના કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. સરકારશ્રીમાં તા.૧૩/૧/૧૨ના પત્ર ક્રમાક : પરચ/૧૦૨૦૧૨/૩ આરટીઆઈ સેલમાં રવાના કરેલ અધિકારીઓના લીસ્ટમાં ક્રમ નં.૨ માં "અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો"નો સ્પષ્ટ ઉલ્લેખ થયેલ છે. તેમાં શહેરી વિકાસ ને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો પણ સમાવેશ થઈ જતો હોય અરજદારની શહેરી

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

વિકાસ વિભાગને ન જણાવેલ હોવાની વિગત બિન પાયેદાર છે. ભારત સરકારશ્રીના તા.૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૧ ના નં.૧/૧૮/૨૦૧૧ આઈઆરથી જણાવેલ ચુકાદો લાગત તમામ વિભાગને ધ્યાને લાવવા જણાવેલ છે અને તેની કોપી તમામ રાજયોના ચીફ સેક્રેટરીઓને મોકલવામાં આવેલ છે. તેથી સદર પત્ર સુરત મહાનગરપાલિને લાગતો વળગતો નથી એવી અરજદારની રજુઆત પણ પાયાવિહોણી છે.

આમ, અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૫/૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૪૦૦ થી માંગેલી માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત આંશિક માહિતી પેટે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીના તા.૯/૪/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી /૯૭૭ થી પુરી પાડેલી માહિતીમાં – "માંગેલી માહિતી ભૌતિક સ્વરૂપની નહી હોવા અંગેની વિગત તેમજ અધિકારીની મિલ્કત સંદર્ભેના નિયત નમુનામાં રજુ થયલ વિગતો આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબની વિગત" અંગેનો સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. તેમજ તેની વિસ્તૃત જાણકારી માટે તેમણે પુરી પાડેલ ગુજરાત સરકારશ્રી, ભારત સરકારશ્રીના પત્રોની માહિતી સુરત મહાનગરપાલિકાને લાગતી વળગતી નથી એવી અરજદારની રજુઆત પણ પાયાવિહોણી જણાતી હોય, તેમની અપીલ અંગે કશુ ન કરતા તે દફતરે કરવા જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૫/૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૪૦૦ થી માંગેલી માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત આંશિક માહિતી પેટે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીના તા.૯/૪/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી /૯૭૭ થી પુરી પાડેલી માહિતીમાં – "માંગેલી માહિતી ભૌતિક સ્વરૂપની નહી હોવા અંગેની વિગત તેમજ અધિકારીની મિલ્કત સંદર્ભેના નિયત નમુનામાં રજુ થયલ વિગતો આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબની વિગત" અંગેનો સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. તેમજ તેની વિસ્તૃત જાણકારી માટે તેમણે પુરી પાડેલ ગુજરાત સરકારશ્રી, ભારત સરકારશ્રીના પત્રોની માહિતી સુરત મહાનગરપાલિકાને લાગતી વળગતી નથી એવી અરજદારની રજુઆત પણ પાયાવિહોણી જણાતી હોય, તેમની અપીલ અંગે કશુ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/ ૧૦૧૫
તા.૩૧/૦૫/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા પ્રતિ.....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧૮/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી વિપુલ એમ.ભાલાળા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી વિપુલ એમ.ભાલાળાની તા.૧૬/૦૪/૧૩ની અરજી આઈ.ડી. નં.૪૪(ઈસ્ટ ઝોન)ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૭/૦૬/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/18/13-14.

અરજદારશ્રી વિપુલ એમ.ભાલાળાએ તા.૧૭/૬/૧૩ થી સેકશન ઓફીસરશ્રી (મહેકમ)ના તા.૧૮/૫/૧૩ થી પાઠવેલ માહિતીમાં પોતાની માંગેલી માહિતી મળેલ નથી. એવુ જણાવી તે સામે અપીલ કરેલ છે. જે ઈસ્ટ ઝોન (વરાછા)ના તા.૧૭/૬/૧૩ના પત્ર નં.૧૫ થી અત્રે તબદીલ થયેલ છે. તે જ તારીખે સદર પત્ર અત્રે પ્રાપ્ત થયેલ છે. અરજદારે અપીલ સાથે મુળ અરજીના ત્રણ મુદ્દાઓ તેમજ સેકશન ઓફીસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૮૨૯ થી પુરી પાડેલ માહિતીની પત્રની નકલ રજુ કરેલ છે. સદરહુ બાબતે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીનો પુર્તતા રીપોર્ટ માંગતા તે પ્રાપ્ત થયેલ છે. સદર તમામ વિગતો ધ્યાને લેતા હકીકત નીચે મુજબ છે.

અરજદારશ્રી વિપુલ એમ.ભાલાળાએ તા.૧૬/૪/૧૩ની અરજી આઈ.ડી.નં.૪૪ (વરાછા ઝોન)થી લીલયા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી પાસે કેટલીક વિગતો માંગેલી છે. તેની સાથે સુરત મહાનગરપાલિકા સંલગ્ન કુલ–૧૨ મુદ્દાઓની માહિતી માંગતી અરજી પુર્વ ઝોન (વરાછા)ના નાગરીક સુવિધા કેન્દ્રમાં રજુ કરેલી. જે વરાછા ઝોનના તા.૧૭/૪/૧૩ના પત્ર નં.૪૪ થી, લીલયા તાલુકાના જાહેર માહિતી અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને તથા સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલી. તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૬/૪/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજીના લાગત મુદ્દાઓ અંગે ઘટીત કાર્યવાહી કરી સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૩/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૭૪૩ થી માહિતી માટેની જરૂરી નકલ ફી રૂ.૨૭૪/– ભરવાની જાણ કરતો પત્ર નં.જીએડી/ ઇએસટી/૭૪૩ તા.૧૩/૫/૧૩ અરજદારને પાઠવેલ. જેમાં ખાતાને લાગત દફતરની રૂબરૂ ચકાસણી કરવાનો પણ વિકલ્પ આપેલ છે. સદરહુ પત્ર સંદર્ભે અરજદારને તા.૧૮/૫/૧૩ની રસીદ નં.૧૨૦૨૨૭ થી જરૂરી ફી ભરતા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૮૨૯ થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. આ માહિતી પુરી પાડેલ હોવા છતાં અરજીના મુદ્દા નં.૩,૫ અને ૬ની માહિતી મળેલ નથી એવુ જણાવી તા.૧૭/૬/૧૩થી અપીલ કરેલ છે.

સદર બાબતે જણાવવાનુ કે, અરજદારે તેમની તા.૧૬/૪/૧૩ના મુળ અરજીના મુદ્દા નં.૩,૫ અને ૬ થી માંગેલી માહિતી તેમજ મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડેલ માહિતીની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૩: | ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ નં.PGR/102009/64 Pay Cell(M) નો પત્ર સંદર્ભ રાજય સરકારના તમામ વિભાગોમાં ઉપરોકત પત્રનો અમલ થયેલ છે કે કેમ? તેની વિભાગો મુજબ માહિતી આપવી તથા તમામ વિભાગોમાં ઉપરોકત પરિપત્રના અમલ અર્થે થયેલ ઠરાવોની નકલ આપવી. સુરત મહાનગરપાલિકામાં ઉપરોકત પરિપત્ર સંદર્ભે શું કાર્યવાહી થયેલ / થનાર છે. તેની વિગત આપવી. |
| પુર્તતાઃ– | અરજદાર ધ્વારા જણાવેલ નાણાં વિભાગના ઠરાવ તારીખ જણાવવામાં આવેલ નથી તેમજ તે કયા વિષય અંગેનો ઠરાવ છે તે અંગેની માહિતી જણાવેલ ન હોય, અપુરતી વિગતોના કારણસર માહિતી પુરી પાડી શકાય તેમ નથી. |
| મુદ્દા નં.૫: | સુરત મહાનગરપાલિકામાં આસી.ઈજનેર તથા જુની.ઈજનેરની ભરતી અંગેનો ગુણોત્તરની વિગત આજદિન સુધી થયેલ ઠરાવની નકલ આપવી. |
| પુર્તતાઃ– | ઉપરોકત બાબતે કોઈ નીતિ નકકી કરવામાં આવેલ નથી. |
| મુદ્દા નં.૬: | સુરત મહાનગરપાલિકામાં અત્યાર સુધી સુપરવાઈઝરમાંથી જુની.ઈજનેર બનેલ કર્મચારીની વિગત અનુક્રમ નંબર, જુની.ઈજનેરનું નામ, સુપરવાઈઝર તરીકેનો નિયત અનુભવ(ઓછાથી વધુ) રીમાર્કસમાં આપવી. |
| પુર્તતાઃ– | જુની.ઈજનેર(સીવીલ)ની જગ્યા સુપરવાઈઝર(સીવીલ)માંથી બઢતીના ધોરણે ભરવામાં આવે છે. જુની.ઈજનેર(સીવીલ)નું સીનીયોરીટી લીસ્ટ તા.૩૧/૧૨/૧૨ની સ્થિતીનું આ સાથે સામેલ છે. (પાના નંગ–૭) |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

સદરહુ મુદ્દાઓની વિગત ધ્યાને લેતાં મુદ્દા નં.૩ માં જણાવેલ ગુજરાત સરકારશ્રીના ઠરાવની તારીખ કે વિષય નહી જણાવતા તે કારણસર માહિતી પુરી પાડી શકાયેલ નથી. હવે અપીલ અરજીમાં ઠરાવ નં.પીજીઆર/૧૦૨૦૦૯/૬૪ તા.૧૪/૧૦/૧૧ દર્શાવેલ છે અને ઠરાવની વિગત જણાવેલ છે. તે અંગે જાહેર માહિતી અધિકારીએ સરકારશ્રીના નાણા વિભાગની વેબસાઈટ પર સર્ચ કરતા તે તારીખનો ઠરાવ ઉપલબ્ધ થઈ શકેલ નથી. પરંતુ અપીલમાં જણાવેલ ઠરાવની વિગતોને ધ્યાને રાખી ચકાસણી કરતા તે વિગતનો સદરહુ ઠરાવ નં.પીજીઆર/૧૦૨૦૧૦/૬૪ તા.૧૪/૯/૧૧ જણાયેલ છે. તે ઠરાવની સુરત મહાનગરપાલિકામાં અમલવારી અંગે હિસાબી શાખામાં પત્ર વ્યવહાર કરતા ત્યાંથી પ્રાપ્ત થયેલ વિગતોની જાણ અરજદારને કરવા જોગ છે. મુળ અરજીમાં ઠરાવ સંદર્ભે અપુરતી વિગતના કારણે સરકારશ્રીમાં અરજી તબદીલ કરી શકાયેલ નથી તેમજ અપીલ અરજીમાં પણ ઠરાવ નંબર તથા તારીખ ખોટી જણાવેલ છે. તે હકીકત ધ્યાને લેતા, અરજદાર ઈચ્છુક હોય તો સદર ઠરાવના અમલ સંદર્ભે સરકારશ્રી કે તેના અન્ય વિભાગોમાં અરજી કરી માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.૫ બાબતે "કોઈ નીતિ નકકી કરવામાં આવેલ નથી". તે માહિતી યોગ્ય જણાય છે. જયારે મુદ્દા નં.૬ થી માંગેલી માહિતીમાં પુરી પાડેલ જુની.ઈજનેર (સીવીલ)ના સીનીયોરીટી લીસ્ટમાં નામ, નંબરનો સમાવેશ થઈ જાય છે. જયારે સુપરવાઈઝર તરીકેના નિયત અનુભવની રીમાર્કસ માંગેલી છે. તે અંગે સુપરવાઈઝરમાંથી જુની.ઈજનેર તરીકે પ્રમોશન આપવાની જોગવાઈ દર્શાવતા ઠરાવોની નકલો અરજદારે પુરી પાડવામાં આવેલ છે. તેમાંથી જરૂરી સંદર્ભ અરજદાર લઈ શકે છે એ અંગે કોઈ રીમાકર્સ આપવાની જરૂરીયાત જણાતી નથી કે આર.ટી.આઈ રીમાકર્સ આપવાની કાયદામાં જોગવાઈ પણ નથી. એ જોતાં અરજદારની અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ જણાતુ ન હોય, તે દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિપુલ એમ.ભાલાળાની તા.૧૬/૪/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૪૪ (ઈસ્ટ ઝોન) અનુસંધાને સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૮૨૯ થી પુરી પાડેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૨, ૪, અને ૭ થી ૧૨ અંગે અરજદારને કોઈ તકરાર નથી. મુળ અરજીના મુદ્દા નં.૫ સંદર્ભે પુરી પાડેલ માહિતી યોગ્ય જણાય છે. જયારે મુદ્દા નં.૬ સંદર્ભે પ્રમોશન અંગેના લાગત ઠરાવોની નકલો અરજદારને પુરી પાડવામાં આવેલ છે. તેમાંથી તેઓ માંગેલ માહિતીનો સંદર્ભ લઈ શકે તેમ છે. જયારે આવા ઠરાવોની નકલ પુરી પાડવામાં આવેલ હોય, ત્યારે તે અંગે કોઈ રીમાકર્સ આપવાની રહેતી નથી કે તે અંગેની આર.ટી.આઈ. કાયદામાં કોઈ જોગવાઈ પણ નથી. મુદ્દા નં.૩ માં સરકારશ્રીના ઠરાવની વિગત કે તારીખ જણાવેલ નથી કે અપીલ તબકકે આપવામાં આવેલ ઠરાવ નંબર અને તારીખ પણ ખોટી જણાવેલ છે. પરંતુ ઠરાવની વિગત ધ્યાને લઈ વેબસાઈટ પર સર્ચ કરતાં ઠરાવ નં.પીજીઆર/૧૦૨૦૧૦ તા.૧૪/૯/૧૧ જણાયેલ છે. તેનો સંદર્ભ લઈ સરકારશ્રીમાં કે તેના અન્ય વિભાગોમાં સદર ઠરાવનો અમલ થયેલ છે કે કેમ? તે અંગે સરકારશ્રીમાં અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. સદર ઠરાવની સુરત મહાનગરપાલિકામાં અમલવારી અંગે હિસાબી ખાતામાં પત્ર વ્યવહાર કરતા પ્રાપ્ત થયેલ માહિતીની જાણ, સરકારશ્રીના ઠરાવની નકલ સહિત અરજદારને આર.ટી.આઈ. કાયદાની કલમ ૭(૬) મુજબ વિના મુલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૧૮૬૦
તા. ૨૫/૦૭/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી વિપુલ એમ.ભાલાળા પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


**<u>અપીલ અરજી નં.૧૯/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૧/૦૫/૧૩ની અરજી આઈ.ડી. નં.૪૧૯ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૮/૦૬/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/19/13-14.

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટે તા.૨૧/૫/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૪૧૯ થી કુલ–૩ (ત્રણ) મુદ્દાઓની માહિતી માંગેલી, જે સેન્ટ્રલ ઝોનના તા.૨૭/૫/૧૩ના પત્ર નં.૬૩૫ થી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ)ને તબદીલ થયેલ છે. તે તા.૨૮/૫/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. પ્રાપ્ત થયેલ અરજી અંગે જરૂરી કાર્યવાહી કરી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૫/૬/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૨૩૨થી અરજીના મુદ્દા નં.૧ થી માંગવામાં આવેલ સંપુર્ણ માહિતી અલાયદી વગીકૃત કરેલ ઉપલબ્ધ ન હોય, મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ એમ્પ્લોઈઝ ડીટેઈલ્સમાંથી કલાસ–૧ અને કલાસ–૨ના અધિકારીઓની માહિતી / સંદર્ભ મેળવી શકો છો અથવા તેની નકલો મેળવવા માટે જરૂરી નકલ ફી ભરવાની અરજદારને જાણ કરેલ છે. તે નિર્ણયથી નારાજ થઈ અરજદારે " મુદ્દા નં.૨ મુજબની જે જે અધિકારીઓની ત્રણ વર્ષ બદલી કરવાની જેની જે જવાબદારી હોય તેવા અધિકારીઓની માહિતી તેમજ તેઓએ ૩ (ત્રણ) વર્ષમાં જે જે બદલીઓ કરી હોય તેની વિગતો સહિત મુદ્દા નં.૨ અને ૩ ની સંપુર્ણ માહિતી છુપાવી હોવાના કારણો" સહિતની સંપુર્ણ માહિતી કાયદાની કલમ ૭(૬) મુજબ પુરી પાડાવવા પોતાનુ નામ છુપાવનાર, અપીલ અધિકારીના નામની વિગતો છુપાવનાર, તેમજ મુદ્દા નં.૨,૩ની માહિતી જાણી જોઈને છુપાવનાર જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરી અરજદારને કલમ ૧ ૯ (૮) હેઠળ યોગ્ય વળતર ચુકવવા સહિતની દાદ અપાવવા તા.૧૮/૬/૧૩થી અપીલ કરેલ છે.

અપીલ સંદર્ભેના પુર્તતા રીપોર્ટમાં સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી છુપાવવાનો કોઈ હેતુ નથી પરંતુ અરજદાર ધ્વારા નિયત કરેલ ફીના નાણાં ભરપાઈ કર્યેથી તેઓને ફોરવડીંગ લેટર સાથે મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી સહિત દસ્તાવેજોની નકલ પુરી પાડવામાં આવી હોત , પરંતુ અરજદાર ધ્વારા અત્રેની જાણ મુજબ જણાવેલ ફીના નાણાં ભરપાઈ કરેલ નથી. અને અપીલ કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત જોતા અરજદારે માંગેલી માહિતીના ત્રણ મુદ્દા પૈકી સેકશન ઓફીસર (મહેકમ)એ મુદ્દા નં.૧ સંદર્ભેની કાર્યવાહી કરી વેબલાસટ ઉપરથી સંદર્ભ લેવા અથવા નકલો મેળવવા માટે જરૂરી નકલ ફી ભરવાની જાણ કરતો પત્ર નં.જીએડી/ઇએસટી/૧૨૩૨ પાઠવેલ છે. સામાન્ય રીતે અરજદારે માંગેલી માહિતીમાં દસ્તાવેજો આપવાના થતા હોય અને દસ્તાવેજો વગરની પણ માહિતી આપવાની થતી હોઈ તેવા કિસ્સામાં અરજદારને જરૂરી નકલ ફી ભરપાઈ કરવાની જાણ કરી, આવી નકલ ફી ભરાયા બાદ જે દસ્તાવેજો આપવામાં આવે તેની સાથે જ દસ્તાવેજો વગરની માહિતી પણ આપવામાં આવે છે. સદર કિસ્સામાં પણ જાહેર માહિતી અધિકારીએ આ પ્રથા અપનાવી હોવાનું જણાય છે. તેથી મુદ્દા નં.૨ અને ૩ ની દસ્તાવેજો વગરની માહિતી પુરી પાડેલ નથી તે હકીકત જોતાં મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી માટે કોઈ નકલ ફી નકકી કરવામાં આવેલ ન હોય, આવી માહિતી આર.ટી.આઈ. કાયદાની કમલ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારીને જણાવવા જોગ છે.એ જોતાં અરજદારની અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ જણાતુ ન હોય, તે દફતરે કરવાજોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી મહેન્દ્ર એ.બ્રહમભટ્ટની તા.૨૧/૫/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૪૧૯ ના અનુસંધાને અરજીના મુદ્દા નં.૨ અને ૩ થી માંગેલ માહિતી માટે કોઈ નકલ ફી નકકી કરવામાં આવેલ ન હોય, તેની માહિતી આરટીઆઈ એકટની કલમ ૭ (૬) હેઠળ વિનામુલ્યે દિન–૧૦ માં અરજદારને પુરી પાડવા માટે સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ છે.

નં.જીએડી/ઇએસટી/૧૫૪૨
તા.૫/૭/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૦/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી
**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધીની તા.૦૩/૦૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૫૧૧ના સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૧/૦૭/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/20/13-14.

અરજદારશ્રી આશીત જીતેન્દ્ર ગાંધીએ તા.૦૩/૦૬/૧૩ની અરજી આઈ.ડી.નં.૫૧ થી સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ મટન માર્કેટોને લગતી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગેલી જેમા ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ ચલાવવા થયેલા ઠરાવોની નકલ, માર્કેટ નિભાવવા મંજુર થયેલ ઠરાવોની નકલ, માર્કેટ દીઠ વેચાણ કર્તાઓની વેચાણવસ્તુ, અર્ધારીત સંખ્યા, માર્કેટનો ખરેખર નિભાવ ખર્ચ તેમજ માર્કેટ દીઠ આવકની માહિતી માંગેલી છે. વધુમાં તમામ ઝોન/વિભાગની માહિતી એકત્રિત કરી એકજ જગ્યાએથી માહિતી આપવાની વિનંતી કરેલ છે. તે માટે જરૂરી કોષ્ટક પત્રક પણ જણાવેલ છે. જે અરજી સેન્ટ્રલ ઝોનથી માર્કેટ વિભાગને માર્કેટ વિભાગ તરફથી તમામ ઝોનને અને છેવટે સેન્ટ્રલ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ અન્ય લાગત વિભાગો સાથે મધ્યસ્થ મહેકમ વિભાગને પણ તબદીલ કરેલ છે. જે મધ્યસ્ગ મહેકમ વિભાગને તા.૧૪/૦૬/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે.

પ્રાપ્ત થયેલી અરજીનો અભ્યાસ કરતા સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને અરજીના કોઈપણ મુદ્દાની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત ન જણાતા તા.૨૦/૦૬/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૩૦૬થી " માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લાગત નથી." તે મુજબની જાણ અરજદારને કરેલ છે.

અરજદારે કરેલ અપીલ અરજીમાં " પ્રશ્ન નં.૧,૨ અને ૪ જે વિભાગને લાગત છે તેને તબદીલ થયેલ નથી. પ્રશ્ન – ૫ કોષ્ટકમાં વિભાગ – ૬,૭, ૮ નો જવાબ આરોગ્ય વિભાગ પાસે હોય શકે છે કેમકે સફાઈ સાધન વગર સફાઈ શકય નથી તેમજ મટન માર્કેટ છે માટે જંતુનાશક દવાઓ/પદાર્થો વપરાય છે જેથી પ્રયત્ન કરી જવાબ અપાવશો વિભાગ ૧૩,૧૪નો જવાબ આપી શકાય તેમ છે કેમકે માર્કેટ ખુલ્યા અને બંધ રહયાના ચોકકસ દિવસો નોંધાય છે તે આપવા " વિનંતી કરેલ છે. અરજદારની મુળ અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાથી તે સંદર્ભે અપીલ પણ આ વિભાગને તબદીલ કરવામાં આવેલી છે. પરંતુ અપીલમાં મધ્યસ્થ મહેકમ વિભાગના જવાબથી નારાજ થયાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમજ અરજીના કોઈ મુદ્દાની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત ન હોય, અપીલ સંદર્ભે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધીની તા.૦૩/૦૬/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૫૧૧ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૦/૦૬/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૦૬ થી પાઠવેલ માહિતી અંગે અપીલ અરજીમાં મધ્યસ્થ મહેકમ વિભાગના જવાબથી નારાજ થયાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમજ અરજીના કોઈ મુદ્દાની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત પણ નથી. અરજદારની મુળ અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ હોવાથી જ તેમની અપીલ અરજી પણ મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય, અપીલ બાબતે કશુ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૧૫૮૮
તા.૯/૭/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


**<u>અપીલ અરજી નં.૨૧/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી ભીમસીંહભાઈ કાનજીભાઈ કોસંબીયા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ**– અરજદાર શ્રી ભીમસીંહભાઈ કાનજીભાઈ કોસંબીયાની તા.૩/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૫૧૯ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૦૮/૦૭/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/21/13-14.

અરજદાર શ્રી ભીમસીંહભાઈ કાનજીભાઈ કોસંબીયાએ તા.૩/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૫૧૯ થી કુલ ૧૫ મુદ્દાની માહિતી માંગેલ, જે સેન્ટ્રલ ઝોનથી ડે.ઈજનેર સેન્ટ્રલ ઝોન, પર્સોનેલ ઓફીસરશ્રી (સેન્ટ્રલ ઝોન) એટીપી વોર્ડ નં.૭, ૧૧ અને ૧૨ તેમજ મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તા.૪/૬/૧૩ના પત્ર નં.૭૫૭થી તબદીલ થયેલી. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૫/૬/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજીનો અભ્યાસ કરતા મુદ્દા નં.૨ થી ૫, ૯ અને ૧૩ની પુરેપુરી / આંશિક માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને જણાતાં તે સંદર્ભેની માહિતી તા.૨૮/૬/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૪૩૨થી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. સદર માહિતી "અધુરી ખોટા કારણો આપી કર્મચારીની તરફેણ કરેલ છે." જેવા કારણો બતાવી અપીલ કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૨ થી શ્રી ધર્મેશ મહેતા વોર્ડ ઈન્સ્પેકટર કયા પુરાવાના આધારે નોકરીએ લાગ્યા તેની પ્રમાણિત નકલોની માંગણી કરેલી છે. મુદ્દા નં.૩થી તેમણે રૂા.૫૦૦૦/– ઉપરની ખરીદેલ વસ્તુની યાદી રજુ કરેલ હોય તેની વિગતો માંગેલ છે. મુદ્દા નં.૪ અને ૫ થી અભ્યાસ / ડીગ્રીની પ્રમાણિત નકલો માંગેલી છે. મુદ્દા નં.૯ થી તેમણે ખરીદેલ રો હાઉસના ખરીદીના તમામ પેપર્સની માંગણી કરેલ છે અને મુદ્દા નં.૧૩ થી તેમના કુટુંબીજનોના નામે કેટલી મિલ્કતો છે. તેની માહિતી માંગેલી છે. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ આવી તમામ માહિતી આર.ટી.આઈ. કાયદાની નકલ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબની હોવાથી નકારેલી છે અને તેની છણાવટ પણ કરેલ છે. ઉપરાંત તાજેતરના સુપ્રિમ કોર્ટમાં આવી માહિતી સંદર્ભેના ચુકાદાની નકલ અવલોકનાર્થે પુરી પાડેલ છે.

સદરહું અપીલ સંદર્ભે નિર્ણય લેતા પહેલા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી પાસે કર્મચારી મજકુરની નોકરીમાં જોડાયા સમયે રજુ કરેલ અભ્યાસ / ડીગ્રીના પ્રમાણપત્રો અંગેનો રીપોર્ટ માંગવામાં આવતા તેમના તા.૨/૮/૧૩ના રીપોર્ટમાં જણાવ્યા મુજબ શ્રી ધર્મેશ એસ.મહેતા(કર્મ.નં.૧૯૮૨૨) સુરત મહાનગરપાલિકામાં સુપરવાઈઝર તરીકે તા.૨૫/૩/૧૯૯૬થી જોડાયા હતા તે સમયે રજુ કરેલ પ્રમાણપત્રોની નકલ, રેકર્ડ રૂલ્સ મુજબ ડે.કમિશ્નરશ્રી (સ્પે.)ની તા.૧૬/૬/૧૨ની મંજુરીથી રેકર્ડ વિભાગમાં નાશ કરવા માટે જમા કરાવવામાં આવેલ હોય, રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી રેકર્ડ નાશ કરવા સંદર્ભેની મંજુરી સહિત ખપપુરતા પાનાની નકલ સામેલ કરેલ છે.

અરજદારની અરજીના મુદ્દા નં.૨, ૪ અને ૫ થી કર્મચારી મજકુર નોકરીમાં જોડાયા ત્યારે રજુ કરેલ શૈક્ષણિક લાયકાત / ડીગ્રી અંગેના પ્રમાણપત્રો માંગેલા છે, જે રેકર્ડ રૂલ્સ મુજબ સક્ષમ સત્તાની મંજુરીથી નાશ કરવા રેકર્ડ વિભાગમાં મોકલવામાં આવેલ છે. મધ્યસ્થ મહેકમ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી અને આવી નકલો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ તે ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આપી શકાય નહિ. તથા મુદ્દા નં.૩,૯ અને ૧૩થી માંગેલ માહિતી કર્મચારીની અને તેમના કુટુંબીજનોની સ્થાવર/જંગમ મિલ્કત સંદર્ભેની હોય તે પણ ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આપી શકાય નહિ.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

ઉપરોક્ત હકીકત જોતા અરજદારશ્રીએ તા.૩/૬/૧૩ની મુળ અરજી આઈ.ડી. નં.૫૧૯(સેન્ટ્રલ ઝોન)થી માંગેલી કુલ ૧૫ મુદ્દાઓની માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાઓ નં.૨ થી ૫, ૯ અને ૧૩ની પુરેપુરી / આંશિક માહિતી કર્મચારી શ્રી ધર્મેશ મહેતા, વોર્ડ ઈન્સ્પેકટરની શૈક્ષણિક લાયકાત, અભ્યાસ, ડીગ્રી અંગેના તેઓ નોકરીમાં જોડાયા ત્યારે રજુ કરેલ પ્રમાણપત્રોની નકલ રેકર્ડ રૂલ્સ મુજબ સક્ષમ સત્તાની મંજુરીથી રેકર્ડ વિભાગમાં નાશ કરવા માટે જમા કરાવવામાં આવેલ હોય, મધ્યસ્થ મહેકમ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. આવી નકલો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ તે ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આપી શકાય નહિ. તેમજ તેમની તથા તેમના કુટુંબીજનોની સ્થાવર/જંગમ મિલ્કતોની માહિતી પણ ત્રાહિતને લગતી અંગત પ્રકારની માહિતી હોવાથી, સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૮/૬/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૪૩૨થી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ નકારેલ છે અને તે સંદર્ભે સુપ્રિમ કોર્ટના સરખા પ્રકારના કેસના ચુકાદાની નકલ અવલોકનાર્થે અરજદારને પુરી પાડેલ છે તે યોગ્ય જણાતી હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન તે દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ભીમસીહભાઈ કાનજીભાઈ કોસંબીયાએ તા.૩/૬/૧૩ની મુળ અરજી આઈ.ડી. નં.૫૧૯(સેન્ટ્રલ ઝોન)થી માંગેલી કુલ ૧૫ મુદ્દાઓની માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાઓ નં.૨ થી ૫, ૯ અને ૧૩ની પુરેપુરી / આંશિક માહિતી કર્મચારી શ્રી ધર્મેશ મહેતા, વોર્ડ ઈન્સ્પેકટરની શૈક્ષણિક લાયકાત, અભ્યાસ, ડીગ્રી અંગેના તેઓ નોકરીમાં જોડાયા ત્યારે રજુ કરેલ પ્રમાણપત્રોની નકલ રેકર્ડ રૂલ્સ મુજબ સક્ષમ સત્તાની મંજુરીથી રેકર્ડ વિભાગમાં નાશ કરવા માટે જમા કરાવવામાં આવેલ હોય, મધ્યસ્થ મહેકમ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. આવી નકલો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ તે ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આપી શકાય નહિ. તેમજ તેમની તથા તેમના કુટુંબીજનોની સ્થાવર/જંગમ મિલ્કતોની માહિતી પણ ત્રાહિતને લગતી અંગત પ્રકારની માહિતી હોવાથી, સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૮/૬/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૪૩૨થી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ નકારેલ છે અને તે સંદર્ભે સુપ્રિમ કોર્ટના સરખા પ્રકારના કેસના ચુકાદાની નકલ અવલોકનાર્થે અરજદારને પુરી પાડેલ છે તે યોગ્ય જણાતી હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ નથી આથી તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૧૯૯૬
તા.૩/૮/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી ભીમસીહભાઈ કાનજીભાઈ કોસંબીયા પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૨/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧/૫/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૬૧ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૯/૭/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/22/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧/૫/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૬૧ થી સેક્રેટરી વિભાગના જાહેર માહિતી અધિકારી પાસેથી કુલ ૭(સાત) મુદ્દાઓની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનના તા.૩/૫/૧૩ના પત્ર નં.૩૯૩થી આસી.સેક્રેટરીશ્રી, (સ્થાયી સમિતિ)ને તબદીલ કરવામાં આવેલી, આસી. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીએ અરજીના મુદ્દા નં.૧ થી ૩ અને ૫ ની માહિતી મધ્યસ્થ મહેકમને લાગત હોવાનું જણાવી તે વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૭/૫/૧૩ના પત્ર નં.૧૨ થી તબદીલ કરેલી છે. અરજીના સદર મુદ્દાની માહિતી સેકશન અફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૮/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૫૮ થી અરજદારને પુરી પાડેલી છે. અરજદાર મજકુરે તા.૯/૭/૧૩થી અપીલ કરેલ છે. અપીલ અરજીમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.૧ અંગે સ્થાયી સમિતિના ચાર ઠરાવની માહિતીની વિગત જણાવેલ છે. પરંતુ ઈજારદાર પેઢીના નામની વિગત જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ ઠરાવની નકલમાં ઈજારદાર પેઢીના નામની વિગત આવી જાય છે. મુદ્દા નં.૨ થી સદર કોન્ટ્રાકટર સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલનો ભત્રીજો થતો હોવાથી ઈજારો આપેલ જે અંગેની માહિતી માંગેલી. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ જે તે ઠરાવમાં પેઢીનું નામ આવી જતુ હોવાથી મુદ્દા નં.૧ ની માહિતી ધ્યાને લેવા જણાવેલ છે. મુદ્દા નં.૩ થી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીના ભત્રીજા મલ્ટીટેક કંપનીના ઈજારદાર રાકેશ ભીંગળીયાના કોમ્પ્યુટરના સર્ટીફીકેટ અંગેના તમામ ડોકયુમેન્ટ અને શૈક્ષણિક લાયકાતની માહિતી માંગેલી. તે અંગે જાહેર માહિતી અધિકારએ ઉપલબ્ધ રેકર્ડ મુજબ મલ્ટીટેક કંપનીના ઈજારદાર તરીકે શ્રી રાકેશભાઈ ભીંગળીયા નથી તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૫ની માહિતી બાબતે અરજદારને કોઈ તકરાર નથી. પરંતુ મુદ્દા નં.૪,૬ અને ૭ની માહિતી ન મળવાથી અરજદાર નારાજ, અસંતુષ્ટ અને પ્રભાવિત હોવાથી સેક્રેટરી વિભાગના એપેલેટ ઓફિસરશ્રીને અપીલ અરજી કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧/૫/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૬૧ ના કુલ –૭ મુદ્દા પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૩ અને ૫ સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૮/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૫૮ થી પુરી પાડેલ માહિતીથી અરજદાર નારાજ નથી. પરંતુ નં.૪,૬ અને ૭ ની માહિતી મળેલ નહિ હોવાથી તેનાથી નારાજ / અસંતુષ્ટ છે. જે મુદ્દાઓની માહિતી સેક્રેટરી વિભાગ તરફથી મળેલ નથી. અરજદારની અપીલ અરજી સેક્રેટરી વિભાગમાં પણ તબદીલ થયેલ હોય, તે અંગેનો નિકાલ સેક્રેટરી વિભાગ તરફથી કરવાનો રહે છે.સદર અપીલ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કશુ કરવાનુ બાકી રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧/૫/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૬૧ ના કુલ –૭ મુદ્દા પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૩ અને ૫ સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૮/૫/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૫૮ થી પુરી પાડેલ માહિતીથી અરજદાર નારાજ નથી. પરંતુ નં.૪,૬ અને ૭ ની માહિતી મળેલ નહિ હોવાથી તેનાથી નારાજ / અસંતુષ્ટ છે. જે મુદ્દાઓની માહિતી સેક્રેટરી વિભાગ તરફથી મળેલ નથી. અરજદારની અપીલ અરજી સેક્રેટરી વિભાગમાં પણ તબદીલ થયેલ હોય, તે અંગેનો નિકાલ સેક્રેટરી વિભાગ તરફથી કરવાનો રહે છે. સદર અપીલ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કશુ કરવાનુ બાકી રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૧૭૭
તા.૧૬/૦૮/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૨૩/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૬૪૫ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૩/૭/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/23/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૧/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૬૪૫ થી શ્રી આર.જે.પંડયા, ટાઉન પ્લાનર સબંધી કુલ–૫ (પાંચ) મુદ્દાઓની માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોનના તા.૧/૭/૧૩ ના પત્ર નં.૧૦૦૧ થી સેકશન ઓફીસર (મહેકમ) અને ડે.ટાઉન પ્લાનરશ્રીને તબદીલ થયેલી છે. તે તા.૨/૭/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. સદર અરજી ટાઉન પ્લાનીંગ વિભાગના તા.૧૦/૭/૧૩ ના પત્ર નં.૩૨૭થી પણ મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ લાગત હોવાનું જણાવી તબદીલ કરવામાં આવેલી છે. જે તા.૧૧/૭/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. પ્રાપ્ત થયેલ અરજી સંદર્ભે જરૂરી માહિતી તૈયાર કરી સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૫૬ થી અરજદારને પુરી પાડેલી છે.

પુરી પડાયેલ માહિતીથી નારાજ થઈ "શ્રી રાજેશ પંડયા ટાઉન પ્લાનીંગ વિભાગમાં એપેલેટ ઓફીસર છે અને આજ સુધીમા તા.૧૯/૩/૯૯ થી ૧૦ વર્ષથી ઉંપર ફરજ બજાવે છે અને ભ્રષ્ટાચારને શિષ્ટાચાર આજ સુધી માનતા આવેલ છે અને જંગમ અસ્કયામત ઉભી કરેલ છે. જેનો પર્દાફાસ કરવાનો હોવાથી સદર અપીલ અરજી કરેલ છે. પરંતુ સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તેઓને બચાવવા નિકળેલા છે જેથી તેઓને પ્રતિવાદી નં.૧ બનાવેલ છે. આમા પણ માહિતી માંગેલ મળશે નહિ તો બીજી અપીલ અરજી માટે તૈયાર રહેજો" એવુ જણાવી અપીલ કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૧ થી શ્રી રાજેશ પંડયાએ કઈ જાહેરાતના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકામાં નિમણુક મેળવી તેની જાહેરાતની નકલ માંગેલી છે. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ અધિકારી મજકુર ટાઉન પ્લાનર તરીકે સુરત મહાનગરપાલિકામાં નિમણુક પામ્યા તે જાહેરાતની નકલ પુરી પાડેલ છે. પરંતુ અરજદારે અધિકારી મજકુરની સૌપ્રથમની સુરત મહાનગરપાલિકામાં નિમણુંકની જાહેરાત માંગેલ હોવાનુ જણાય છે. પુર્તતા રીપોર્ટમાં જાહેર માહિતી અધિકારી જણાવે છે કે શ્રી રાજેશ પંડયા સૌપ્રથમ આસી.ઈજનેર તરીકે તા.૨૩/૮/૮૮ના રોજ જોડાયા હતા. ત્યારબાદ ડે.ટાઉન પ્લાનર તરીકે તા.૧૯/૩/૯૯ થી જોડાયા હતા, વધુમાં હિસ્ટ્રી કાર્ડ ધ્યાને લેતા તેઓ તા.૧૨/૬/૦૩ થી ટાઉન પ્લાનર તરીકે ફરજ બજાવતા હોવાનુ જણાય છે. અધિકારી મજકુરની પ્રથમની બે નિમણુંકની જગ્યા ભરવા માટે આપવામાં આવેલ જાહેરાતની નકલ રેકર્ડ રૂલ્સ મુજબ નાશના રેકર્ડ તરીકે રેકર્ડ વિભાગમાં જમા કરાવવામાં આવેલ હોય, રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. જેથી તેઓની ટાઉન પ્લાનરની જગ્યા ભરવા માટેની જાહેરાતની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ છે. અધિકારી મજકુરની પ્રથમ બે પોસ્ટ ઉપરની નિમણુક સંદર્ભેની જાહેરાની નકલ નાશ કર્યાના સક્ષમ સત્તાના આદેશની નકલ અરજદારને પુરી પાડવાનુ ઉચિત જણાય છે. મુદ્દા નં.૨ થી અધિકારી મજકુરની તે સમયની શૈક્ષણિક લાયકાત અને અનુભવની લાયકાત ધરાવતા હતા તેની માહિતીની નકલો માંગેલી છે. જયારે મુદા નં.૫ થી તેઓની અસ્કયામત સંદર્ભેની માહિતી માંગેલી છે. જે જાહેર માહિતી અધિકારીએ આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ઠ) થી નકારેલ છે, અને તાજેતરમાં સુપ્રિમ કોર્ટના આ સબંધેનો ચુકાદાની નકલ અવલોકાન અર્થે પુરી પાડેલ છે. જે ઉચિત જણાય છે. મુદ્દા નં.૩ થી નોકરીના સમયગાળા સંદર્ભે જાહેર માહિતી અધિકારી મજકુરની ફરજકાળ દર્શાવતુ પત્રક પુરૂ પાડેલ છે. મુદ્દા નં.૪ થી તેમની એક જ વિભાગની ફરજ ધ્યાને લઈને બદલી કરવા સંદર્ભેની જણાય છે. તે અંગે જાહેર માહિતી અધિકારીએ ડે. ટાઉન પ્લાનર અને ટાઉન પ્લાનરની જગ્યા ફકત ટાઉન પ્લાનીંગ વિભાગમાં જ હોવાથી અન્યત્ર બદલી કરવાનો પ્રશ્ન રહેતો નથી. તે મુજબની માહિતી આપેલી છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૬/૧૩ની અરજી આઈ.ડી.નં.૬૪૫ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૫૬ થી મુદ્દા નં.૨ થી શ્રી રાજેશ પંડયા સુરત મહાનગરપાલિકામાં સૌ પ્રથમ નોકરીમાં નિમણુંક પામ્યા તે સમયની અનુભવ અને શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલ તેમજ મુદ્દા નં.૫થી તેઓની મિલ્કત વિગેરે અસ્કયામતની માહિતી આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ઠ) મુજબની હોવાનુ જણાવેલ છે. તે ઉચિત જણાય છે. મુદ્દા નં.૩ સંદર્ભે ફરજકાળનુ પત્રક પુરૂ પાડેલ છે. મુદ્દા નં.૪ થી આટલા બધા વર્ષથી એક જ વિભાગમાં ફરજ કયા આધારે હાલ સુધી ચાલવા દેવા અંગે ડે.ટાઉન પ્લાનર અને ટાઉન પ્લાનરની જગ્યા ફકત ટાઉન પ્લાનીંગ વિભાગમાં જ હોવાથી અન્યત્ર બદલી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જયારે મુદ્દા નં.૧ની શ્રી રાજેશ પંડયાની સુરત મહાનગરપાલિકામાં પ્રથમ નિમણુંક, જે જાહેરાતના આધારે થયેલ છે તે જાહેરાત સક્ષમ સત્તાના આદેશાનુસાર રેકર્ડ રૂલ્સ મુજબ નાશ કરેલ હોય તો તેની નકલ અરજદારને પુરી પાડવાનું ઉચિત જણાતુ હોય, તે દિન–૧૦માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૬/૧૩ની અરજી આઈ.ડી.નં.૬૪૫ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૫૬ થી મુદ્દા નં.૨ થી શ્રી રાજેશ પંડયા સુરત મહાનગરપાલિકામાં સૌ પ્રથમ નોકરીમાં નિમણુંક પામ્યા તે સમયની અનુભવ અને શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલ તેમજ મુદ્દા નં.૫થી તેઓની મિલ્કત વિગેરે અસ્કયામતની માહિતી આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ઠ) મુજબની હોવાનુ જણાવેલ છે. તે ઉચિત જણાય છે. મુદ્દા નં.૩ સંદર્ભે ફરજકાળનુ પત્રક પુરૂ પાડેલ છે. મુદ્દા નં.૪ થી આટલા બધા વર્ષથી એક જ વિભાગમાં ફરજ કયા આધારે હાલ સુધી ચાલવા દેવા અંગે ડે.ટાઉન પ્લાનર અને ટાઉન પ્લાનરની જગ્યા ફકત ટાઉન પ્લાનીંગ વિભાગમાં જ હોવાથી અન્યત્ર બદલી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જયારે મુદ્દા નં.૧ની શ્રી રાજેશ પંડયાની સુરત મહાનગરપાલિકામાં પ્રથમ નિમણુંક, જે જાહેરાતના આધારે થયેલ છે તે જાહેરાત સક્ષમ સત્તાના આદેશાનુસાર રેકર્ડ રૂલ્સ મુજબ નાશ કરેલ હોય તો તેની નકલ અરજદારને પુરી પાડવાનું ઉચિત જણાતુ હોય, તે દિન–૧૦માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૨૨૭
તા. ૧૯/૦૮/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૪/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૮/૫/૧૩ની અરજી આઈ.ડી. નં.૪૬૭ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩૦/૭/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/24/13-14.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૮/૫/૧૩ની અરજી આઈ.ડી. નં.૪૬૭ થી કુલ–૬ (છ) મુદ્દાઓની માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોનથી તા.૨૯/૫/૧૩ના પત્ર નં.૬૯૨ થી રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ થયેલ છે અને રીક્રુટમેન્ટ વિભાગના તા.૧૫/૬/૧૩ના પત્ર નં.૨૪૩ થી, સદર અરજી આંશિક માહિતી મધ્યસ્થ મહેકમને લાગત જણાવી તે વિભાગને તબદીલ કરેલ છે. સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૬/૬/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૩૯૪ થી મુદ્દા નં.૩ સિવાયના બાકીઓના મુદ્દાઓની માહિતી પુરી પાડેલ છે. અરજદાર તા.૩૦/૭/૧૩ થી, સુરત મહાનગરપાલિકાની કચેરીના જવાબદાર પગારદારોએ ગોળગોળ જવાબ આપેલ અને જાણી જોઈને પોતાનો પુરેપુરો બચાવ કરીને માહિતી પાઠવેલ છે. આ માહિતીની રીક્રુટમેન્ટ વિભાગને લાગત હોય તેને મધ્યસ્થ મહેકમના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ફકત માહિતીને ગુચવવાનુ કાર્ય કરતા આવેલ છે અને દરેક આર.ટી.આઈ. એકટ અરજીમાં પોતે ન હોવા છતાં ધુસ મારે છે. જેનાથી તથા અરજદારે માંગેલી માહિતી પુરેપુરી ન મળવાથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી નિયમાનુસાર પર્સોનેલ ઓફીસર (આર) અને અપીલ અધિકારીશ્રીને કરેલ છે અને બાકી રહેલી માહિતી આપવા વિનંતી કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૧ થી મદદનીશ આરોગ્ય નિરીક્ષકની ૨૧ ખાલી જગ્યા માટેની જાહેરાતના અનુસંધાને ૬૩ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવામાં આવી, તેમાંથી ૨૧ ઉમેદવારોને નિમણુંક આપવાને બદલે પુરેપુરા ૬૩ ઉમેદવારોને લેવા અંગેની માહિતીની નકલ માંગેલ છે. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ સદર જગ્યાની તૈયાર કરેલ પ્રતિક્ષાયાદી તા.૨૧/૭/૮૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને તેમાં જણાવ્યા મુજબ પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષની દર્શાવવામાં આવેલ હોવાથી તે સમય મર્યાદામાં ખાતાની જરૂરીયાત મુજબ સક્ષમ સત્તાની મંજુરી અન્વયે નિમણુક આપવામાં આવેલ છે. હકીકત જોતા ખાલી જગ્યા કરતા વધુ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની કામગીરી રીક્રુટમેન્ટ વિભાગ મારફત કરવામાં આવતી હોય સદર મુદ્દાની માહિતી રીક્રુટમેન્ટ વિભાગ તરફથી આપવાની રહે છે. જયારે તેમાંથી નિમણુંક આપવાની માહિતી મહેકમ લેવલે હોય તે માહિતી મધ્યસ્થ મહેકમે પુરી પાડવાની રહે છે. જે પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨ની માહિતી પણ પ્રતિક્ષયાદીમાંથી ખાલી જગ્યા કરતા વધુ નિમણુંક આપવા સંદર્ભેની છે. જેનાથી મુદ્દા નં.૧ની આંશિક માહિતી પુરી પાડેલ છે. તેનો સમાવેશ થાઈ જાય છે. મુદ્દા નં.૩ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત નથી. મુદ્દા નં.૪થી તત્કાલિન કમિશ્નરશ્રીનું નામ, હાલમાં કયા વિભાગમાં તેમજ ધરના સરનામાની માહિતની નકલ માંગેલી તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ તત્કાલિન કમિશ્નરશ્રીના નામની માહિતી આપેલ છે. પરંતુ તેઓશ્રીના કાર્યકાળ બાદની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાં નિભાવવામાં આવતી ન હોય, અસમર્થતા દર્શાવેલ છે. મુદ્દા નં.૫ની મરાઠે રાજેન્દ્રકુમાર માધવરાવની નિમણુંક સામે વીજીલન્સ તપાસ અંગેની હોય, મધ્યસ્થ મહેકમ વિભાગના રેકર્ડ આધારીત માહિતી નીલ જણાવેલ છે. જયારે મુદ્દા નં.૬ની સુરત મહાનગરપાલિકામાં ચાલતી ગેરરિતી, કૌભાંડ વર્ષોથી ચાલતા હોવાનુ જણાવી, જેટલાએ લાયકાત વગર આર્થિક વહેવારથી નિમણુંક મેળવી હોય તે તમામ વીજીલન્સ તપાસ કરવા અંગેના સુચન/ફરીયાદ નિવારણ સ્વરૂપની છે. તે જોતા ભૌતિક સ્વરૂપે રેકર્ડ આધારીત માહિતી નહી હોવાથી જાહેર માહિતી અધિકારીએ અસમર્થતા દર્શાવેલ છે.

આમ, અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૮/૫/૧૩ અરજી આઈ.ડી. નં.૪૬૭ થી માંગેલ માહિતી પૈકી મદદનીશ આરોગ્ય નિરીક્ષકની નિમણુંક સંદર્ભેની આંશિક માહિતી "મધ્યસ્થ મહેકમ વિભાગ ઘ્વારા ઉપલબ્ધ પ્રતિક્ષયાદીમાંથી સમય મર્યાદામાં ખાતાની જરૂરીયાત મુજબ સક્ષમ સત્તાની મંજુરી મુજબ નિમણુંક અંગેના કચેરી હુકમ ઈસ્યુ કરવાની માહિતી યોગ્ય છે. તે જ માહિતી મુદ્દા નં.૨ ને પણ લાગુ પડે છે. મુદ્દ નં.૪થી માંગેલ માહિતીમાં તત્કાલિન

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

કમિશ્નરશ્રીનુ નામ આપવામાં આવેલ છે. જયારે તેઓના હાલનુ સરનામુ મધ્યસ્થ મહેકમના રેકર્ડ પર નિભાવવામાં આવતુ નથી જેથી અસમર્થતતા દર્શાવેલ છે. મુદ્દા નં.૫ ની વીજીલન્સ મારફત તપાસ અંગેની હોય આવી તપાસ અંગેની માહિતી મહેકમ લેવલે નીલ છે. જયારે મુદ્દા નં.૬થી મદદનીશ આરોગ્ય નિરીક્ષકની નિમણુંક સંદર્ભે સુચન/ફરીયાદ સ્વરૂપની હોય, રેકર્ડ ઉપર ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ નહી હોવાથી અસમર્થતા દર્શાવેલ છે. જે યોગ્ય જણાય છે. વધુમાં અરજદારે પણ મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી મારફત પુરી પાડેલ માહિતીથી નારાજ નથી પરંતુ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી બાકી રહેલી માહિતી પુરી પાડવા માટે પર્સોનેલ ઓફીસર (આર)ને અપીલ કરે.લ હોય મધ્યસ્થ મહેકમ લેવલે અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ કમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૮/૫/૧૩ અરજી આઈ.ડી. નં.૪૬૭ થી માંગેલ માહિતી પૈકી મદદનીશ આરોગ્ય નિરીક્ષકની નિમણુંક સંદર્ભેની આંશિક માહિતી "મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉપલબ્ધ પ્રતિક્ષયાદીમાંથી સમય મર્યાદામાં ખાતાની જરૂરીયાત મુજબ સક્ષમ સત્તાની મંજુરી મુજબ નિમણુંક અંગેના કચેરી હુકમ ઈસ્યુ કરવાની માહિતી યોગ્ય છે. તે જ માહિતી મુદ્દા નં.૨ ને પણ લાગુ પડે છે. મુદ્દ નં.૪થી માંગેલ માહિતીમાં તત્કાલિન કમિશ્નરશ્રીનુ નામ આપવામાં આવેલ છે. જયારે તેઓના હાલનુ સરનામુ મધ્યસ્થ મહેકમના રેકર્ડ પર નિભાવવામાં આવતુ નથી જેથી અસમર્થતતા દર્શાવેલ છે. મુદ્દા નં.૫ની વીજીલન્સ મારફત તપાસ અંગેની હોય આવી તપાસ અંગેની માહિતી મહેકમ લેવલે નીલ છે. જયારે મુદ્દા નં.૬થી મદદનીશ આરોગ્ય નિરીક્ષકની નિમણુંક સંદર્ભે સુચન/ફરીયાદ સ્વરૂપની હોય, રેકર્ડ ઉપર ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ નહી હોવાથી અસમર્થતા દર્શાવેલ છે. જે યોગ્ય જણાય છે. વધુમાં અરજદારે પણ મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી મારફત પુરી પાડેલ માહિતીથી નારાજ નથી પરંતુ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી બાકી રહેલી માહિતી પુરી પાડવા માટે પર્સોનેલ ઓફીસર (આર)ને અપીલ કરેલ હોય મધ્યસ્થ મહેકમ લેવલે અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૨૫૯
તા.૨૨/૮/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૨૫/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીક્ત :–**

**વિષયઃ–** અરજદારશ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૫/૩/૧૩ની અરજી આઈ.ડી. નં.૨૪૦૦ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૬/૦૪/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/25/13-14.

અરજદાર શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાએ તા.૭/૬/૧૩ની અરજી આઈ.ડી.નં.૫૫૮ થી હાઈડ્રોલીક વિભાગના શ્રી દિપક સોપારીવાલા સબંધી કુલ–૪ મુદ્દાઓથી માહિતી માંગેલી છે. જે સેન્ટ્રલ ઝોનના તા.૧૦/૬/૧૩ના પત્ર નં.૮૦૭ થી હાઈડ્રોલીક વિભાગ, ગાંધી સ્મૃતિ ભવન અને મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે, તે તા.૧૧/૬/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. સદર અરજી અંગે જરૂરી કાર્યવાહી કરી સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૬/૭/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/ ૧૫૬૭ થી લાગત માહિતી પુરી પાડેલ છે. અરજદાર મજકુરે ગાંધી સ્મૃતિ ભવન અને હાઈડ્રોલીક વિભાગ તરફથી પુરી પડાયેલ માહિતીથી નારાજ થઈ અપીલ કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૧ થી કર્મચારી શ્રી દિપક સોપારીવાલાની હાઈડ્રોલીક વિભાગમાં ૧૩ વર્ષ કામગીરી કરેલી હોવા છતાં, ફરીથી આ જ વિભાગમાં બદલી કરવા અંગેની માહિતીની નકલ માંગેલી, તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ કર્મચારીની માંગણીની ભલામણ દફતરે કર્યાની જાણ કરેલ છે. મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત નથી. મુદ્દા નં.૩ થી કર્મચારી મજકુર લાગવગની જોરે અહી આવ્યા તેની નકલ માંગેલી. તે અંગે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનુ જણાવેલ છે. જયારે મુદ્દા નં.૫ થી આ અધિકારી અહી આવશે તો અમો અરજદાર આર.ટી.આઈ. એકટ મુજબ લાંબી લડત આપીશું એવુ જણાવેલ, તે અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગત રજુઆત સ્વરૂપની જણાતી હોવાનું જણાવેલ છે. સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૬/૭/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૫૬૭ થી ઉકત માહિતી પુરી પાડેલ છે. પરંતુ તેનાથી નારાજ હોવાનું અરજદારે જણાવેલ નથી. તેમની નારાજગી માત્ર ગાંધી સ્મૃતિ ભવન અને હાઈડ્રોલીક વિભાગ તરફથી પુરી પડાયેલ મીહતી સંદર્ભેની હોય, મધ્યસ્થ મહેકમ લેવલે કઈ કરવાનુ રહેતુ ન હોય, અત્રેથી અપીલ અરજી દફતરે કરવાનું ઉચિત જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મુદ્દા નં.૧ થી કર્મચારી શ્રી દિપક સોપારીવાલાની હાઈડ્રોલીક વિભાગમાં ૧૩ વર્ષ કામગીરી કરેલી હોવા છતાં, ફરીથી આ જ વિભાગમાં બદલી કરવા અંગેની માહિતીની નકલ માંગેલી, તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ કર્મચારીની માંગણીની ભલામણ દફતરે કર્યાની જાણ કરેલ છે. મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત નથી. મુદ્દા નં.૩ થી કર્મચારી મજકુર લાગવગની જોરે અહી આવ્યા તેની નકલ માંગેલી. તે અંગે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનુ જણાવેલ છે. જયારે મુદ્દા નં.૫ થી આ અધિકારી અહી આવશે તો અમો અરજદાર આર.ટી.આઈ. એકટ મુજબ લાંબી લડત આપીશું એવુ જણાવેલ, તે અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગત રજુઆત સ્વરૂપની જણાતી હોવાનું જણાવેલ છે. સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૬/૭/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૫૬૭ થી ઉકત માહિતી પુરી પાડેલ છે. પરંતુ તેનાથી નારાજ હોવાનું અરજદારે જણાવેલ નથી. તેમની નારાજગી માત્ર ગાંધી સ્મૃતિ ભવન અને હાઈડ્રોલીક વિભાગ તરફથી પુરી પડાયેલ માહિતી સંદર્ભેની હોય, મધ્યસ્થ મહેકમ લેવલે કઈ કરવાનુ રહેતુ ન હોય, સદર અપીલ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કશુ કરવાનુ બાકી રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૨૯૧
તા.૨૬/૦૮/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા પ્રતિ.....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૨૬/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૪/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૫૨૩ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩/૮/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/26/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૪/૬/૧૩ની અરજી આઈ.ડી.નં.૫૨૩ થી તત્કાલીન સેન્ટ્રલ ઝોનના પર્સોનેલ ઓફીસરની મકાન ખરીદી તેમજ કાર અંગેની માહિતી પેટે કુલ –૩ મુદ્દાઓની માહિતી માંગેલી. જેના મુદ્દા નં.૧ની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાવી સેન્ટ્રલ ઝોનના તા.૧૦/૬/૧૩ના પત્ર નં.૮૧૭ થી તબદીલ કરેલ છે. તબદીલ થયેલ અરજીના મુદ્દા નં.૧ થી "પર્સોનેલ ઓફીસરેતા.૧૯/૯/૨૦૦૫ માં રૂા.૧૨,૫૦,૦૦૦/– શ્રી રામકૃષ્ણ રો હાઉસમાં મકાન ખરીદેલ ત્યારે સુરત મહાનગરપાલિકાના મે.કમિશ્નરશ્રી સાહેબની મંજુરી મેળવેલ હોય જેની માહિતીની નકલ" માંગેલી, તે સંદર્ભમાં સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨/૭/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૪૯૮ થી "હાલમાં સેન્ટ્રલ ઝોનમાં પર્સોનેલ ઓફીસર તરીકે શ્રી એચ.એસ.ભાવસાર ફરજ બજાવે છે. અત્રેના વિભાગ ધ્વારા કર્મચારી / અધિકારીઓ ધ્વારા રજુ કરાતા સ્થાયી મિલ્કત અંગેના પત્રક (પ્રર્ફોમા–૧) ની નિભાવણી કરવામાં આવે છે. આ અગાઉ આપને અન્ય આઈ.ડી.નં.૬૭૦ તા.૧૬/૭/૧૨ની અરજીમાં માંગેલ માહિતીના અનુસંધાનમાં ઉક્ત અધિકારીશ્રીના સ્થાયી મિલ્કત અંગેના પત્રકની નકલ પુરી પાડવામાં આવેલ છે. જેમાં ઉક્ત અધિકારીશ્રી ધ્વારા મિલ્કત ખરીદી સબંધમાં મેળવેલ મંજુરી અંગેની વિગતો જો તેમાં દર્શાવેલ હોય તો તેમાંથી તે અંગેનો જરૂરી સંદર્ભ મેળવી શકો છો તે સિવાયની અન્ય માહિતી "નીલ" છે. તે પ્રમાણે માહિતી પુરી પાડેલ છે. અરજદારને પુરી પાડેલ માહિતી અપુરતી અને અપારદર્શી આપેલી હોવાનુ જણાવી અપીલ કરેલ છે. વધુમાં સેકશન ઓફીસર (મહેકમ) હંમેશની જેમાં દરેક કર્મચારીને બચાવવાનો ઠેકો લીધેલ હોય તેમ વચ્ચે પડે જ છે. આવી બીજી અપીલમાં આયોગમાં તેઓની રજુઆત દરેક અરજીમાં કરેલ છે તેમ કરવાની છે. પોતે જાણે છે કે પર્સોનેલ ઓફીસર સેન્ટ્રલ ઝોનમાં જાહેર માહિતી અધિકારી વાહન ભથ્થા સુરત મહાનગરપાલિકાના વાહન હોવા છતાં ખાય છે. તેનો બચાવ સેકશન ઓફીસરશ્રી મધ્યસ્થ મહેકમ વારે ઘડીએ કરે છે. તે પ્રમાણે જણાવેલ છે.

ઉપરોક્ત હકીકત જોતા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૪/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૫૨૩ સંદર્ભે અરજીના મુદ્દા નં.૧ ની લાગત માહિતી પેટે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨/૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૪૯૮ થી, અધિકારી મજકુરની મધ્યસ્થ મહેકમની નિભાવણીમાંથી મિલ્કત સંદર્ભેનુ પત્રક અરજદાર મજકુરની અગાઉની અરજી સંદર્ભે પુરૂ પાડેલ છે. તેનો સંદર્ભ તેઓ લઈ શકે છે. તે મુજબ જણાવેલ છે તે યોગ્ય જણાય છે. તે સિવાયની અન્ય માહિતી "નીલ" હોય, મધ્યસ્થ મહેકમ લેવલે તેઓની અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ બાકી રહેતુ ન હોય, તે દફતરે કરવા જોગ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૪/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૫૨૩ સંદર્ભે અરજીના મુદ્દા નં.૧ ની લાગત માહિતી પેટે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨/૭/૧૩ ના પત્ર નં. જીએડી/ઇએસટી/૧૪૯૮ થી, અધિકારી મજકુરની મધ્યસ્થ મહેકમની નિભાવણીમાંથી મિલ્કત સંદર્ભેનુ પત્રક અરજદાર મજકુરની અગાઉની અરજી સંદર્ભે પુરૂ પાડેલ છે. તેનો સંદર્ભ તેઓ લઈ શકે છે. તે મુજબ જણાવેલ છે તે યોગ્ય જણાય છે. તે સિવાયની અન્ય માહિતી "નીલ" હોય, મધ્યસ્થ મહેકમ લેવલે તેઓની અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ બાકી રહેતુ ન હોય, તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૩૦૪
તા. ૨૭/૦૮/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૭/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી પટેલ રજનીકાંત છબીલદાસ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી પટેલ રજનીકાંત છબીલદાસની તા.૧૨/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૬૦૪ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૩/૮/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/27/13-14.

અરજદારશ્રી પટેલ રજનીકાંત છબીલદાસએ તા.૧૨/૬/૧૩ ની અરજી આઈ.ડી.નં ૬૦૪થી મોજે બમરોલી સ.નં.૧૩૪ના ગેરકાદેસર બાંધકામ બાબતે કુલ ૧૭ મુદ્દાઓથી માહિતી માંગેલ છે. જે સેન્ટ્રલઝોનથી તા.૧૭/૬/૧૩ ના પત્ર નં.૮૯૩થી ઉધના ઝોન, ટાઉનપ્લાનીંગ વિભાગ, વીજીલન્સ વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૬/૬/૧૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી પૈકી મુદ્દા નં.૧૫ અને ૧૬ની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતી હોવાથી સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૪/૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૫૧૫ થી "આપના ધ્વારા અરજીમાં જણાવેલ મિલ્કતના ગેરકાદેસર બાંધકામ સંબંધમાં સબંધિત અધિકારીની મિલ્કત સબંધી માહિતીની માંગણી કરેલ છે. સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ–૧ થી ૩ ના કર્મચારી / અધિકારીઓના મિલ્કત અંગેનાં પત્રકો મધ્યસ્થ મહેકમ વિભાગમાં નિભાવવામાં આવે છે. સબંધીત અધિકારીના નામ, હોદ્દા વિગેરેની માહિતીના અભાવે તેમજ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી / અધિકારીઓના મિલ્કત અંગેના પત્રકોની માહિતી આર.ટી.આઈ.ની કલમ ૮(૧)(ઠ) હેઠળ ત્રાહિતને લગતી અંગત માહિતી જણાતી હોય, પુરી પાડવા જોગ જણાતી નથી" તે મુજબનુ જણાવી નારાજ હોય તો અપીલ અધિકારીને અપીલ કરવા સુચિત કરેલ છે.

અરજદારે તા.૧૩/૮/૧૩થી અપીલ કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીશ્રી એ.જી.વિદ્યાંશ, જાહેર માહિતી અીધકારી સાઉથ ઝોનની સામે અપીલ કરેલ હોવાનુ જણાય છે. વધુમાં મુદ્દા નં.૭ માં જણાવેલ જમીન ઉપર ૧૦૧ પ્લોટનું બાંધકામ આકારણી દફતરે કયા વર્ષમાં દાખલ થયેલ છે. તે વિગત જણાવવા તથા મુદ્દા નં.૧ થી ૧૭ માં ફકત ૭ અને ૧૦ નંબરના મુદ્દાનો જણાબ મળેલ છે. બાકીના ટોટલ ૧૫ મુદ્દાનો જવાબ બાકી છે જે નિયત સમયમાં કરવા જણાવેલ છે. તે જોતા મધ્યસ્થ મહેકામ વિભાગના જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતીથી નારાજ હોવાનુ જણાતુ નથી. તેમ છતાં સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૪/૭/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૫૧૫ થી પાઠવેલી માહિતી યોગ્ય જણાતી હોય તેમની અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા જોગ છે.

**–: હુ કુ મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી પટેલ રજનીકાંત છબીલદાસની તા.૧૩/૬/૧૩ની અરજી આઈ.ડી.નં.૬૦૪ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી પેટે મુદ્દા નં.૧૫ અને ૧૬ સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૪/૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૫૧૫ થી જણાવેલ માહિતી યોગ્ય જણાતી હોય, અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૫૫૫
તા.૧૦/૦૯/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી પટેલ રજનીકાંત છબીલદાસ પ્રતિ......જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૮/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થીની તા.૨૯/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૭૧૦ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૧/૭/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/28/13-14.

અરજદારશ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થીએ સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી પાસેથી તા.૨૯/૦૬/૧૩ની અરજી આઈ.ડી.નં.૭૧૦ થી "કર્મચારીઓને માનસિક ત્રાસ આપી આપઘાત કરવા સુધી પહોચાડી તેમના કાયદેસરના હક નાણાં (ઉચ્ચતર પગારધોરણ) પુરાવા માટે ભષ્ટ્રાચાર આચરનાર અધિકારી/વિભાગીય વડા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તે અંગે કુલ–૩૬ મુદ્દાઓથી માહિતી માંગેલી છે. જે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરએ તા.૦૧/૦૭/૧૩ ના પત્ર નં.૧૦૩૫ થી મધ્યસ્થ મહેકમ અને મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. તે મધ્યસ્થ મહેકમ વિભાગમાં તા.૦૬/૦૭/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી મધ્યસ્થ કચેરી તરફથી પણ મુદ્દા નં.૧, ૧૨, ૧૩,૧૫,૧૮,૨૭ અને ૩૬ તેમજ સંબંધિત મુદ્દાની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાનુ જણાવી તબદીલ કરેલ છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૨/૦૭/૧૨ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી મુદ્દા નં.૧ થી ૧૯, ૨૭,૩૦ થી ૩૪ અને ૩૬ની પુરેપુરી કે અંશતઃ લાગત માહિતી માટે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૮/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી /૨૦૯૯થી માહિતી પુરી પાડેલી છે. અરજદારે સદર માહિતી અસ્પષ્ટ અધુરી તેમજ ગેરમાર્ગે દોરનારી હોવાનુ જણાવી નારાજ થઈ તા.૨૧/૦૮/૧૩થી અપીલ દાખલ કરેલ છે. જે સેન્ટ્રલ ઝોન થઈ તા.૨૩/૦૮/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને અપીલ અધિકારીશ્રીને પ્રાપ્ત થયેલી છે. અરજદારે માંગેલી માહિતી અસ્પષ્ટ, અધુરી અને ગેરમાર્ગે દોરનારી હોવાનુ જણાવેલ છે. પરંતુ તે બાબતે વિગતવાર /મુદ્દાસર કોઈ રજુઆત કરેલી નહી હોવાથી અરજદાર સાથે રૂબરૂ ચર્ચા કરી નિરાકરણ કરી શકાય તે હેતુથી પર્સોનેલ ઓફિસર(મહેકમ) અને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ હાજર રહેવા તા.૧૦/૦૯/૧૩ના રોજ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૫૫૪ થી જણાવવામાં આવેલ. પરંતુ તદાનુસાર અરજદાર હાજર રહેલા નથી અને તા.૧૩/૦૯/૧૩થી "ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી નાયબ સચિવશ્રીની સહીથી સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પરિપત્ર નં.જીઆઈસી/૧૦૨૦૧૨–૫૭૫૬૪૫–આરટીઆઈ સેલ તા.૨૭/૦૬/૧૩ માં તમામ જાહેર સત્તા મંડળોને આપેલ સુચના મુજબ વર્ગ–૨ સંવર્ગ અધિકારીઓની નિમણુંક માહિતી અધિકારી તરીકે કરવા અને જાહેર માહિતી અધિકારી કરતા ઉપલો દરજ્જો ધરાવતા હોય તેવા અધિકારીઓની અપીલ અધિકારી તરીકે નિમણુંક કરવા અંગેનો હુકમ થયેલ છે. જેથી આ કિસ્સામાં આપને અપીલ અધિકારી તરીકેનો કોઈપણ હકક/અધિકાર રહેતો નથી." એવુ જણાવી તે મુજબનો અમલ કરી લેખિતમાં જાણ કરવા જણાવેલ છે. સદર પત્રની નકલ મધ્યસ્થ મહેકમ વિભાગના લાગત અધિકારી પ્રતિ મોકલવામાં આવેલ છે.

અરજદારશ્રીના ઉકત પત્ર સંદર્ભે અત્રેના તા.૨૦/૯/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૨૭ થી સરકારશ્રીના સદર પત્ર અનુસંધાને યોગ્ય હુકમ કરવા સારૂ સક્ષમ સત્તા સમક્ષ રીપોર્ટ કરવામાં આવેલ. આ બાબતે સક્ષમ સત્તા ધ્વારા આદેશો બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી અગાઉના આદેશો મુજબ જે તે જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીઓ યથાવત રહેશે. એવી જાણ કરેલ છે. તેમ છતાં અજદરારશ્રી આજદિન સુધી હાજર રહેલ નથી. અપીલ માટે નિકાલની સમય મર્યાદા નકકી કરવામાં આવેલ હોય, તે મુજબ નિકાલ કરવાનો રહેતો હોવાથી નિકાલ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

અરજદારશ્રીએ મુદ્દા નં.૧ થી "ઓફિસ સુપ્રિ." ની પોસ્ટ કયારે રદ કર્યાના ઠરાવની નકલ માંગેલી, તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ ઠરાવ નં.૬૪/૦૯ તા.૦૯/૦૧/૦૯ તથા નં.૫૫૦/૧૦ તા.૦૯/૦૪/૧૦ની નકલ પુરી પાડેલ છે. મુદ્દા નં.૧૧,૧૪ અને ૧૭ થી કર્મચારી શ્રી એન.પી.અવસ્થી(૧૨૧૨૧), શ્રી એ.આઈ.શુકલ(૧૩૪૯૨) અને શ્રી જે.પી.ભકત (૨૨૦૨૬)ને ઉચ્ચતરને પગારધોરણ ચુકવવા અંગે મધ્યસ્થ કચેરીમાં બજાવેલ ફરજ સમયગાળાના ગુપ્ત અહેવાલ/ભલામણ રીપોર્ટ મહેકમ કસ્ટડીમાં જમા કરાવવા અંગે મહેકમ ખાતાએ મધ્યસ્થ કચેરીને પાઠવેલ પત્રો તેમજ યાદપત્રોની નકલો માંગેલી. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ અરજદારને પત્ર નં.જીએડી/ઇએસટી/૧૬૩૪ તા.૦૩/૦૭/૧૨ નં.૨૩૫૧ તા.૧૭/૮/૧૨, નં.૧૭૨૫ તા.૦૭/૦૭/૧૨, નં.૨૩૨૫ તા.૧૪/૮/૧૨ અને નં.૭૦૭ તા.૧૦/૫/૧૩ની નકલો પુરી પાડેલી છે. મુદ્દા નં.૧૨,૧૫ અને ૧૮ થી " ઉકત ત્રણેય કર્મચારીઓના ગુપ્ત અહેવાલો અંગે મહેકમ ખાતાએ વારંવાર લેખિતમાં માંગણી કરેલ હોવાછતાં મધ્યસ્થ કચેરીએ ગુપ્ત અહેવાલો જમા કરાવેલ નથી. તે સંદર્ભે મધ્યસ્થ કચેરીના સેકશન ઓફિસરશ્રી પી.ડી.ઓઝા સાથે ફરજમાં બેદરકારી તથા શિસ્તભંગ કરવા બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે મહેકમ ખાતાએ વિભાગીય વડા/કમિશ્નરશ્રીને લેખિતમાં જાણ કરી છે કે કેમ? તે અંગેની માહિતી માંગેલી, તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ "રેકર્ડ આધારીત માહિતી નીલ છે." તે મુજબની માહિતી આપેલી જે યોગ્ય જણાય છે. મુદ્દા નં.૧૩,૧૬ અને ૧૯ થી ઉકત" ત્રણેય કર્મચારીઓના "ગુપ્ત અહેવાલો જમા કરાવવા અંગેની વારંવાર મહેકમ ખાતાએ લેખિતમાં માંગણી કરેલ હોવા છતાં ગુપ્ત અહેવાલો જમા ન કરવા બાબતે શ્રી પી.ડી.ઓઝા વિરૂધ્ધ મહેકમ ખાતાએ કરેલ કાર્યવાહી અંગે તમામ રીપોર્ટની સર્ટીફાઈડ નકલો"ની માંગણી કરેલી, તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ "રેકર્ડ આધારીત માહિતી નીલ છે." તે મુજબ જણાવેલ તે યોગ્ય જણાય છે. મુદ્દા નં.૨૭ થી મધ્યસ્થ કચેરીના સેકશન ઓફિસરથી ત્રીજી શ્રેણી કલાર્ક સુધીના પાંચ વર્ષથી વધુ ફરજ બજાવતા

| | | | |
|---|---|---|---|
| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

કર્મચારીઓની માહિતી તથા તેઓની કેમ બદલી કરવામાં આવતી નથી? તેની માહિતી માંગેલી, તે સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૩૨ ની પુર્તતામાં કર્મચારીઓની હીસ્ટ્રીકાર્ડની નકલ આપેલી છે, તેમાંથી સમયગાળાની માહિતી ધ્યાને લેવા જણાવી, સુરત મહાનગરપાલિકાના બદલી અંગેના કોઈ અલાયદા નિયમો નથી. તે સંદર્ભે વિસ્તુત જાણકારી આપેલ છે અને બદલી કેમ નથી કરવામાં આવી? વિગેરે પ્રકારના પ્રશ્ન સ્વરૂપે પુછેલ માહિતી મંતવ્ય અભિપ્રાય સ્વરૂપની જણાતી હોવાનુ જણાવેલ છે જે આપવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી રહેતી ન હોવાથી તે યોગ્ય છે. મુદ્દા નં.૩૦ થી કેટલા કર્મચારીઓ/ કામદારોએ અગાઉ માનસિક ત્રાસની લેખિત ફરીયાદ આપી છે? તે અંગે શુ કાર્યવાહી કરવામાં આવી? તે અનુસંધાને બે કર્મચારીઓની ફરીયાદ આવેલી છે. જે પૈકી એક કર્મચારીની બદલી કરવામાં આવેલ હોવાનુ જણાવી તે હુકમની નકલ પુરી પાડેલ છે જયારે બીજા અન્ય કર્મચારીની અરજી અંગે હાલ કાર્યવાહી ચાલુ હોવાની માહિતી પુરી પાડેલ છે. મુદ્દા નં.૩૧થી અગાઉ કર્મચારીઓના ગુપ્ત અહેવાલો મહેકમ કસ્ટડીમાં જમા ન કરવા બદલ કેટલા અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી? તે અંગે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી 'નીલ' છે તેવી માહિતી આપેલી છે. તે પણ યોગ્ય જણાય છે. મુદ્દા નં.૩૨ થી મધ્યસ્થ કચેરીમાં અગાઉ ફરજ બજાવી ગયેલ જણાવેલ કર્મચારીઓની ફરજનો સમયગાળા તે દરમ્યાન ભોગવેલ રજા અંગેની માહિતી માંગેલી તે પૈકી આંશિક માહિતી પેટે સમયગાળાની માહિતી પુરી પાડેલ છે. મુદ્દા નં.૩૩ થી, ૩૨ માં મુદ્દામાં જણાવેલ કર્મચારીઓને મધ્યસ્થ કચેરીમાં બજાવેલ ફરજ સમયના ગુપ્ત અહેવાલો મહેકમ કસ્ટડીમાં જમા છે કે કેમ? તે માહિતી પેટે મહેકમ વિભાગમાં જમા કર્મચારીઓના ગુપ્ત અહેવાલની માહિતી દર્શાવતુ પત્રક પુરુ પાડેલ છે મુદ્દા નં.૩૪ થી દિવ્ય ભાસ્કર દૈનિકના તા.૧૭/૦૨/૧૩માં છપાયેલ અહેવાલ ટાંકી ગુપ્ત અહેવાલ ભરવા લાંચ માંગવા માટેના પુરાવા જેવી માહિતી માંગેલી, તે સંદર્ભે આરટીઆઈ એકટ હેઠળ ભૌતિક સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જયારે પ્રશ્ન સ્વરૂપે કે મંતવ્ય / અભિપ્રાય માંગવા અંગે જાહેર માહિતી અધિકારીની જવાબદારી રહેતી નથી. જયારે જે કર્મચારીના ગુપ્ત અહેવાલો/ભલામણ વિગેરે પ્રાપ્ત થયેલ છે. તેઓને નિયમાનુસાર ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવા અંગેની જાણ કરેલ છે. મુદ્દા નં.૩૬ થી ડે.કમિશ્નરશ્રી પી.જે.ઝાલા સાહેબ કયા વર્ષમાં કઈ કોલેજમાંથી એલ.એલ.બી.ની ડિગ્રી મેળવેલ છે. તેની વિગત અને લાયકાતના સર્ટીની નકલ માંગેલી તે અંગે રેકર્ડ આધારીત માહિતી પેટે તેઓની લાયકાત બી.એ., એલ.એલ.બી. હોવાનું જણાવી તેઓના પ્રમાણપત્રો આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત વ્યક્તિના અંગત માહિતી હોવાનુ જણાવેલ છે.

આમ, સઘળી હકીકત જોતા અરજદારશ્રી નિરવ પ્રવિણચંદ્ર અવસ્થીની તા.૨૯/૦૬/૧૩ની મુળ અરજીની આઈ.ડી.નં.૭૧૦ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૮/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૯૯ થી પુરી પાડેલ માહિતી આરટીઆઈ એકટ કાયદાની જોગવાઈઓ મુજબ યોગ્ય જણાતી હોય, અરજદારની અસ્પષ્ટ/અધુરી તેમજ ગેરમાર્ગે દોરનારી માહિતી હોવાની રજુઆત પાયાવિહોણી હોવાથી અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે.

**<u>-: હુ ક મ :-</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નિરવ પ્રવિણચંદ્ર અવસ્થીની તા.૨૯/૦૬/૧૩ની મુળ અરજીની આઈ.ડી.નં.૭૧૦ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૮/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૯૯ થી પુરી પાડેલ માહિતી આરટીઆઈ એકટ કાયદાની જોગવાઈઓ મુજબ યોગ્ય જણાતી હોય, અરજદારની અસ્પષ્ટ/અધુરી તેમજ ગેરમાર્ગે દોરનારી માહિતી હોવાની રજુઆત પાયાવિહોણી હોવાથી અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઈએસટી/૨૯૧૭
તા. ૩/૧૦/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નિરવ પ્રવિણચંદ્ર અવસ્થી પ્રતિ.... જાણ માટે

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૯/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૬૬૩ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૨/૮/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/29/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૪/૬/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૬૬૩ થી, શ્રી પ્રસાદ તથા કારકુનના સ્વભાવ અંગેની માહિતીની નકલો અંગે કુલ–૭ મુદ્દાઓથી માહિતી માંગેલ છે. જે સેન્ટ્રલ ઝોનના તા.૧/૭/૧૩ના પત્ર નં.૧૦૧૧થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલ છે. તે તા.૨/૭/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને મળેલ છે. સદર અરજીની આંશિક માહિતી રીક્રુટમેન્ટ વિભાગ અને ખાતાકીય તપાસ અધિકારીને લાગત જણાતા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીના તા.૧૮/૭/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૫૯થી તે વિભાગોને તબદીલ થયેલ છે અને મુદ્દા નં.૧,૨ અને ૭ તેમજ ૩ અને ૪ની આંશિક માહિતી સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૭/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૫૮થી અરજદારને પુરી પાડેલ છે.

મધ્યસ્થ મહેકમના સેકશન ઓફીસર તથા જાહેર માહિતી અધિકારી તથા સેકશન ઓફીસર (ઈન્કવાયરી) અલગ અલગ માહિતી આપેલ હોવાથી નારાજ થઈ અરજદારે તા.૨૨/૮/૧૩થી પ્રથમ અપીલ કરેલ છે. જે સેન્ટ્રલ ઝોનથી મધ્યસ્થ મહેકમ વિભાગ અને ખાતાકીય તપાસ વિભાગના અપીલ અધિકારીશ્રીને તા.૨૬/૮/૧૩ના પત્ર નં.૧૬૪૬થી તબદીલ થયેલ છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૭/૮/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારને મુદ્દા નં.૧ થી "શ્રી પી.આર. પ્રસાદે કઈ જાહેરાત સંદર્ભે સુરત મહાનગરપાલિકામાં નિમણુંક મેળવેલ છે તે જાહેરાતની નકલ માંગેલી. તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ "શ્રી પી.આર.પ્રસાદ, એકઝી.આસી. તરીકે સુરત મહાનગરપાલિકામાં તા.૩/૧૧/૯૯થી જોડાયા હતા. તેઓએ જે જાહેરાત અનુસંધાને અરજી કરેલ હતી તે જાહેરાતની નકલના રેકર્ડનો નિયમાનુસાર નાશ કરવામાં આવેલ હોય ઉપલબ્ધ નથી" અરજદારઅપીલમાં જણાવે છે કે અધિકારી મજકુરની જાહેર ઉત્તરવાહીનો નાશ કરેલ છે. જે સમજફેર દર્શાવેલ છે. તે જોતા મુદ્દા નં.૧ ની જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી યોગ્ય જણાય છે. મુદ્દા નં.૨ થી મજકુર શ્રી પ્રસાદની તે સમયે શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રની નકલ, હાલમાં તેઓની શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલોની માંગણી કરેલી, તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ "તેઓની અરજી સાથે રજુ કરેલ લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રની નકલ પણ મુદ્દા નં.૧ની પુર્તતા મુજબ નાશ કરવામાં આવેલ છે. જો તેઓની શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રની નકલ ઉપલબ્ધ હોય તો તે બાબતે આર.ટી.આઈ. એકટની નકલ ૮(૧)(ઠ)ની જોગવાઈ ધ્યાને લેવા જોગ છે" એવુ જણાવી વિગત જણાવેલ છે. અપીલમાં "અધિકારીના શૈક્ષલિણ લાયકાત અને અનુભવના પ્રમાણપત્રની નકલો ઉપલબ્ધ ન હોય જે અંગે આર.ટી.આઈ. એકટની કલમ ૮,૯ અને ૧૧ થી આધાર પુરાવા રજે કરેલ નથી. એટલે આ અધિકારી શૈક્ષણિક લાયકાત અને અનુભવ વગરના હોય તેમ માનવુ રહયુ" અરજદારને જાહેર માહિતી અધિકારીએ પ્રમાણપત્રોની અરજી સાથે રજુ કરેલ નકલો મુદ્દા નં.૧ની પુર્તતા મુજબ નાશ કરવામાં આવેલ છે. તેમ છતાં અનર્થ કરી અધિકારી શૈક્ષણિક લાયકાત અને અનુભવ વગરના હોય તેવુ માનવાનું જણાવે છે. તેમા તેઓનું મનસ્વીપણુ જણાય છે. મુદ્દા નં.૩ થી "રૂબરૂ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ ન હોય અને ઉત્તરવાહીમાં પાસ થયા બાદ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હોય તો તેમના અરજીપત્રક સાથેના તમામ ડોકયુમેન્ટ અને ઉત્તરવાહીની પણ નકલ" ની માંગણી કરેલી. તે સંદર્ભે આંશિક માહિતી પેટે જાહેર માહિતી અધિકારીએ "અરજી પત્રક સાથેના તમામ ડોકયુમેન્ટ બાબતે મુદ્દા નં.૨ની પુર્તતા ધ્યાને લેવા જોગ છે." મતલબ કે રેકોર્ડનો નાશ કરેલ હોવાથી ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૪,૫, ૬ અને ૭ અંગેની માહિતી પણ બોગસ વાહીયાત હોવાથી નારાજ હોવાનુ અરજદાર જણાવે છે. પરંતુ મુદ્દા નં.૫ અને ૬ની માહિતી અત્રેના વિભાગને લાગત નથી અને મુદ્દા નં.૪થી "સુરત મહાનગરપાલિકાના ઝોનમાં કોન્ટ્રાકટરથી કલાર્કો નિમણંક કરતા ઈજારદારોના નામ, સરનામા સંદર્ભે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી કોન્ટ્રાકટરથી કલાર્કોની નિમણુંક કરવામાં આવતી નથી તેવી માહિતી આપેલ છે. તે યોગ્ય છે. જયારે મુદ્દા નં.૭ થી "કારકુન કિરણ ટંકારા હજુ હંગામી ધોરણે છે તેઓ પરમેનન્ટ થશે તો સુરત મહાનગરપાલિકાએ એક વધારે ઉધ્ધતાઈ ભરેલ વર્તન કરશે" એવુ જણાવેલ છે તે "વિગત રજુઆત/સુચન સ્વરૂપની જણાય છે. આર.ટી.આઈ. એકટ હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે" તેવી જાહેર માહિતી અધિકારીની માહિતી પણ યોગ્ય જણાય છે.

RIGHT TO INFORMATION

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૪/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૬૬૩ સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૫૮ થી પુરી પાડેલ માહિતી યથાયોગ્ય હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ બાકી રહેતુ ન હોય, તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૬૬૫
તા.૧૭/૦૯/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**<u>અપીલ અરજી નં.૩૦/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૫/૭/૧૩ની અરજી આઈ.ડી. નં.૮૧૦ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૩/૯/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/30/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૦૫/૦૭/૧૩ની અરજી આઈ.ડી.નં.૮૧૦ થી કુલ ૭(સાત) મુદ્દાઓથી માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોન તરફથી ગાર્ડન વિભાગ, મધ્યસ્થ મહેકમ અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનને તા.૧૭/૦૭/૧૩ના પત્ર નં.૧૧૮૬થી તબદીલ થયેલ છે. તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૦/૦૭/૧૩ના રોજ પ્રાપ્ત થયેલી છે. પ્રાપ્ત થયેલ અરજીના મુદ્દા નં.૩ (આંશિક) મુદ્દા નં.૪ અને ૫ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા તેની માહિતી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૦૩/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૮૭ થી અરજદારને પુરી પાડેલ છે. આપવમાં આવેલ માહિતીથી નારાજ થઈ અરજદારે તા.૧૩/૦૯/૧૩થી પુરી પાડેલ માહિતી અધુરી હોય, આવી માહિતી અન્યને માર્ગદર્શન સમાન હોવાથી તે મળવી જ જોઈએ એવુ જણાવી પ્રથમ અપીલ કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૩ થી શ્રી કિરણ દોલતભાઈ દેસાઈ સને ૧૯૯૫ થી ૧૯૯૭ સુધી આર.પી.હોર્ટીકલ્ચર સર્વિસ પ્રા.લી. માં બે વર્ષ નોકરી કરેલ છે. તેઓ ઈજારદારોને ત્યાં નોકરી કરતા હોય તો તા.૦૮/૦૮/૯૮ થી હંગામી ધોરણે સુરત મહાનગરપાલિકામાં નોકરી કરતા હતા તો તે જગ્યાએ કઈ રીતે નોકરી કરી શકે? તે સંદર્ભે આંશિક માહિતી પેટે જાહેર માહિતી અધિકારીએ "આપશ્રીએ બંને જગ્યાની નોકરીના સમયગાળા જણાવેલ છે. જે બંને અલગ અલગ હોવાનુ સ્વયં સ્પષ્ટ જણાય છે." એવુ જણાવેલ છે. શ્રી દેસાઈ ૧૯૯૫ થી ૧૯૯૭ સુધી આર.પી. હોર્ટીકલ્ચર પ્રા.લી. માં ફરજ બજાવતા હતા. જે તા.૦૮/૦૮/૯૮માં સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવી શકે. અહી અરજદારની કોઈ ગેરસમજ થયાનુ જણાય છે મુદ્દા નં.૪ થી શ્રી દેસાઈએ એસ.એસ.સી.પાસ કયારે કરી? સર્ટી. સુરત મહાનગરપાલિકામાં કયારે રજુ કર્યુ તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ શ્રી કે.ડી. દેસાઈએ સુપરવાઈઝર (ગાર્ડન)ની જગ્યાની જાહેરાત નં.પી.આર.ઓ./૧૩૪ તા.૧૮/૦૬/૦૮ના અનુસંધાને કરેલ અરજી સાથે બીડેલ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો/ માર્કશીટ મુજબ તેઓએ સુરત મહાનગરપાલિકાની પરીક્ષા માર્ચ ૧૯૮૯માં પાસ કરેલ છે. આ માહિતીને અરજદારે અસત્ય અને બોગસ હોવાનુ જણાવેલ છે. પરંતુ તે માટેના ચોકકસ કારણો કે આધાર પુરાવા રજુ કરેલ નથી. આપવામા આવેલ માહિતી પ્રમાણપત્ર નકલના આધારે આપવામાં આવેલી હોય અરજદારની રજુઆત તથ્યહીન જણાય છે. મુદ્દા નં.૬ થી શ્રી કે.ડી.દેસાઈએ એસ.એસ.સી.ની માર્કશીટ અને બી.એસ.સી.(બોટની) સને ૧૯૯૫માં પાસ કરેલ તે બંનેની નકલ માંગેલી તે અંગે જાહેર માહિતી અધિકારીએ સદર માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ ત્રાહિત વ્યકિતીની અંગત માહિતી હોવાથી પુરી પાડવા જોગ નથી. એવુ જણાવી કલમની જાણકારી આપેલી છે અને વધુમાં સર્વોચ્ચ અદાલતમાં આવા પ્રકારના ચુકાદાની વિગત જાણકારી માટે જણાવેલ છે. અરજદારે આવા ચુકાદાને આડશે માહિતી છુપાવવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ સરખા પ્રકારની માહિતીનો ખ્યાલ આવે તે માટે સર્વોચ્ચ અદાલતના ચુકાદાને સવિસ્તાર જણાવેલ છે. જેથી માહિતી છુપાવવાનો પ્રશ્ન અસ્થાને છે.

આમ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૦૭/૧૩ની મુળ અરજી આઈ.ટી. નં.૮૧૦ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૩/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૧૯૮૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા ૩ની આંશિક અને મુદ્દા નં.૪ અને ૬ ની પુરી પાડેલ માહિતી યથાયોગ્ય જણાતી હોય, અરજદારશ્રીની અપુરતી માહિતી પુરી પાડવાની રજુઆત આધાર પુરાવા વગરની હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોવાથી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ કુ મ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૦૭/૧૩ની મુળ અરજી આઈ.ટી. નં.૮૧૦ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૩/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૧૯૮૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા ૩ની આંશિક અને મુદ્દા નં.૪ અને ૬ ની પુરી પાડેલ માહિતી યથાયોગ્ય જણાતી હોય, અરજદારશ્રીની અપુરતી માહિતી પુરી પાડવાની રજુઆત આધાર પુરાવા વગરની હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોવાથી તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૯૫૫ **(બી.આઈ.દેસાઈ)**

તા.૪/૧૦/૨૦૧૩ **પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**

**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના:** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૩૧/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી ધનસુખલાલ કનૈયાલાલ સોલંકી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી ધનસુખલાલ કનૈયાલાલ સોલંકીની તા.૧૭/૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૬૧૨ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૪/૦૯/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/31/13-14.

અરજદારશ્રી ધનસુખલાલ કનૈયાલાલ સોલંકીએ તા.૧૭/૦૬/૧૩ની અરજી આઈ.ડી. નં.૬૧૨થી સુરત મહાનગરપાલિકાના અનફીટ કર્મચારી શ્રી ગં.સ્વ. ભાણીબેન ભીખીબેનના આશ્રિત તરીકે વર્ગ–૪માં સમાવેશ કરવા અંગેના કુલ–૪ મુદ્દાઓથી માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોનના તા.૧૮/૦૬/૧૩ના પત્ર નં.૯૦૬ થી સેક્રેટરી વિભાગ અને આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલી છે. આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારીની તા.૨૬/૦૬/૧૩ના પત્ર નં. ૪૩ થી સદર અરજી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલી છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તેજ દિવસે પ્રાપ્ત થયેલ છે. તે અરજીના ચારેચાર મુદ્દાઓ પૈકીનાં મધ્યસ્થ મહેકમને લાગત માહિતી સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૭/૧૩ પત્ર નં. જીએડી/ ઈએસટી/ ૧૭૩૩ થી પુરી પાડેલ છે. અરજદારે આરોગ્ય ખાતાનો તબદીલી પત્ર નં. પીએચડી/ પીઓ/ આરટીઆઈ/૪૩ તા.૨૬/૦૬/૧૩ સાથે રાખી સેકશન ઓફિસર(મહેકમ ) અને જાહેર માહિતી અધિકારી–આરોગ્ય ખાતા તરફથી આઈ.ડી નં. ૬૧૨ ધ્વારા માંગવામાં આવેલ માહિતીનો કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર માહિતી આપેલ નથી જે પુર્ણ રીતે સંતોષકારક માહિતી આપવા વિનંતી કરેલ છે.

અરજદારની સદર અપીલ ધ્યાને લેતા તેમની મુળ અરજી આઈ.ડી નં.૬૧૨ મધ્યસ્થ મહેકમ વિભાગને તા. ૨૬/૦૬/૧૩ના રોજ તબદીલ કરેલ છે તેની માહિતી સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૭/૧૩ પત્ર નં. જીએડી/ ઈએસટી/ ૧૭૩૩ થી પુરી પાડેલ છે.અરજદારશ્રીને સદર પત્ર મળી ગયેલ છે. અને અપીલ અરજીમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેથી સદર માહિતીનો કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર આપેલ નથી તેવી અરજદારની રજુઆત તથ્યહીન છે. અરજદારે મુદ્દા નં. ૧ થી કર્મચારીઓના આશ્રિત જેઓની ઉંમર ૩૦ વર્ષ કરતા મોટી હોય તેમના નિમણુંક ઓર્ડરો, કર્મચારીના આશ્રિતની વિગતનું લીસ્ટ અને કર્મચારીના આશ્રિતને ૩૦ વર્ષની મોટી ઉંમર હોવા છતા લેવામાં આવેલ છે તેની માહિતી માંગેલ તેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ અગાઉ તા. ૦૧/૦૧/૧૩ ની અરજીના અનુસંધાને પત્ર નં. જીએડી/ઈએસટી/૪૫૮૭ તા. ૧૭/૦૬/૧૩ નો સંદર્ભ ટાંકી ૩૦ વર્ષથી મોટી ઉંમરના અશ્રિતને આપવામાં આવેલ નોકરી અંગે અલાયદું લીસ્ટ ઉપલબ્ધ નથી તેથી અરજદાર ઈચ્છુક હોય તો અનફીટ કર્મચારીના આશ્રિતોને આપવામાં આવેલ હોય તે અંગેના રેકર્ડનું નિયમાનુંસાર ઈન્સ્પેકશન/આગોતરો સમય મેળવીકરવા જણાવેલ અરજદારે આજદિન સુધી ઈન્સ્પેકશન માટે રસ દાખવેલ નથી. મુદ્દા નં.૨ થી "અમો કર્મચારીના આશ્રિતને નહી લેવા તેમજ ૩૦ વર્ષથી આશ્રિતની ઉંમર મોટી હોવાનું કારણ દર્શાવી અરજી દફતરે કરવામાં આવેલ તેની માહિતીની નકલ " માંગેલ તે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારની આરટીઆઈ એકટ હેઠળની તા.૨૭/૧૦/૦૯નો આઈ.ડી. નં.૮૪૭ના અનુસંધાને અનફીટ કર્મચારી ભાણીબેન ભીખીબેનની અરજી સંદર્ભે કરવામાં આવેલ સમગ્ર કાર્યવાહીના કાગળોની ઝેરોક્ષ નકલ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૮ તા. ૨૯/૧૧/૦૯ થી પુરી પાડેલ છે. તે ધ્યાને લેવા જણાવેલ છે. તેમછતા અરજદારને જે માહિતીની ખરેખર જરૂરીયાત છે તે આપી શકાય તે માટે અરજદારને રેકર્ડની રૂબરૂ ચકાસણી કરવા બોલાવવા માટે ટેલીફોન કરવામાં આવેલ. અરજદાર રૂબરૂ નહીં આવતા ફરીથી તા.૧૧/૧૦/૧૩ના રોજ ટેલીફોન કરી સાંજે ૬.૧૦ પહેલા રૂબરૂ આવી જવા જણાવતા તેઓએ રૂબરૂ આવવા જણાવેલ તેમછતાં પણ રૂબરૂ હાજર નહી રહેતા તા.૧૭/૧૦/૧૩ના રોજ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૧૩ પાઠવી, દિન–૨માં આગોતરો સમય મેળવી ઈન્સ્પેકશન મેળવવા પુનઃસુચિત કરવામાં આવેલ તે પત્રના અનુસંધાને તા.૧૮/૧૦/૧૩ના રોજ સાંજે ૫.૦૦ કલાકે અરજદાર રૂબરૂ હાજર થતા તેમને રૂબરૂમાં સમજ આપી તેઓના સુચન મુજબ ઈન્સ્પેકશન માટે રેકર્ડ રજુ કરવામાં આવતા તેમણે સાંજે ૫.૧૦ થી ૫.૨૫ સુધી રેકર્ડની ચકાસણી કરેલ છે અને કોઈપણ નકલની માંગણી કરેલ નથી. મુદ્દા નં. ૩ અને ૪ થી માંગેલ માહિતી ભૌતિક સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોય તેવી હોવાથી તે આપવાની અસમર્થતા દર્શાવેલ છે. આમ, અરજદારશ્રી ધનસુખલાલ કનૈયાલાલ સોલંકીની તા.૧૭/૦૬/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૬૧૨ સંદર્ભે

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૭/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૩૩ થી પુરી પાડયા બાદ અપીલ તબકકે અરજદારને ખરેખર જે જરૂરીયાત હોય તે માહિતી આપી શકાય તે માટે રેકર્ડની રૂબરૂ ચકાસણી માટે બોલાવતા રેકર્ડની ચકાસણી કર્યા બાદ " આજરોજ તા.૧૮/૧૦/૧૩ના રોજ સાંજે ૫.૧૦ થી ૫.૨૫ સુધીમાં ઈન્સ્પેકશન મેળવી ગયેલ છે. કોઈપણ નકલની માંગણી કરેલ નથી " તેવુ લખાણ આપેલ છે. તે જોતા જાહેર માહિતી અધિકારીના જવાબથી અરજદારે સંતોષ વ્યકત કરેલ હોવાનુ ફલિત થતુ હોય , અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ધનસુખલાલ કનૈયાલાલ સોલંકીની તા.૧૭/૦૬/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૬૧૨ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૭/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૩૩ થી પુરી પાડયા બાદ અપીલ તબકકે અરજદારને ખરેખર જે જરૂરીયાત હોય તે માહિતી આપી શકાય તે માટે રેકર્ડની રૂબરૂ ચકાસણી માટે બોલાવતા રેકર્ડની ચકાસણી કર્યા બાદ " આજરોજ તા.૧૮/૧૦/૧૩ના રોજ સાંજે ૫.૧૦ થી ૫.૨૫ સુધીમાં ઈન્સ્પેકશન મેળવી ગયેલ છે. કોઈપણ નકલની માંગણી કરેલ નથી " તેવુ લખાણ આપેલ છે. તે જોતા જાહેર માહિતી અધિકારીના જવાબથી અરજદારે સંતોષ વ્યકત કરેલ હોવાનુ ફલિત થતુ હોય , અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/ ૩૧૪૬
તા.૧૮/૧૦/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી ધનસુખલાલ કનૈયાલાલ સોલંકી પ્રતિ......જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**<u>અપીલ અરજી નં.૩૨/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૭/૧૩ની અરજી આઈ.ડી. નં.૮૦૮ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૩૦/૯/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/32/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૫/૦૭/૨૦૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૮૨૮થી કુલ ૬ મુદ્દાઓની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનના તા.૧૭/૦૭/૨૦૧૩ના પત્ર નં.૧૧૮૮ થી સેકશન ઓફિસરશ્રી (મહેકમ) અને રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ થયેલ છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૦/૦૭/૧૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે. ત્યાર બાદ રીક્રુટમેન્ટ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/ ૪૨૧ થી પણ સદર પત્ર તબદીલ થઈને મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. મુળ અરજીની માહિતી વીજીલન્સ વિભાગને પણ લાગત હોવાનું જણાતાં મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૦૮/૦૮/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૦૦ થી વીજીલન્સ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. અપીલ અરજી સાથેના જોડાણોને ધ્યાને લેતા સદર અરજી રીક્રુટમેન્ટ તરફથી વીજીલન્સ અને ઈન્કવાયરી વિભાગને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદાર મજકુરની અરજી અન્વયેના મુદ્દા નં. ૧ ની આંશીક માહિતી અને મુદ્દા નં. ૬ ની આંશીક માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા તે અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મહેકમ)એ તા.૧૨/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૨૬ થી પુરી પાડેલ છે. આ માહિતી સામે અરજદારશ્રી અપીલમાં જણાવે છે કે "કુલ ૨૨૩ ડ્રાઈવરોની નિમણુંક સક્ષમ સત્તા એટલે કે મે.કમિશ્નરશ્રીએ આપેલ જણાય છે અને પાછા ૨૨૩ નિમણુંક ડ્રાઈવરોની ફાઈલનું ઈન્સ્પેકશન કરવાનું જણાવેલ છે. જેની જગ્યાએ લેખિત માહિતી પુરી પાડશો. જાણીજોઈને અમો અરજદારને ગેરમાર્ગે દોરવાનું બંધ કરશો અને ફકત લેખિત માહિતી આપશો. મુદ્દા નં. ૬ અંગેની માહિતી આપેલ નથી અને મુદ્દા નં. ૧ ની પુર્તતા મુજબનો જવાબ ગણવો."

અરજદારની મુળ અરજી ધ્યાને લેતા કુલ–૬ મુદ્દા પૈકી મુદ્દા નં. ૧ પૈકીની આંશીક માહિતી જણાવેલ કુલ ૫ હુકમથી નિમણુંક(ઓર્ડર) આપનાર અધિકારીનું નામ અને પોસ્ટની માહિતી આપવાનું લાગત જણાય છે. તેથી આ માહિતી પેટે સક્ષમ સત્તાની મંજુરી તેમજ નિમણુંક (ઓર્ડર) આપનાર અધિકારીનું નામ અને પોસ્ટ દર્શાવતા ઉકત પાંચ કચેરી હુકમોની નકલ અરજદારને પુરી પાડવાનું ઉચિત જણાય છે. જયારે મુદ્દા નં. ૬ માં વી.આઈ.ઓ. શ્રીના તા.૨૨/૧૦/૧૨ ના રીપોર્ટમાં કુલ ૨૨૩ ડ્રાઈવરોની ભરતી–નિમણુંક–ગુન્હો બનેલ છે તે અંગેની માહિતી મધ્સ્થ મહેકમ વિભાગને લાગત નથી પરંતુ ડ્રાઈવરોની નિમણુંક અંગેના હુકમોની નકલ પુરી પાડવાની આંશિક માહિતી લાગત જણાય છે જે મુદ્દા નં.૧ ની માહિતીમાં જ સમાવેશ થઈ જાય છે. આમ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૦૭/૧૩ ની મુળ અરજી આઈ.ડી. નં.૮૦૮ ના કુલ ૬ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ અને ૬ ની આંશિક માહિતી પેટે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૨/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૨૬ થી પુરી પાડેલ માહિતી ડ્રાઈવરોની નિમણુંક અંગે આરટીઆઈ એકટ હેઠળની આ અગાઉની અરજીઓના અનુસંધાનમાં અરજદારને વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો ડ્રાઈવરની નિમણુંક સંબંધી ફાઈલનું ઈન્સ્પેકશન કરવા તેમજ મુદ્દા નં. ૬ ની આંશિક માહિતીમાં પણ મુદ્દા નં.૧ ની પુર્તતા ધ્યાને લેવા જણાવેલ છે. તેના અનુસંધાને અરજદારે લેખિત માહિતી પુરી પાડવા જણાવેલ હોય મુદ્દા નં.૧ ની આંશિક માહિતી પેટે અરજીમાં જણાવેલ કુલ પાંચ હુકમો કાઢવા માટેની સક્ષમ સત્તાની મંજુરી તેમજ હુકમોની નકલ જેમાં મુદ્દા નં. ૬ ની આંશિક માહિતીનો સમાવેશ થઈ જતો હોય, તેની નકલ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ દિન–૧૦ માં પુરી પાડવા સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને હુકમ કરવાનું ઉચિત જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૦૭/૧૩ ની મુળ અરજી આઈ.ડી. નં.૮૦૮ ના કુલ ૬ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ અને ૬ ની આંશિક માહિતી પેટે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૨/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૨૬ થી પુરી પાડેલ માહિતી ડ્રાઈવરોની નિમણુંક અંગે આરટીઆઈ એકટ હેઠળની આ અગાઉની અરજીઓના અનુસંધાનમાં અરજદારને વિસ્તૃત માહિતી પુરી પાડવામાં  આવેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો ડ્રાઈવરની નિમણુંક સંબંધી ફાઈલનું ઈન્સ્પેકશન કરવા તેમજ મુદ્દા નં. ૬ ની આંશિક માહિતીમાં પણ મુદ્દા નં.૧ ની પુર્તતા ધ્યાને લેવા જણાવેલ છે. તેના અનુસંધાને અરજદારે લેખિત માહિતી પુરી પાડવા જણાવેલ હોય મુદ્દા નં.૧ ની આંશિક માહિતી પેટે અરજીમાં જણાવેલ કુલ પાંચ હુકમો કાઢવા માટેની સક્ષમ સત્તાની મંજુરી તેમજ હુકમોની નકલ જેમાં મુદ્દા નં. ૬ ની આંશિક માહિતીનો સમાવેશ થઈ જતો હોય, તેની નકલ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ દિન–૧૦ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવાનુ સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને હુકમ કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૩૨૮૧
તા.૨૮/૧૦/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૩/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫/૭/૧૩ની અરજી આઈ.ડી. નં.૮૯૧ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૩૦/૯/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/33/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૫/૦૭/૧૩ ની મૂળ અરજી આઈ.ડી નં. ૮૯૧ થી પર્સોનેલ ઓફિસરશ્રી (આર.) પાસે કુલ ૧૭ મુદ્દાથી માહિતી માંગેલી, જે ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના તા.૨૯/૦૭/૧૩ ના પત્ર નં.૧૩૩૩ થી મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ અને ફાયર વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલી. જે તા.૩૦/૦૭/૧૩ ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. અરજીના તમામ મુદ્દાઓ ફાયર વિભાગને તેમજ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર શ્રી એસ. કે. આચાર્યને લગતી માહિતીના છે. પરંતુ મુદ્દા નં.૧૭ થી માંગેલ શ્રી એસ. કે. આચાર્ય પાસે હેવી વ્હીકલ ચલાવવાનુ ડ્રાઈવીંગ લાયસન્સ અંગેની માહિતી બાબતે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ "મજકુર અધિકારીએ સુરત મહાનગરપાલિકામાં કરેલ અરજી પત્રક સાથે બિડેલ ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ રેકોર્ડ ઉપર ઉપલબ્ધ છે. તે ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આરટીઆઈ એકટ ની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ નથી" એવુ તા.૦૭/૦૮/૧૩ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૨૦૫૭ થી અરજદારને જણાવેલ છે. જયારે અરજદારે અપીલ અરજી સાથે રજુ કરેલ ફાયર વિભાગ તરફથી પુરી પડાયેલ માહિતીની નકલ જોતા તેમાં "શ્રી એસ. કે. આચાર્ય હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવે છે અને લાયસન્સ વખતો વખત રીન્યુઅલ પણ થયેલ છે." એવી માહિતી પુરી પાડેલ છે.

આ અંગે જણાવવાનું કે લાયસન્સ એક એવી વસ્તુ છે કે તેની સમયમર્યાદા પુરી થતા રીન્યુ કરાવવાની જરૂરીયાત રહે છે. તેવા કિસ્સામાં અધિકારીનુ અરજી પત્રક સાથે બિડેલ લાયસન્સની ઝેરોક્ષ નકલએ જુની માહિતી છે તેના કરતા હાલના લાયસન્સની નકલની માહિતી સચોટ ગણી શકાય. ફાયર વિભાગ તરફથી સદર માહિતી પુરી પાડવામાં આવેલી છે. તે માહિતી સામે અરજદારને નારાજગી હોય તો તેનો ફાયર વિભાગના અપીલ અધિકારીશ્રીએ નિકાલ કરવાનો રહે છે. ફાયર વિભાગમાં મજકુર અરજદારની અપીલ મોકલવામાં આવેલ છે. તે બાબતોને ઘ્યાને લેતા અરજદારની અપીલ અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તેમની અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫/૦૭/૧૩ની મુળ અરજી આઈ.ટી. નં.૮૯૧ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૭/૦૮/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૨૦૫૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા ૧૭ની આંશિક માહિતી પુરી પાડેલ છે પરંતુ લાયસન્સ એક એવી વસ્તુ છે કે તેની સમયમર્યાદા પુરી થતા રીન્યુ કરાવવાની જરૂરીયાત રહે છે. તેવા કિસ્સામાં અધિકારીનુ અરજી પત્રક સાથે બિડેલ લાયસન્સની ઝેરોક્ષ નકલએ જુની માહિતી છે તેના કરતા હાલના લાયસન્સની નકલની માહિતી સચોટ ગણી શકાય. ફાયર વિભાગ તરફથી સદર માહિતી પુરી પાડવામાં આવેલી છે. તે માહિતી સામે અરજદારને નારાજગી હોય તો તેનો ફાયર વિભાગના અપીલ અધિકારીશ્રીએ નિકાલ કરવાનો રહે છે. ફાયર વિભાગમાં મજકુર અરજદારની અપીલ મોકલવામાં આવેલ છે. તે બાબતોને ઘ્યાને લેતા અરજદારની અપીલ અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તેમની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/ ૩૨૮૩
તા.૨૮/૧૦/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ.......જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૪/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ,

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ, તા.૭/૫/૧૩ની અરજી સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૫/૧૦/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/34/13-14.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટે તા.૦૭/૦૫/૧૩ થી મુખ્ય સચિવશ્રી અને સામાન્ય વહીવટ વિભાગની કચેરી, સચિવાલય,ગાંધીનગર પાસેથી કુલ સાત મુદ્દાઓની માહિતી માંગેલી જે સામાન્ય વહીવટ વિભાગ તરફથી,અન્ય અલગ–અલગ વિભાગોને તબદીલ થયેલી છે.તે સરકારશ્રીના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના તા.૧૪/૦૮/૧૩ ના પત્ર ક્રમાંકઃ સમન/૧૦૨૦૧૩/આરટીઆઈ/ત.૧/પી, થી મ્યુનિ.કમિશનરશ્રીને તબદીલ થયેલી અને તે મધ્યસ્થ કચેરીના તા.૨૩/૦૮/૧૩ ના પત્ર નં.સી/૨૨૫૪ થી મધ્યસ્થ મહેકમ વિભાગ અને ટાઉનપ્લાનીંગ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલી છે અને તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૩/૦૮/૧૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજીના કુલ–૭ મુદ્દાઓ પૈકી મુદ્દાનં.૭ "આઈ.એ.એસ. એસ.અપર્ણા, આઈ.એ.એસ. એમ.કે.દાસ, આઈ.એ.એસ. આઈ.પી. ગૌતમ, આઈ.એ.એસ.બી.કે.સિંહાએ કરેલ કામની વિગતો વર્ક ડાયરી અને સરકારશ્રીએ તેઓના કરેલા કામનું મૂલ્યાંકન સહિત તેઓ વિરુધ્ધ આવેલ ફરિયાદો,રજુઆતો અને તે સંદર્ભે સરકારશ્રીએ કરેલ કાર્યવાહી અને અરજદારોને પાઠવેલ પ્રત્યુત્તર સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવા (છેલ્લા પાંચ વર્ષની) અને તેઓએ ડીકલેર કરેલ સંપત્તિની માહિતી" માંગેલી છે. તે સંદર્ભે સેકશન ઓફિસર મધ્યસ્થ (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૧/૦૯/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૮૯ થી "મુદ્દાનં.૭ માં જણાવેલ આઈ.એ. એસ.અધિકારીઓ પૈકી (૧) કુ.એસ.અપર્ણા, પૂર્વ મ્યુનિ.કમિશનર અને (૨) શ્રી એમ.કે.દાસ,વર્તમાન મ્યુનિ.કમિશનરશ્રી સબંધી માંગવામાં આવેલ માહિતી અત્રેના રેકર્ડ આધારીત "નીલ" હોવાનું જણાવી. આ નિર્ણયથી નારાજ હોય તો તે અપીલ અધિકારીશ્રીને અપીલ કરવાનું સુચિત કરેલ છે. આઈ.એ.એસ. ઓફીસરોની, સરકારશ્રીના પ્રતિનિધિ સ્વરૂપે / ડેપ્યુટેશન ઉપર મહાનગરપાલિકામાં નિમણુંક કરવામાં આવે છે, તેથી અરજદારે માંગેલ આઈ.એ.એસ.ઓફિસરોએ કરેલ કામની વિગતો વર્ક ડાયરી અને સરકારશ્રીએ તેઓના કરેલા કામનું મૂલ્યાંકન સહિત તેઓ વિરૂધ્ધ આવેલ ફરિયાદો,રજુઆતો અને તે સંદર્ભે સરકારશ્રીએ કરેલ કાર્યવાહી અને અરજદારોને પાઠવેલ પ્રત્યુત્તર સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવા (છેલ્લા પાંચ વર્ષની) અને તેઓએ ડીકલેર કરેલ સંપત્તિની માહિતી સરકારશ્રીના રેકર્ડ ઉપર રહે છે. જેથી આવી માહિતી સરકારશ્રીમાંથી જ ઉપલબ્ધ થઈ શકે છે. તે સંજોગોમાં અરજદારની મુળ અરજી અત્રે ખોટી રીતે તબદીલ થયેલ છે. જેથી મુદ્દા નં.૭ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગના રેકર્ડ ઉપર સંભવી શકે નહી તેથી સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને "નીલ" માહિતી આપેલ છે તે યોગ્ય જણાતી હોય, અપીલ અંગે વિશેષ કઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૦૭/૦૫/૧૩ની મુળ અરજીના મુદ્દા નં.૭ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૧/૦૯/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૨૭૮૯ "મુદ્દાનં.૭ માં જણાવેલ આઈ.એ.એસ.અધિકારીઓ પૈકી (૧) કુ.એસ.અપર્ણા,પૂર્વ મ્યુનિ. કમિશનર અને (૨) શ્રી એમ.કે.દાસ,વર્તમાન મ્યુનિ.કમિશનરશ્રી સબંધી માંગવામાં આવેલ માહિતી અત્રેના રેકર્ડ આધારીત "નીલ" હોવાનું " જણાવી.આ નિર્ણયથી નારાજ હોય તો તે અપીલ અધિકારીશ્રીને અપીલ કરવાનું સુચિત કરેલ છે. આઈ.એ.એસ. ઓફીસરોની, સરકારશ્રીના પ્રતિનિધિ સ્વરૂપે / ડેપ્યુટેશન ઉપર મહાનગરપાલિકામાં નિમણુંક કરવામાં આવે છે, તેથી અરજદારે માંગેલ આઈ.એ.એસ.ઓફિસરોએ કરેલ કામની વિગતો વર્ક ડાયરી અને સરકારશ્રીએ તેઓના કરેલા કામનું મૂલ્યાંકન સહિત તેઓ વિરૂધ્ધ આવેલ ફરિયાદો,રજુઆતો અને તે સંદર્ભે સરકારશ્રીએ કરેલ કાર્યવાહી અને અરજદારોને પાઠવેલ પ્રત્યુત્તર સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવા (છેલ્લા પાંચ વર્ષની) અને તેઓએ ડીકલેર કરેલ સંપત્તિની માહિતી સરકારશ્રીના રેકર્ડ ઉપર રહે છે. જેથી આવી માહિતી સરકારશ્રીમાંથી જ ઉપલબ્ધ થઈ શકે છે. તે સંજોગોમાં અરજદારની મુળ અરજી અત્રે ખોટી રીતે તબદીલ થયેલ છે. જેથી મુદ્દા નં.૭ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગના રેકર્ડ ઉપર સંભવી શકે નહી તેથી સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને "નીલ" માહિતી આપેલ છે તે યોગ્ય જણાતી હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તેમની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૩૩૦૧
તા.૨૯/૧૦/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૩૫/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૯/૮/૧૩ની અરજી આઈ.ડી. નં.૧૦૭૭ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૧/૧૦/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/35/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૯/૦૮/૧૩ ની અરજી આઈડી નં.૧૦૭૭ થી,કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકા અને સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ–ગાંધીનગર પાસેથી કુલ છ મુદ્દાઓથી માહિતી માંગેલી,જે સેન્ટ્રલ ઝોનના તા.૨૧/૦૮/૧૩ ના પત્ર નં.૧૫૮૮ થી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ અને સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તબદીલ થયેલ છે અને શહેર વિકાસ વિભાગના તા.૦૭/૦૮/૧૩ ના પત્ર નં.૭૧૦ થી વીજીલન્સ વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ થયેલ છે.જે તા.૧૦/૦૯/૧૩ ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે.અરજીની આંશિક વિગત ખાતાકીય તપાસ વિભાગને પણ લાગત હોવાનું જણાતા મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૧૧/૦૯/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૬૯ થી ખાતાકીય તપાસ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે.અરજીના મુદ્દાનં.૫"ટાઉન પ્લાનર એકલા શ્રી રાજેશ પંડયાથી આટલા વર્ષોથી ચલાવી રાખેલ છે.જેની ટાઉન પ્લાનરની જાહેરાત આપશો તો ૧૦ ટાઉન પ્લાનર ઉમેદવારો મળી શકે તેમ છે.જેથી તેમને હટાવવાના કાયદા મુજબ નહી પરંતુ તેમની ઉપર ડે.ટાઉન પ્લાનર અને ડેવલોપમેન્ટ વિભાગના શ્રી જીવણ પટેલના બે હાથ છે.હટાવવા અંગે ટાઉન પ્લાનરની જાહેરાત આપવી જરૂરી છે કારણ કે રીજન્ટ, શ્રીજી તથા અન્ય કૌભાંડો બહાર આવતા જશે.તેને રોકવા આવા કૌભાંડીયા એસએમસીને પેઢી બનાવીને ખુરશી પર ચીટકી ગયા છે.જેને દુર કરવા અંગેની માહિતીની નકલ " માંગેલી છે તે અંગે સેકશન ઓફિસર (મહેકમ)જાહેર માહિતી અધિકારીએ "આ અધિનિયમ હુકમ માત્ર એક જ માહિતી પુરી પાડવાની છે કે જે અસ્તિત્વ ધરાવતી હોય અને તે સંબંધિત સત્તા તંત્રની પોતાની પાસે કે નિયંત્રણ હેઠળ હોય,માહિતી ઉભી કરવી તે જાહેર સત્તાતંત્ર માટે અધિનિયમના વ્યાપની બહારની બાબતો અને તે આ અધિનિયમ અન્વયે જાહેર સત્તાતંત્રએ તેમ કરવું જરૂરી નથી.જે ધ્યાને લેતા આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતી સુચન/રજુઆત સ્વરૂપની જણાય છે."તે પ્રમાણે સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૧/૦૯/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૭૦ થી માહિતી પુરી પાડેલ છે.

ઉપરોકત હકીકત જોતાં અરજદારે માંગેલી કુલ –૬ મુદ્દાઓની માહિતી પૈકી મુદ્દાનં.૫ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી જણાય છે.પરંતુ તે માહિતી સુચન/રજુઆત સ્વરૂપની જણાતી હોય,તે અધિનિયમની જોગવાઈ મુજબ તેનો માહિતીની વ્યાખ્યામાં સમાવેશ થતો નહી હોવાથી તેવી માહિતી આપવી શકય નહી હોવાથી સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૦૯/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૭૦ થી જણાવેલ માહિતી યથાયોગ્ય જણાતી હોય,અપીલ અરજી અંગે વિશેષ કઈ ન કરતાં તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૯/૦૮/૧૩ ની અરજી આઈડી નં.૧૦૭૭થી માંગેલી કુલ –૬ મુદ્દાઓની માહિતી પૈકી મુદ્દાનં.૫ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી જણાય છે.પરંતુ તે માહિતી સુચન/રજુઆત સ્વરૂપની જણાતી હોય,તે અધિનિયમની જોગવાઈ મુજબ તેનો માહિતીની વ્યાખ્યામાં સમાવેશ થતો નહી હોવાથી તેવી માહિતી આપવી શકય નથી જેથી સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૦૯/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૭૦ થી જણાવેલ માહિતી યથાયોગ્ય જણાતી હોય,અપીલ અરજી અંગે વિશેષ કઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૩૩૯૯

તા.૨/૧૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના:** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ......જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૩૬/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ,

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ, તા.૧૩/૯/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૨૬૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૮/૧૦/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/36/13-14.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે તા.૧૩/૦૯/૧૩ ની અરજી આઈ.ડી.નં.૧૨૬૭ થી, મ્યુ.કમિશ્નરશ્રીને સંબોધીને કરેલ જુદી જુદી તારીખની કુલ ૧૧(અગિયાર) અરજીઓ મોકલેલી, તે રજુઆતો, ફરિયાદો ઉપર મ્યુ.કમિશ્નરશ્રીએ કરેલ શેરો, રીમાર્ક અને નોંધોની ખરી નકલ (૨) સદર અરજીઓ જે જે જવાબદાર અધિકારી તરફ આવેલ હોય તે વિભાગમાં થયેલ નોંધની ખરી નકલ (૩) જે તે અધિકારીઓએ કરેલ કાર્યવાહીની ખરી નકલ (૪) સદર કાર્યવાહી બાદ પાઠવેલ પ્રત્યુત્તરની ખરી નકલ (૫) સદર અરજીઓ સંદર્ભે અરજદારને કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી એટલે કે મ્યુ.કમિશ્નરશ્રી તરફથી સોંપેલ જવાબદારી નહી નિભાવી ફરજ પ્રત્યે બેદરકારી, જવાબદાર અધિકારીઓએ જે વ્યાજબીપણા અને જે મુલ્યાંકનના આધારે જે વેતન મેળવેલ હોય તે તમામ વિગતોની ખરી નકલો સહ સંપુર્ણ માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનના તા.૧૬/૦૯/૧૩ ના પત્ર નં.૧૯૨૦ થી મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકા અને કલેકટર કચેરીને તબદીલ થયેલ છે અને મધ્યસ્થ કચેરીના તા.૨૦/૦૯/૧૩ ના પત્ર નં.સી/૨૮૩૪ થી જુદા જુદા સાત જાહેર માહિતી અધિકારીઓને તબદીલ થયેલી છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૪/૦૯/૧૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

સદર અરજીથી માંગેલી માહિતી પૈકી આંશિક માહિતી પેટે તા.૨૭/૦૬/૧૩ ની અરજી, જે મધ્યસ્થ કચેરીમાં ડી/૩૦૧૧ તા.૨૭/૦૬/૧૩ થી નોંધાવેલી અરજી પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ) ને તા.૨૯/૦૬/૧૩ ના રોજ મોકલેલ છે. તે અંગેની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ તે અત્રેની આંશિક માહિતી પેટે મુદ્દા નં.૧ થી ૨ માટે જરૂરી નકલ ફી ભરવા માટે તા.૦૧/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૮૮ થી અરજદારને જાણ કરેલ છે. જ્યારે તે (તા.૨૭/૦૬/૧૩) અરજી સંદર્ભે મુદ્દા નં.૩ થી ૫ ની વિગત વીજીલન્સ વિભાગને લાગત જણાતાં તા.૦૧/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૮૯ થી તે વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરેલ છે. સેકશન ઓફિસર મહેકમએ જાહેર માહિતી અધિકારીના પત્રમાં જણાવ્યા મુજબની નકલ ફી અરજદાર મજકુરે તા.૧૦/૧૦/૧૩ ની રસીદ નં.૧૯૭૫૦૦ થી ભરી દેતાં, તા.૧૦/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૫૨ થી અરજદારશ્રીને પુરી પાડેલ છે. સદર અરજી કલેકટર કચેરી મારફત પણ સેન્ટ્રલ ઓફિસને તબદીલ થતાં, સેન્ટ્રલ ઓફિસના જાહેર માહિતી અધિકારીએ ફરીથી આ અરજી બીજા લાગત વિભાગોની સાથે સાથે મધ્યસ્થ મહેકમ વિભાગને પણ તબદીલ કરતાં તે તા.૨૫/૧૦/૧૩ ના રોજ પ્રાપ્ત થયેલ પરંતુ એકની એક અરજીની બીજી વખત માહિતી આપવાને બદલે સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ તા.૩૦/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૨૯ થી અગાઉ તા.૧૦/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૫૨ થી માહિતી પુરી પાડેલ હોવાનું સુચિત કરેલ છે.

અરજદારશ્રીએ તા.૨૯/૧૦/૧૩ ની અપીલ અરજીમાં "અમુક નિર્ણય મળ્યા છે પણ માહિતી પુરી પાડેલ નથી" એવું જણાવેલ છે તેમજ "અમુક વિભાગ જેવા કે બ્રીજસેલ, વીજીલન્સ, મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ, મહેકમના જાહેર માહિતી અધિકારીઓએ છટકબારી શોધવાના ભાગરૂપે જવાબ પાઠવી પોતાની ફરજ પુરી કરી છે. પણ તમામ માહિતી જાણી જોઈને છુપાવી છે" એવું કારણ રજુ કરેલ છે તે અંગે જણાવવાનું કે અરજદારની માહિતીની કુલ માંગણી પૈકી આંશિક માહિતી ફકત તા.૨૭/૦૬/૧૩ ની ડી/૩૦૧૧ અરજી જ મહેકમ વિભાગને લાગત છે. તે અરજી માટે મુદ્દા નં.૧ માં જણાવેલ "રજુઆતો ફરિયાદો ઉપર મ્યુ.કમિશ્નરશ્રીએ કરેલ શેરો, રીમાર્કસ અને નોંધની નકલ માંગેલી" તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ અરજીની નકલ કે જેના ઉપર કમિશ્નરશ્રી તેમજ અન્ય અધિકારીઓએ શેરા કરેલ છે. જેની નકલ પુરી પાડેલ છે. જેથી અરજદાર તેનો સંદર્ભ મેળવી શકે છે. જ્યારે મુદ્દા નં.૨ માં સદર અરજીઓ જે જે જવાબદાર અધિકારી તરફ આવેલ હોય તે વિભાગમાં થયેલ દફતરી નોંધો(નોટીંગ રીપોર્ટ)ની નકલ માંગેલી તે સંદર્ભે નં.ડી/૩૦૧૧ તા.૨૭/૦૬/૧૩ ની અરજી સંદર્ભે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને હકીકતલક્ષી અહેવાલ મોકલવા સારૂ રીપોર્ટ મધ્યસ્થ મહેકમ વિભાગના પત્ર નં. જીએડી/ઈએસટી/૧૫૮૯

| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|


તા.૧૦/૦૭/૧૩ થી મોકલવામાં આવેલ, તેની નકલ અરજદારશ્રીને પુરી પાડેલ છે. જયારે સદર અરજી અંગે મુદ્દા નં.૩ થી જે જે અધિકારીઓએ જે જે કાર્યવાહી કરેલ હોય તેનો જવાબ માહિતીનો મુદ્દા નં.૨ની માહિતીમાં સમાવેશ થઈ જાય છે. જયારે મુદ્દા નં.૩ ની આંશિક માહિતી તેમજ મુદ્દા નં.૪ અને ૫ ની સદર અરજી અંગેની માહિતી માટે વીજીલન્સ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩/૦૯/૧૩ ની અરજી આઈડી નં.૧૨૬૭ થી માંગેલી કુલ માહિતી પૈકી તા.૨૭/૦૬/૧૩ ની અરજી, જે મઘ્યસ્થ કચેરીમાં ડી/૩૦૧૧ થી નોંધાયેલી છે. ફકત તે જ અરજી અંગેની માહિતી મઘ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી હોય, તે સંદર્ભના મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પેટે અરજદારની તા.૨૭/૦૬/૧૩ ની મુળ અરજી ઉપર માન.કમિશ્નરશ્રીએ તેમજ અન્ય અધિકારીઓએ શેરા કરેલા છે તેની નકલ તેમજ અરજી અંગે કરવામાં આવેલ કાર્યવાહી સંદર્ભે વીજીલન્સ વિભાગને મોકલવામાં આવેલ તા.૧૦/૦૭/૧૩ આ.નં.જીએડી/ઈએસટી/૧૫૮૯ ની નકલ અરજદારશ્રીને તા.૧૦/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૩૦૫૨ થી સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ છે. જયારે આ અરજી અંગેના મુદ્દા નં.૩ થી ૫ સંદર્ભેની માહિતી માટે વીજીલન્સ વિભાગના જાહેર માહિતી અધિકારીને તા.૧૦/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૨૨૮૯ થી અરજી તબદીલ કરવામાં આવેલ છે. ઉપરાંત અરજદારશ્રીની મુળ અરજી ફરીથી તબદીલ થઈને મઘ્યસ્થ મહેકમ વિભાગને મળતાં, સદર માહિતી તા.૧૦/૧૦/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૫૨થી પુરી પાડયાનું અરજદારને સુચિત કરવામાં આવેલ હોય, માહિતી નહી પુરી પાડયાની કે જાણી જોઈને છુપાવી હોવાની અરજદારશ્રીની રજુઆત તથ્યહિન જણાતી હોય, અરજી અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવા જોગ જણાય છે.

**–:હુકમ:–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩/૦૯/૧૩ની અરજી આઈડી નં.૧૨૬૭ થી માંગેલી કુલ માહિતી પૈકી તા.૨૭/૦૬/૧૩ ની અરજી, જે મઘ્યસ્થ કચેરીમાં ડી/૩૦૧૧ થી નોંધાયેલી છે. ફકત તે જ અરજી અંગેની માહિતી મઘ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી હોય, તે સંદર્ભના મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પેટે અરજદારની તા.૨૭/૦૬/૧૩ ની મુળ અરજી ઉપર માન.કમિશ્નરશ્રીએ તેમજ અન્ય અધિકારીઓએ શેરા કરેલા છે તેની નકલ તેમજ અરજી અંગે કરવામાં આવેલ કાર્યવાહી સંદર્ભે વીજીલન્સ વિભાગને મોકલવામાં આવેલ તા.૧૦/૦૭/૧૩ આ.નં.જીએડી/ઈએસટી/૧૫૮૯ ની નકલ અરજદારશ્રીને તા.૧૦/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૩૦૫૨ થી સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ છે.જયારે આ અરજી અંગેના મુદ્દા નં.૩ થી ૫ સંદર્ભેની માહિતી માટે વીજીલન્સ વિભાગના જાહેર માહિતી અધિકારીને તા.૧/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૮૯ થી અરજી તબદીલ કરવામાં આવેલ છે. ઉપરાંત અરજદારશ્રીની મુળ અરજી ફરીથી તબદીલ થઈને મઘ્યસ્થ મહેકમ વિભાગને મળતાં, સદર માહિતી તા.૧૦/૧૦/૧૩ ના પત્ર નં. જીએડી/ઈએસટી/૩૦૫૨થી પુરી પાડયાનું અરજદારને સુચિત કરવામાં આવેલ હોય, માહિતી નહી પુરી પાડયાની કે જાણી જોઈને છુપાવી હોવાની અરજદારશ્રીની રજુઆત અંગે અત્રેના વિભાગની રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોય , અરજી અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૩૫૫૨
તા.૧૬/૧૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ પ્રતિ... જાણ માટે.

| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ００૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૩૭/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી કમલેશ બી.પાનેલીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી કમલેશ બી.પાનેલીયા તા.૧૮/૧૦/૧૩ની અરજી આઈ.ડી.નં.૪૯૧૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૧૮/૧૦/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/37/13-14.

અરજદાર શ્રી કમલેશ બી.પાનેલીયાએ તા.૧૮/૧૦/૧૩ ની અરજીથી મધ્યસ્થ મહેકમ વિભાગના ઈ.ચા.ઓફીસરશ્રી પાસેથી અરજીમાં જણાવેલ કુલ–૧૬ અધિકારીઓની નોકરીમાં જોડાયા બાદ મેળવેલ વધુ અભ્યાસની પ્રમાણીત નકલોની સામેલ પ્રફોર્મામાં માંગણી કરેલી, મધ્યસ્થ મહેકમ વિભાગમાં તા.૧૮/૧૦/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ, સદર અરજીથી વિદિત થઈ સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ, અરજીમાં જણાવેલ હોદ્દા ઉપર ફરજ બજાવતા અધિકારીઓ નોકરીમાં જોડાયા ત્યારની લાયકાત અને વર્ષ તથા નોકરીમાં જોડાયા બાદ વધુ અભ્યાસની વિગતોની આંશિક માહિતી અર્થે મજકુર અધિકારીની સેવાપોથી જે વિભાગમાં નિભાવવામાં આવે છે તે વિભાગ/ઝોનોને તા.૨૩/૧૦/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી /૩૨૧૫ થી તબદીલ કરેલ છે અને આવા જે અધિકારીઓની સેવાપોથી મહેકમ વિભાગમાં નિભાવવામાં આવે છે. તેઓને લગતી માહિતી પુરી પાડવાના આશયથી તેની નકલ ફી ભરવા માટે અરજદારને તા.૧૪/૧૧/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૫૩૬ થી જાણ કરેલી છે. તેમજ સદર જરૂરી નકલ ફી અરજદારે તા.૨૧/૧૧/૧૩ની રસીદ નં.૧૯૯૨૬૩ થી ભરી દેતા, તા.૨૧/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૨૯ થી અરજદારશ્રીને પુરી પાડેલ છે. જેમાં જે અધિકારીઓની સેવાપોથી મધ્યસ્થ મહેકમ વિભાગ નિભાવે છે તેઓની સેવાપોથીના સબંધીત પાનાની નકલ, વધુ અભ્યાસ અંગેની પરવાનગી મેળવી હોય તે સંદર્ભેના ઉપલબ્ધ કચેરી હુકમોની નકલો પુરી પાડેલ છે. જયારે વધુ અભ્યાસની માર્કશીટ, ડીગ્રી સર્ટી.ને લગતી માહિતી ત્રાહિત પક્ષકારને લગતી માહિતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) મુજબ પુરી પાડી શકાય તેમ નથી. તેવુ જણાવી, નારાજ હોય તો સમય મર્યાદામાં અપીલ કરવાનુ સુચિત કરેલ છે.

અરજદારશ્રી મજકુરની તા.૧૮/૧૦/૧૩ની મુળ અરજી, અન્ય વિભાગોને પણ લાગત હોવાથી સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૩/૧૦/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૨૧૫ થી અન્ય લાગત વિભાગોની સાથે હાઈડ્રોલીક વિભાગને પણ તબદીલ કરેલ છે અને તે અનુસંધાને સેકશન ઓફીસર અને મદદનીશ જાહેર માહીતી અધિકારીએ તા.૧૪/૧૧/૧૩ના પત્ર નં.એચઈડી/આઉટવર્ડનં.૩૨૩૬ થી અરજદારને માહિતી પુરી પાડેલ જણાય છે. જયારે અરજદારે અપીલ અરજી સાથે રજુ કરેલ બીડાણમાં ડે.એકાઉન્ટ અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક વિભાગે તા.૨/૧૧/૧૩ ના પત્ર નં.એચઈડી/આ.નં.૩૨૧૦ થી "માંગવામાં આવેલી માહિતી આ સત્તા મંડળના અધિકાર ક્ષેત્રમાં આવતી નથી" એવુ જણાવી સદર અરજી પરત તબદીલ કરેલ છે. જયારે અરજદારની અપીલ અરજીમાં હાઈડ્રોલીક વિભાગના જવાબથી નારાજ હોવાનુ જણાવતા તે વિભાગને અપીલ અધિકારીશ્રીને તા.૨૧/૧૧/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૨૦ થી મોકલવતા તેઓશ્રીએ તા.૨૬/૧૧/૧૩ ના પત્ર નં.એચઈડી/આ.નં.૩૩૯૧ થી મધ્યસ્થ મહેકમ વિભાગને પરત તબદીલ કરેલ છે. તેમજ પત્ર નં.૩૩૯૨ થી અરજદારને અપીલ સંદર્ભે રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવેલ છે. આમ, તબદીલ કરેલી મુળ અરજી અને તે અનુસધાને પુરી પાડેલ માહિતીથી નારાજ થતા કરેલી અપીલ અરજી પણ હાઈડ્રોલીક વિભાગને તબદીલ કરતા તે પરત તબદીલ કરેલ છે. ઉપરાંત મુળ અરજી અંગે અપીલ સંદર્ભે કાર્યવાહી પણ કરેલ છે. જે જુગુપ્સાપ્રેરક જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

મધ્યસ્થ મહેકમ લેવલે અરજદારની મુળ અરજી સંદર્ભે માહિતી પુરી પાડવા માટે જરૂરી નકલ ફી ભરવા માટેનો તા.૧૪/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૩૬ પાઠવેલ છે. તે અનુસંધાને જરૂરી ફી ભરીને માહિતી મેળવવાને બદલે અરજદારે અરજીની મુદત પુરી થાય તે પહેલાં તા.૧૬/૧૧/૧૩ ના રોજ અપીલ કરી દીધેલ છે અને તા.૨૧/૧૧/૧૩ ના રોજ ફી ભરીને તે જ તારીખે માહિતી પણ મેળવેલી છે. આમ અરજદારે માહિતી મેળવતા પહેલા અપીલ અરજી કરેલ છે અને ત્યારબાદ માહિતી મેળવેલ છે. જેથી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મળેલ માહિતીથી નારાજ હોવાનુ જણાતુ નથી, વધુમાં ઈસ્ટ ઝોન અને હાઈડ્રોલીક વિભાગ તરફથી પુરી પાડેલ માહિતીથી નારાજ થઈ અપીલ કરેલ છે અને આવી માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગે એકત્ર કરી પુરી પાડવાની આશા રાખેલ છે. પરંતુ આર.ટી.આઈ. કાયદામાં જે વિભાગને લાગત હોઈ તે વિભાગે માહિતી જે સ્વરૂપે હોય તે સ્વરૂપે પુરી પાડવાની જોગવાઈ છે. જેથી અરજદારે રજુ કરેલ પ્રફોર્મામાં કે મધ્યસ્થ મહેકમ વિભાગે એકત્ર કરી પુરી પાડવાની માંગણી યોગ્ય જણાતી નથી, તેથી તેમની અપીલ અરજી અંગે વિશેષ કઈ ન કરતા દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ ક મ :–</u>**

અરજદારશ્રી કમલેશ બી. પાનેલીયાની તા.૧૮/૧૦/૧૩ની મુળ અરજી સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ માહિતી પુરી પાડવા માટે જરૂરી નકલ ફી ભરવા માટેનો પત્ર પાઠવ્યા બાદ, તે ફી ભરી માહિતી મેળવવાને બદલે મુળ અરજીની દિન–૩૦ ની મુદત પુરી થાય તે પહેલા તા.૧૬/૧૧/૧૩થી અપીલ અરજી કરેલી છે અને ત્યારબાદ તા.૨૧/૧૧/૧૩ ના રોજ નકલ ફી ભરી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઇએસટી /૩૬૨૯થી માહિતી મેળવેલી છે. આમ, માહિતી મળે તે પહેલા જ મળેલ માહિતીથી નારાજ થવાની અરજદારશ્રીની રજુઆત યોગ્ય નથી, ગેરમાર્ગે દોરનારી છે વધુમાં અન્ય વિભાગની અધુરી માહિતી પુરી પાડવાની મધ્યસ્થ મહેકમની જવાબદારી હોવાની અરજદારશ્રીની રજુઆત પણ આર.ટી.આઈ. કાયદાની "માહિતી જે વિભાગની હોય તે વિભાગે, જે સ્વરૂપે હોય તે જ સ્વરૂપે પુરી પાડવાની" જોગવાઈ સાથે સુસંગત નથી. જેથી અરજદારની અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૩૯૪૧
તા.૧૧/૧૨/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી કમલેશ બી. પાનેલિયા પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૩૭(૧)/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી કમલેશ બી.પાનેલીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીક્ત :–</u>**

**વિષયઃ–** અરજદાર શ્રી કમલેશ બી.પાનેલીયા તા.૧૮/૧૦/૧૩ની અરજી આઈ.ડી.નં.૪૯૧૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૬/૧૨/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/37(1)/13-14.

અરજદાર શ્રી કમલેશ બી.પાનેલીયાએ તા.૧૮/૧૦/૧૩ ની અરજીથી મધ્યસ્થ મહેકમ વિભાગના ઈ.ચા.ઓફીસરશ્રી પાસેથી અરજીમાં જણાવેલ કુલ–૧૬ અધિકારીઓની નોકરીમાં જોડાયા બાદ મેળવેલ વધુ અભ્યાસની પ્રમાણીત નકલોની સામેલ પ્રફોર્મામાં માંગણી કરેલી, મધ્યસ્થ મહેકમ વિભાગમાં તા.૧૮/૧૦/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ, સદર અરજીથી વિદિત થઈ સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ, અરજીમાં જણાવેલ હોદ્દા ઉપર ફરજ બજાવતા અધિકારીઓ નોકરીમાં જોડાયા ત્યારની લાયકાત અને વર્ષ તથા નોકરીમાં જોડાયા બાદ વધુ અભ્યાસની વિગતોની આંશિક માહિતી અર્થે મજકુર અધિકારીની સેવાપોથી જે વિભાગમાં નિભાવવામાં આવે છે તે વિભાગ/ઝોનોને તા.૨૩/૧૦/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૨૧૫ થી તબદીલ કરેલ છે અને આવા જે અધિકારીઓની સેવાપોથી મહેકમ વિભાગમાં નિભાવવામાં આવે છે. તેઓને લગતી માહિતી પુરી પાડવાના આશયથી તેની નકલ ફી ભરવા માટે અરજદારને તા.૧૪/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૫૩૬થી જાણ કરેલી છે. તેમજ સદર જરૂરી નકલ ફી અરજદારે તા.૨૧/૧૧/૧૩ની રસીદ નં.૧૯૯૨૬૩ થી ભરી દેતા, તા.૨૧/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૨૯ થી આરજદારશ્રીને પુરી પાડેલ છે. જેમાં જે અધિકારીઓની સેવાપોથી મધ્યસ્થ મહેકમ વિભાગ નિભાવે છે તેઓની સેવાપોથીના સંબંધીત પાનાની નકલ, વધુ અભ્યાસ અંગેની પરવાનગી મેળવી હોય તે સંદર્ભેના ઉપલબ્ધ કચેરી હુકમોની નકલો પુરી પાડેલ છે. જયારે વધુ અભ્યાસની માર્કશીટ, ડીગ્રી સર્ટી.ને લગતી માહિતી ત્રાહિત પક્ષકારને લગતી માહિતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડી શકાય તેમ નથી. તેવુ જણાવી, નારાજ હોય તો સમય મર્યાદામાં અપીલ કરવાનુ સુચિત કરેલ છે.

મધ્યસ્થ મહેકમ લેવલે અરજદારની મુળ અરજી સંદર્ભે માહિતી પુરી પાડવા માટે જરૂરી નકલ ફી ભરવા માટેનો તા.૧૪/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૩૬ પાઠવેલ છે. તે અનુસંધાને જરૂરી ફી ભરીને માહિતી મેળવવાને બદલે અરજદારે અરજીની મુદત પુરી થાય તે પહેલાં તા.૧૬/૧૧/૧૩ ના રોજ અપીલ કરી દીધેલ છે અને તા.૨૧/૧૧/૧૩ ના રોજ ફી ભરીને તે જ તારીખે માહિતી પણ મેળવેલી છે. આમ અરજદારે માહિતી મેળવતા પહેલા અપીલ અરજી કરેલ છે અને ત્યારબાદ માહિતી મેળવેલ છે. જેથી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મળેલ માહિતીથી નારાજ હોવાનુ ન જણાતા તે અત્રેના હુકમ નં.જીએડી/ઇએસટી/૩૯૪૧ તા.૧૧/૧૨/૧૩થી દફતરે કરવામાં આવેલ છે. હવેથી જાહેર માહિતી અધિકારીના તા.૨૧/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૨૯ થી પુરી પાડેલી માહિતીમાં અધિકારીશ્રીઓના બાયોડેટા આપેલ છે. તેમા અમુક અધિકારીશ્રીઓની ફકત ડીગ્રી બતાવેલ છે. પાસ કર્યાનુ વર્ષ તથા યુનિવર્સીટી દર્શાવેલ નથી તથા કઈ રીતે અભ્યાસ કરેલ છે તે દર્શાવેલ નથી. જે પ્રફોર્મા મુજબ અધુરી માહિતી છે. જેથી આવા અધિકારીઓ પાસેથી સંપુર્ણ સાચી માહિતી લઈ પુરી પાડવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીએ તા.૧૮/૧૦/૧૩ની મુળ અરજીથી અરજીમાં જણાવેલ અધિકારીશ્રીઓની નોકરીમાં જોડાયા બાદ મેળવેલ વધુ અભ્યાસની પ્રમાણિત માર્કશીટ, ડીગ્રી સર્ટી અને વધુ અભ્યાસની પરવાનગીના ઓર્ડરના નકલોની માંગણી કરેલી, તે સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ નિયમાનુસાર તા.૨૧/૧૧/૧૩નાં પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૨૯ થી માહિતી પુરી પાડેલી છે. જેમાં તે અધિકારીઓ પૈકી જે અધિકારીઓની સેવાપોથી મધ્યસ્થ મહેકમ વિભાગમાં નિભાવવામાં આવે છે તેઓને લગતી માહિતી સંદર્ભે તેઓની સેવાપોથીના સબંધિત પાનાની નકલ તથા તેવા હોદ્દાઓ ઉપર ફરજ બજાવતા અધિકારીઓ પૈકી જે અધિકારીઓએ મહાનરગપાલિકામાં જોડાયા બાદ વધુ અભ્યાસ અંગેની પરવાનગી મેળવી હોય તે સંદર્ભેના ઉપલબ્ધ કચેરી હુકમોની નકલ અરજદારશ્રીને પુરી પાડેલ છે અને નોકરીમાં જોડાયા બાદ મેળવેલ વધુ અભ્યાસની માર્કશીટ ડીગ્રી સર્ટીફિકેટ ને લગતી માહિતી ત્રાહિત પક્ષકારને લગતી માહિતી હોવાથી આર.ટી.આઈ. એકટ ની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડી શકાય તેમ નથી એવુ સુચિત કરેલ છે. તે અરજદારની માંગણી અન્વયે યોગ્ય જણાય છે તેથી અધિકારીઓ પાસેથી સંપુર્ણ સાચી માહિતી મેળવી અરજદારશ્રીને પુરી પાડવા અંગેની અરજદારની રજુઆત આર.ટી.આઈ. કાયદા સાથે સુસંગત ન હોય અપીલ અંગે વિશેષ કાંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુકમ :–**

અરજદારશ્રી કમલેશ બી. પાનેલીયાની તા.૧૮/૧૦/૧૩ની મુળ અરજીથી અરજીમાં જણાવેલ અધિકારીશ્રીઓની નોકરીમાં જોડાયા બાદ મેળવેલ વધુ અભ્યાસની પ્રમાણિત માર્કશીટ, ડીગ્રી સર્ટી. અને વધુ અભ્યાસની પરવાનીના ઓર્ડરોની નકલોની માંગણી કરેલી, તે સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ નિયમાનુસાર તા.૨૧/૧૧/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી /૩૬૨૯થી માહિતી પુરી પાડેલી છે. જેમાં તે અધિકારીઓ પૈકી જે અધિકારીઓની સેવાપોથી મધ્યસ્થ મહેકમ વિભાગમાં નિભાવવામાં આવેલ છે. તેઓને લગતી માહિતી સંદર્ભે તેઓની સેવાપોથીના સબંધીત પાનાની નકલ તથા તેવા હોદ્દા ઉપર ફરજ બજાવતા અધિકારીઓ પૈકી જે અધિકારીઓએ મહાનરગપાલિકામાં જોડાયા બાદ વધુ અભ્યાસ અંગેની પરવાનગી મેળવી હોય તે સંદર્ભેના ઉપલબ્ધ કચેરી હુકમોની નકલ અરજદારશ્રીને પુરી પાડેલ છે અને નોકરીમાં જોડાયા બાદ મેળવેલ વધુ અભ્યાસની માર્કશીટ ડીગ્રી સર્ટીફિકેટ ને લગતી માહિતી ત્રાહિત પક્ષકારને લગતી માહિતી હોવાથી આર.ટી.આઈ. એકટ ની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડી શકાય તેમ નથી એવુ સુચિત કરેલ છે. તે અરજદારની માંગણી અન્વયે યોગ્ય જણાય છે તેથી અધિકારીઓ પાસેથી સંપુર્ણ સાચી માહિતી મેળવી અરજદારશ્રીને પુરી પાડવા અંગેની અરજદારની રજુઆત આર.ટી.આઈ. કાયદા સાથે સુસંગત ન હોય અપીલ અંગે વિશેષ કાંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૪૫૧
તા.૦૭/૦૧/૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી કમલેશ બી. પાનેલિયા પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૮/૧૩–૧૪**

**અરજદાર :** ડો.મુકેશકુમાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર ડો.મુકેશકુમારની તા.૨૯/૧૦/૧૩ની અરજી આઈ.ડી. નં.૭૫૫ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૭/૧૨/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/FAP/38/13-14.

અરજદારશ્રી ડો.મુકેશકુમારે તા.૨૯/૧૦/૧૩ની અરજી આઈ નં.૭૫૫ થી કુલ–બે મુદ્દાઓની માહિતી માંગેલી જે ઈસ્ટ ઝોન(વરાછા)ના તા.૨/૧૧/૧૩ના પત્ર નં.આરટીઆઈસેલ/આ.નં.૭૫૫ થી સ્મીમેર મેડીકલ કોલેજ મધ્યસ્થ– મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે. જે તા.૬/૧૧/૧૩ના રોજ મધ્યસ્થ–મહકેમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. સદર અરજી સ્મીમેર મેડીકલ કોલેજના તા.૧૩/૧૧/૧૩ના પત્ર નં.સ્મીમેર/આરટીઆઈસેલ/૨૮૪૦ થી પણ તબદીલ થઈને મધ્યસ્થ મહેકમને મળેલ છે. સદરહુ અરજીની વિગતો ધ્યાને લઈ તેની માહિતી પેટેની જરૂરી નકલો માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ)એ તા.૨૬/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૮૦ થી નકલ ફી ભરવા માટે અરજદારશ્રીને જાણ કરેલ છે. તે અનુસંધાને અરજદારશ્રીએ ર.નં.૧૯૯૬૬૭ તા.૫/૧૨/૧૩થી જરૂરી નકલ ફી ભરી દેતાં, સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૫/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૨૫થી માહિતી પૂરી પાડેલી છે. તે માહિતીમાં મુદ્દા નં.૨ની માહિતીથી નારાજ થઈ, અરજદારશ્રીએ તા.૧૭/૧૨/૧૩થી અપીલ કરી માહિતી અપાવવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીએ તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજીમાં મુદ્દા નં.૨થી "સુરત મહાનગરપાલિકાના આરોગ્ય સ્ટાફ કે જેઓની સ્મીમેરમાં કાયમી નિમણુંક કરવામાં આવેલ છે. તેઓની ભરતી થયાની તારીખ અને સ્મીમેરમાં જોડાયાના તારીખની "માહિતી માંગેલી તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ" માંગવામાં આવેલ માહિતી "અલાયદી કે વર્ગીકૃત સ્વરૂપમાં ઉપલબ્ધ નથી જેથી માહિતી પૂરી પાડી શકાય તેમ નથી" એવું જણાવેલ છે. હવેથી અરજદાર"સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ફરજ બજાવતા હોય અને સ્મીમેરની સ્થાપના થવાથી એ સમયે અથવા એ સમય બાદના કોઈ પણ સમયે જેમની બદલી/પર બદલી/કાયમ પર બદલી થઈ હોય તેવા અને હાલમાં સ્મીમેર ખાતે તબીબી શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા અધિકારી/કર્મચારીની માહિતી "અપીલ અરજીથી માંગેલી છે. અરજદારે મૂળ અરજીમાં "આરોગ્ય સ્ટાફ કે જેઓની સ્મીમેરમાં કાયમી નિમણુંક કરવામાં આવેલ, તેઓની ભરતી થવાની તારીખ અને સ્મીમેરમાં જોડાયાની તારીખ" માંગેલી જયારે અપીલ અરજીમાં "આરોગ્ય વિભાગમાં નિમણુંક થયેલી હોય અને સ્મીમેરની સ્થાપના થવાથી, એ સમયે અથવા એ સમય બાદના કોઈપણ સમયે તેમની સ્મીમેરમાં બદલી/ પર બદલી/કાયમી પર બદલી થઈ હોય, એવા હાલમાં સ્મીમેર ખાતે તબીબી શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા અધિકારી/કર્મચારીની માહિતી માંગેલી છે.

સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ આરોગ્ય વિભાગમાં નિમણુંક પામેલ હોય અને સ્મીમેરની સ્થાપના થતાં ત્યાં બદલી કરેલ હોય એવા અધિકારી/કર્મચારીની અલાયદી/વર્ગીકૃત સ્વરૂપમાં માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. સ્મીમેરની સ્થાપના થતાં તેમાં વિપુલ પ્રમાણમાં અધિકારી/ કર્મચારીની નિમણુંક કરવામાં આવેલી હોવાથી તેમાં આરોગ્ય વિભાગમાં નિમણુંક પામેલા અધિકારી/કર્મચારીની બદલી કરી નિમણુંક આપેલ હોય એવા અધિકારી/ કર્મચારીની અલાયદી/વર્ગીકૃત માહિતી ન હોય એ માની શકાય તેમ છે. વધુમાં માંગવામાં આવેલ માહિતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનુ જણાતુ નથી. ઉપરાંત અલાયદી કે વર્ગીકૃત માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે વિપુલ પ્રમાણની માહિતીમાંથી અલગ ઉપસ્થિત કરવાનું આરટીઆઈ કાયદા સાથે સુસંગત ન હોવાથી સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલી માહિતી યોગ્ય જણાય છે. જેથી અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુ ક મ :–**

અરજદાર ડો.મુકેશકુમારની તા.૨૯/૧૦/૨૦૧૩ ની મુળ અરજી આઈ.ડી.નં.૭૫૫ સંદર્ભે સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૫/૧૨૧૩ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૩૮૨૫ થી આરોગ્ય વિભાગમાં નિમણુંક પામેલ હોય અને સ્મીમેરની સ્થાપના થતાં ત્યાં બદલી કરેલ હોય એવા અધિકારી/કર્મચારીની અલાયદી/વર્ગીકૃત સ્વરૂપમાં માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. સ્મીમેરની સ્થાપના થતાં તેમાં વિપુલ પ્રમાણમાં અધિકારી/કર્મચારીની નિમણુંક કરવામાં આવેલી હોવાથી તેમાં આરોગ્ય વિભાગમાં નિમણુંક પામેલા અધિકારી/કર્મચારીની બદલી કરી સ્મીમેર ખાતે નિમણુંક આપેલ હોય એવા અધિકારી/ કર્મચારીની અલાયદી/વર્ગીકૃત માહિતી ન હોય એ માની શકાય તેમ છે. વધુમાં માંગવામાં આવેલ માહિતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનુ જણાતુ નથી. ઉપરાંત અલાયદી કે વર્ગીકૃત માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે વિપુલ પ્રમાણની માહિતીમાંથી અલગ ઉપસ્થિત કરવાનું આરટીઆઈ કાયદા સાથે સુસંગત ન હોવાથી સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલી માહિતી યોગ્ય જણાય છે. જેથી અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૮૪૭
તા.૨૮/૦૧/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** ડો.મુકેશકુમાર પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૯/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ,

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ, તા.૧૧/૧૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૫૮૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૭/૧૨/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/39/13-14.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે તા.૧૧/૧૧/૧૩ની મૂળ અરજી આઈડી નં.૧૫૮૯થી, કુલ ૨ મુદ્દાઓથી માહિતી માંગેલી, જે સેન્ટ્રલ ઝોનના તા.૧૩/૧૧/૧૩ના પત્ર નં.૨૪૫૧ થી, મધ્યસ્થ મહેકમ, મધ્યસ્થ શહેર વિકાસ તથા ટાઉન પ્લાનીંગ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૩/૧૧/૧૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી અનુસંધાને સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ જરૂરી નકલ ફી ભરવા માટે તા.૦૯/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૯૪થી અરજદારને જાણ કરેલી, તે સંદર્ભે અરજદારે તા.૧૮/૧૨/૧૩ ની રસીદ નં.૨૦૦૨૬૨ થી નકલ ફી ભરેલી હોવાથી સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૪૧૦૦ થી માહિતી પુરી પાડેલી છે. આ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની માહિતી ઈરાદાપૂર્વક જાણી જોઈને સંપુર્ણ માહિતી છુપાવી હોવાનું કારણ જણાવી પ્રથમ અપીલ કરેલ છે. "મુદા નં.૨ની માહિતી સાચી પુરી પડાય તો મ્યુ.કમિશ્નરશ્રી સહિતના અન્ય અધિકારીઓના ભ્રષ્ટાચારની પોલ ખુલે તેમ હોવાથી આ માહિતી જાણી જોઈને ઈરાદા પૂર્વક છુપાવી હોવાથી આ અપીલ કરી હોવાનું" જણાવેલ છે. માહિતી છુપાવનાર જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ માહિતી છુપાવવા બદલ યોગ્ય કાર્યવાહી કરી અમો અરજદારને થયેલ નુકશાન અને ખર્ચ બદલ વળતર ચુકવવા સહિતની દાદ અપાવવા જણાવેલ છે.

અરજદારે મૂળ અરજીના મુદ્દા નં.૨ થી, મધ્યસ્થ શહેર વિકાસ અને ટાઉનપ્લાનીગ વિભાગમાં ફરજ બજાવી રહેલા વર્ગ–૧ અને ૨ ના અધિકારીઓની બદલી કરવા અને બદલી રોકવા તથા અન્ય કોઈ પણ નોંધ મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા કમિશ્નરશ્રીને કરેલ હોય તે દરખાસ્ત /રજુઆત/ વિનંતી/રીપોર્ટ કે અન્ય બાબતો અંગે થયેલી પત્ર વ્યવહારો અને નોટીસ રીપોર્ટ દફતરી નોંધ સહિતની સંપુર્ણ માહિતી ખરી નકલમાં માંગેલી છે. તે સંદર્ભે સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૦થી "ઉપરોકત બાબતની મળેલી રજુઆતો અંગે અત્રેથી કરવામાં આવેલ કાર્યવાહી હાલ નિર્ણયાર્થે પડતર હોય, આરટીઆઈ એકટ કલમ–૮(૧)(ટ) હેઠળ પુરી પાડી શકાય તેમ નથી." એવું જણાવી અપીલ કરવા સ્વતંત્ર હોવાનું સુચિત કરેલ છે. આર.ટી.આઈ. એકટની કલમ –૮(૧)(ટ) માં "મંત્રી પરિષદ સચિવો અથવા અન્ય અધિકારીઓના મંત્રણાના રેકર્ડ સહિત કેબીનેટના પેપર આપવાની જવાબદારી રહેશે નહી. પરંતુ મંત્ર પરિષદના નિર્ણયો, તેના કારણો અને જે બાબતને આધારે નિર્ણય લેવામાં આવ્યા હોય તે નિર્ણય લીધા પછી અને બાબત પુરી અથવા સંપુર્ણ થઈ ગઈ હોય ત્યારે જાહેર કરવા જોઈશે." તે ધ્યાને લેતા અરજદારે માંગેલી માહિતી હાલ નિર્ણયાર્થે પડતર હોવાથી જાહેર માહિતી અધિકારીએ આ માંગણી નકારેલ છે. તે યોગ્ય જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મૂળ અરજીના મુદ્દા નં.૨ થી, મધ્યસ્થ શહેર વિકાસ અને ટાઉનપ્લાનીગ વિભાગમાં ફરજ બજાવી રહેલા વર્ગ–૧ અને ૨ ના અધિકારીઓની બદલી કરવા અને બદલી રોકવા તથા અન્ય કોઈ પણ નોંધ મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા કમિશ્નરશ્રીને કરેલ હોય તે દરખાસ્ત /રજુઆત/ વિનંતી/રીપોર્ટ કે અન્ય બાબતો અંગે થયેલી પત્ર વ્યવહારો અને નોટીસ રીપોર્ટ દફતરી નોંધ સહિતની સંપુર્ણ માહિતી ખરી નકલમાં માંગેલી છે. તે સંદર્ભે સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૦થી "ઉપરોકત બાબતની મળેલી રજુઆતો અંગે અત્રેથી કરવામાં આવેલ કાર્યવાહી હાલ નિર્ણયાર્થે પડતર હોય, આરટીઆઈ એકટ કલમ–૮(૧)(ટ) હેઠળ પુરી પાડી શકાય તેમ નથી." એવું જણાવી અપીલ કરવા સ્વતંત્ર હોવાનું સુચિત કરેલ છે. આર.ટી.આઈ. એકટની કલમ –૮(૧)(ટ) માં "મંત્રી પરિષદ સચિવો અથવા અન્ય અધિકારીઓના મંત્રણાના રેકર્ડ સહિત કેબીનેટના પેપર આપવાની જવાબદારી રહેશે નહી. પરંતુ મંત્ર પરિષદના નિર્ણયો, તેના કારણો અને જે બાબતને આધારે નિર્ણય લેવામાં આવ્યા હોય તે નિર્ણય લીધા પછી અને બાબત પુરી અથવા સંપુર્ણ થઈ ગઈ હોય ત્યારે જાહેર કરવા જોઈશે." તે ધ્યાને લેતા અરજદારે માંગેલી માહિતી હાલ નિર્ણયાર્થે પડતર હોવાથી જાહેર માહિતી અધિકારીએ આ માંગણી નકારેલ છે. તે યોગ્ય જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૭૩૪
તા.૨૩/૦૧/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના:** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૦/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી કૈલાશ અગ્રવાલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી કૈલાશ અગ્રવાલની તા.૨૯/૧૦/૧૩ની અરજી આઈ.ડી. નં.૭૪૪ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩૦/૧૨/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/40/13-14.

અરજદારશ્રી કૈલાશ અગ્રવાલે તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈડી.નં.૭૪૪થી કુલ ૮ મુદ્દાઓથી માહિતી માંગેલી જે ઈસ્ટ(વરાછા) ઝોનના તા.૨/૧૦/૧૩ના પત્ર નં.૭૪૪ થી સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) જાહેર માહિતી અધિકારીને તબદીલ થઈને તા.૬/૧૧/૧૩ ના રોજ મળેલી છે.સદર અરજીના મુદ્દા, અન્ય વિભાગને પણ લાગત જણાતાં સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૭/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૩૮ થી સ્મીમેર હોસ્પીટલ અને તા.૨૧/૧૧/૧૩ના પત્ર નં.૩૬૧૨થી આરોગ્ય (મહેકમ)વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે અને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૩૭૦૬થી પુરી પાડી,નકલ પેટે જરૂરી નકલ ફી ભરવા માટે તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૭૦૭ થી અરજદારશ્રીને જાણ કરેલી. તે અનુસંધાને અરજદારશ્રીએ રસીદ નં.૨૦૦૮૫૯ તા.૨૭/૧૨/૧૩થી ફી ભરેલી અને તેની જાણ તા.૩૦/૧૨/૧૩ના રોજ થતાં તા.૩૦/૧૨/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૪૭થી નકલ પુરી પાડેલી છે. ત્યારબાદ અરજદારશ્રીએ મુદ્દા નં.૩,૪ અને ૫ ની માહિતી મળી નથી. તે પુરી પાડવા, મુદ્દા નં.૮ થી માહિતી આપવા તેમજ એપેલેટ ઓથોરીટીનું નામ જણાવવા અપીલ કરેલ છે.

અપીલ અરજીમાં મુદ્દા નં.૩,૪ અને ૫ ની માહિતી ન મળી હોવાનું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૦૬થી પૂરી પાડેલ માહિતીમાં મુદ્દા નં.૩ સંદર્ભે પૂર્તતા કરવામાં આવેલી જ છે. જ્યારે મુદ્દા નં.૪ અને ૫ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત નથી, પરંતુ સ્મીમેરને લાગત છે અને આ માહિતી સ્મીમેરના તા.૧૯/૧૧/૧૩ના પત્ર નં.૩૦૨૨થી પુરી પાડેલ હોવાનું જણાય છે.(પત્રની નકલ ખુદ અરજદારે જ રજુ કરેલ છે.) મુદ્દા નં.૮ ની માહિતી માટે સ્મીમેરના તા.૧૯/૧૧/૧૩ના પત્રમાં આ માહિતી મધ્યસ્થ–મહેકમ વિભાગમાંથી ઉપલબ્ધ થઈ શકે એવું જણાવેલ છે. જ્યારે મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૨૭/૧૧/૧૩ના પત્રમાં મુદ્દા નં.૮ ની માહિતી અત્રેના વિભાગને લાગત નથી એવું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૮થી "સ્મીમેરના મેડીકલ ઓફિસરની સિનીયોરીટી અને અનુભવની વ્યાખ્યા જાણવા માંગેલ છે. આ બાબતે જણાવવાનું કે સ્મીમેરના મેડીકલ ઓફિસરોનું સીનીયોરીટી લીસ્ટ મધ્યસ્થ મહેકમ વિભાગ બનાવતું નથી. "જેથી આ વિભાગને લાગત નથી" એવું જણાવેલ છે તે યોગ્ય છે. જ્યારે અનુભવ અંગેની માહિતી કયા સંદર્ભમાં માંગી છે તે નક્કી ન થઈ શકતુ હોવાથી તે માહિતી અભિપ્રાય કે મંતવ્ય સ્વરૂપની જણાય છે અને આર.ટી.આઈ કાયદા મુજબ આવી માહિતી પુરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારીમાં આવતુ નથી. જ્યારે મુદ્દા નં.૩ થી એપેલેટ ઓથોરીટીનું નામ જણાવવા જણાવેલ છે.તે અનુસંધાને અરજદાર નામ નહીં માંગે તો પણ આર.ટી.આઈ સંદર્ભેની અપીલ અંગેના હુકમમાં એપેલેટ ઓથોરીટીની પોસ્ટની સાથે અધિકારીનું નામ જણાવવામાં આવે જ છે. તે હકીકત ધ્યાને લેતા અપીલ અંગે વિશેષ કાંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે.

...૨...

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |



**–: હુકમ :–**

અરજદારશ્રી કૈલાશ અગ્રવાલની તા.૨૯/૧૦/૨૦૧૩ ની મુળ અરજી આઈ.ડી.નં.૭૪૪ સંદર્ભે સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૭/૧૧/૨૦૧૩ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૩૭૦૬ તેમજ તા.૩૦/૧૨/૨૦૧૩ ના પત્ર નં.૪૨૪૭ થી પુરી પાડેલી માહિતી સામે અરજદારે કરેલ તા.૩૦/૧૨/૨૦૧૩ ની અપીલ અંગે મુદ્દા નં.૩, ૪ અને ૫ ની માહિતી નહી મળી હોવાની રજુઆત સામે મુદ્દા નં.૩ ની માહિતી ઉક્ત પત્ર થી પુરી પાડેલી છે. ઉપરાંત આ ત્રણે ત્રણ મુદ્દાની માહિતી સ્મીમેર હોસ્પિટલમાં તા.૧૯/૧૧/૨૦૧૩ ના પત્ર નં.૩૦૨૨ થી પુરી પાડેલ છે. મુદ્દા નં.૮ થી "સ્મીમેર મેડીકલ ઓફિસરની સીનીયોરીટી અને અનુભવની વ્યાખ્યા" બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત મેડીકલ ઓફિસરનું સીનીયોરીટી લીસ્ટ બનાવવામાં આવતુ નહી હોવાથી જાહેર માહિતી અધિકારીએ "લાગત નથી" એવું જણાવેલ છે તે યોગ્ય જણાય છે. જયારે અનુભવ અંગેની માહિતી અભિપ્રાય/મંતવ્ય સ્વરૂપની હોય આર.ટી.આઈ. કાયદાની જોગવાઈ મુજબ આવી માહિતી આપવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી રહેતી નથી.જેથી અપીલ અંગે વિશેષ કઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારશ્રીએ મૂળ અરજીમાં નહી માંગેલી,"એપેલેટ ઓથોરીટીનાં નામ" ની માહિતી અપીલમાં માંગેલી છે. તે અંગે હુકમ કરનાર ઓથોરીટીની પોસ્ટની સાથે અધિકારીનું નામ પણ જણાવવામાં આવે છે તથા સુરત મહાનગરપાલિકાના તમામ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીનાં નામ, સરનામા, ટેલીફોન નંબર સહિતની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈડ Suratmunicipal.gov.in ઉપર ઉપલબ્ધ છે તે ધ્યાને લેવા અરજદારશ્રી ને જાણ કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૫૬૫
તા.૧૫/૦૧/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી કૈલાશ અગ્રવાલ પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૧/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી કૈલાસ અગ્રવાલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી કૈલાસ અગ્રવાલની તા.૨૭/૧૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૭૪૨ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩૦/૧૨/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/41/13-14.

અરજદારશ્રી કૈલાશ અગ્રવાલે તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ નં.૭૪૨થી કુલ ૪ મુદ્દાઓની માહિતી માંગેલી જે વરાછા ઝોનના તા.૨/૧૦/૧૩ના પત્ર નં.૭૪૨થી સ્મીમેરના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે અને સ્મીમેરના તા.૧૩/૧૧/૧૩ના પત્ર નં.૨૮૩૭થી મધ્યસ્થ–મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૩/૧૧/૧૩ રોજ પ્રાપ્ત થયેલ છે. સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ અરજી સંદર્ભે તા.૨૭/૧૧/૧૩ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૦૫ થી માહિતી પૂરી પાડેલી છે.જયારે માહિતી પેટેની નકલોની જરૂરીયાત હોય તો જરૂરી નકલો ફી ભરવા માટે તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૭૦૪થી અરજદારને જાણ કરેલ છે. જે અરજદારે તા.૨૭/૧૨/૧૩ના રસીદ નં.૨૦૦૯૬૨ થી ભરેલી હોય, તા.૩/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી /૪૩૫૫થી માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ છે. અરજદારને નકલો મળે તે પહેલાં જ અપીલ કરી દીધેલ છે. મૂળ અરજના મુદ્દા નં.૧ થી "જુન–૨૦૦૩થી સપ્ટે.–૨૦૧૩ સુધીની તમામ ખાતાકીય બઢતી (પ્રમોશન)માં મહેકમ/કમિશ્નરશ્રી ની કચેરી મુગલીસરાને ઓનપેપર કરવામાં આવેલ ભલામણની માહિતી" માંગેલી તે સંદર્ભે સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ " માહિતી કયા સ્વરૂપમાં માંગવામાં આવેલ છે. તે અરજી ઉપરથી સ્પષ્ટ થતું નથી. આમ છતાં ખાતાકીય બઢતી (પ્રમોશન) બાબતના ઉપલબ્ધ રેકર્ડની નિયમાનુંસાર ચકાસણી અત્રેથી આગોતરો સમય મેળવી કરી શકો છો તથા રૂબરૂ ચકાસણી બાદ આપ ખપપૂરતી નકલો નિયમાનુંસારની નકલ ફી ભરપાઈ કર્યેથી મેળવી શકશો" એવું જણાવેલ છે. અરજદાર અપીલમાં જણાવે છે કે "હું રેકર્ડની ચકાસણી કરવા માંગતો નથી તમામ પેપરની ઝેરોક્ષ નકલો પોસ્ટથી પુરી પાડવા જણાવેલ છે. તે અંગે જણાવવાનું કે સુરત મહાનગરપાલિકામાં પ્રમોશનલ પોસ્ટની જગ્યાઓની સંખ્યા ઘણા જ વિપુલ પ્રમાણમાં છે. અરજદારે કઈ પોસ્ટ માટેની માહિતી જોઈએ છે. તે સ્પષ્ટતા કરેલ ન હોય આવી વિપુલ પ્રમાણની માહિતી પુરી ન પાડતા અરજદાર રેકર્ડની ચકાસણી કરી જરૂરીયાત મુજબની નકલો પુરી પાડી શકાય તે હેતુથી ખાતાકીય બઢતી (પ્રમોશન) બાબતના ઉપલબ્ધ રેકર્ડની નિયમાનુંસાર ચકાસણી ખાતાનો આગોતરો સમય મેળવી, કરવા સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૭/૧૧/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૭૦૫ ની માહિતી સાથે જણાવેલ છે તેના અનુસંધાને અરજદારે ચકાસણી કરવાની સપષ્ટ ના પાડી ઝેરોક્ષ નકલો પુરી પાડવા જણાવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) મુજબ જાહેર સતામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાતાં હોય સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તેમના તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૦૪થી મહેકમ ખાતાની કચેરીનો સંપર્ક કરી આગોતરો સમય મેળવી નિયમાનુંસાર ઈન્પેકશન મેળવી નિયમાનુંસાર ખપપુરતી પાનાની નકલો મેળવવા જણાવેલ છે તે યોગ્ય જણાય છે.

મુદ્દા નં.૪થી જાન્યુ–૦૧થી ઓકટો–૧૩ સુધીમાં જુદા જુદા વિભાગોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે વર્તમાન પત્રમાં આપવામાં આવેલ જાહેરાતમાં કેટલી જગ્યાઓ ખાલી દર્શાવવામાં આવી હતી અને જાહેરાત પહેલાં ખરેખર કેટલી જગ્યાઓ ખાલી હતી જે કયા કારણોસર જાહેરાત કરવામાં આવેલ નથી. તેની માહિતી માંગેલી તેના અનુસંધાને સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.૩૭૦૫થી ખાલી જગ્યા અંગેના માહિતી અલાયદી, વર્ગીકૃત સ્વરૂપમાં ઉપલબ્ધ ન હોય તે અંગેની માહિતી પુરી પાડી શકાય તેમ નથી. તેમ છતાં સદર સમયગાળામાં દરમ્યાન સ્મીમેર મેડીકલ કોલેજની ટીચીંગ સ્ટાફની વિગતવાર ખાલી જગ્યા દર્શાવી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાતોની નકલો પત્રમાં જણાવ્યા મુજબ નકલ ફી ભરપાઈ કર્યેથી મેળવી કશો છો. એવું જણાવેલ છે તેના અનુસંધાને અરજદારે જરૂરી ફી ભરેલી હોવાથી તા.૩/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૫૫ થી નકલો પુરી પાડેલી છે. પરંતુ અરજદારે નકલો મળે તે પહેલાં જ તા.૩૦/૧૨/૧૩થી અપીલ કરેલી છે. જેથી તે અરજદારની ખ્યાલ બહાર રહેલી હોવાનું જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં અરજદારશ્રી કૈલાશ અગ્રવાલની તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ.ડી. નં.૭૪૨ સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.૩૭૦૫ થી પૂરી પાડેલી માહિતી યોગ્ય જણાય છે. તેમ છતાં મુદ્દા નં.૧ અન્વયે અરજદારે ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી પાસે આગોતરો સમય મેળવી રેકર્ડની ચકાસણી કરી ખપ પૂરતી નકલો નિયમાનુંસાર મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૪ અંગે,જાહેર માહિતી અધિકારી તરફથી નકલો મળે તે પહેલાં અપીલ કરેલ છે અને ત્યાર બાદ નકલો મળેલી હોય આ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોય અપીલ દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી કૈલાશ અગ્રવાલની તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ.ડી. નં.૭૪૨ સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.૩૭૦૫ થી પૂરી પાડેલી માહિતી યોગ્ય જણાય છે. તેમ છતાં મુદ્દા નં.૧ અન્વયે અરજદારે ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી પાસે આગોતરો સમય મેળવી રેકર્ડની ચકાસણી કરી ખપ પૂરતી નકલો નિયમાનુંસાર મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૪ અંગે,જાહેર માહિતી અધિકારી તરફથી નકલો મળે તે પહેલાં અપીલ કરેલ છે અને ત્યાર બાદ નકલો મળેલી હોય આ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૯૭૩
તા.૪/૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી કૈલાસ અગ્રવાલ પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૨/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયા
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીક્ત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાની તા.૨૯/૧૦/૧૩ની અરજી આઈ.ડી.નં.૭૫૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩૧/૧૨/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/42/13-14.

વહીવટી અરજદારશ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાએ તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ.ડી.નં.૭૫૮થી સ્મીમેર મેડીકલ કોલેજના તબીબી શિક્ષકોના પગારના ધારા–ધોરણો, પ્રકીયા અને તે સંદર્ભે સક્ષમ સતાના ઠરાવો વિગેરેની માહિતી માંગેલી, જે ઈસ્ટ (વરાછા) ઝોન તરફથી મધ્યસ્થ–મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થઈને તા.૬/૧૧/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી અંગે ઘટિત કાર્યવાહી કરી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ જરૂરી નકલ ફી ભરવા માટે તા.૨૭/૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૮૫થી અરજદારને જાણે કરેલ છે. અરજદારશ્રીએ જરૂરી નકલ ફી તા.૨/૧૨/૧૩ની રસીદ નં.૧૭૨૬૨૬થી ભરેલી હોવાથી, જાહેર માહિતી અધિકારીએ તા.૩/૧૨૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૧૩થી માંગ્યા મુજબની માહિતી નકલો સહિત પૂરી પાડેલી છે. સદર માહિતી સામે અરજદારશ્રીએ કોઈ નારાજગી જણાતી નથી પરંતુ પૂરી પાડેલી નકલો, પ્રમાણિત કરવા વિનંતી કરેલ છે અને અમુક નકલો અવાચ્ય હોઈ તે વાંચી શકાય તેવી નકલો અપાવવા વિનંતી કરેલ છે. સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ પૂર્તતા રીપોર્ટ આપેલ છે. તેમાં જણાવ્યા મુજબ આર.ટી.આઈ. એકટ હેઠળ મળેલ અરજીઓના સંદર્ભમાં અરજદારોને સામાન્યતઃ સંબંધિત રેકર્ડની ઝેરોક્ષ નકલો જ પૂરી પાડવામાં આવે છે. પરંતુ અરજદાર ધ્વારા અપીલ અરજીમાં રજુઆતના અનુસંધાને અરજદારને આપવામાં આવેલ નકલો પૈકી જે નકલોની મૂળપ્રત ખાતા પાસે હોય તેની ઝેરોક્ષ નકલ ખાતા ધ્વારા પ્રમાણિત કરી શકાય, અન્ય રેકર્ડ જે (અન્ય ખાતાનો હોય) કે જેની મૂળપ્રત ખાતામાં ઉપલબ્ધ ન હોય તેની પ્રમાણિત કરી શકાય નહિ. વધુમાં આપવામાં આવેલ માહિતીની નકલો પૈકી પાનાઓની નકલો અવાચ્ય/બરાબર છપાયેલ નથી તે સ્પષ્ટ જણાવેલ નથી, તેમ છતાં પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૭૩ તા.૨૪/૧/૧૪થી અરજદારને અત્રેના ખાતા ધ્વારા પૂરી પડાયેલ માહિતીની નકલો રજુ કરી જરૂરી /યોગ્ય તે નકલો પ્રમાણિત કરી આપવા તથા અવાચ્ય નકલોના અનુસંધાને ફરીથી નવી ઝેરોક્ષ નકલો પૂરી પાડવા જણાવવામાં આવેલ છે. તે સંદર્ભે અરજદાર ધ્વારા આજ દિન પર્યત કોઈ પ્રતિભાવ મળેલ નથી.

ઉપરોકત હકીકત જોતાં જણાય છે કે અરજદારશ્રી ડો.બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાની તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ નં.૭૫૮ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારી એ તા.૩/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૧૩થી પૂરી પાડેલ માહિતી અપૂરતી કે અયોગ્ય નથી. પરંતુ પૂરી પાડેલ નકલો પ્રમાણિત સ્વરૂપમાં અને જે નકલો અવાચ્ય છે તે વાંચી શકાય તેવી નકલો પૂરી પાડવાની અપીલ ધ્વારા રજુઆત કરેલ છે. તે અનુસંધાને અપીલ તબકકે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૭૩થી આવી નકલો રજુ કર્યેથી શકય તે નકલો પ્રમાણિત કરી આપવા તેમજ અવાચ્ય નકલોને બદલે નવી ઝેરોક્ષ નકલો પૂરી પાડવા તત્પરતા દર્શાવેલ હોય, અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭માં નકલો રજુ કરી પ્રમાણિત કરાવી શકે છે તેમજ અવાચ્ય નકલોને બદલે નવી ઝેરોક્ષ નકલો મેળવવા સ્વતંત્ર છે. અપીલ અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ડો.બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાની તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ નં.૭૫૮ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારી એ તા.૩/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૧૩થી પૂરી પાડેલ માહિતી અપૂરતી કે અયોગ્ય નથી. પરંતુ પૂરી પાડેલ નકલો પ્રમાણિત સ્વરૂપમાં અને જે નકલો અવાચ્ય છે તે વાંચી શકાય તેવી નકલો પૂરી પાડવાની અપીલ ધ્વારા રજુઆત કરેલ છે. તે અનુસંધાને અપીલ તબકકે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૭૩થી આવી નકલો રજુ કર્યેથી શકય તે નકલો પ્રમાણિત કરી આપવા તેમજ અવાચ્ય નકલોને બદલે નવી ઝેરોક્ષ નકલો પૂરી પાડવા તત્પરતા દર્શાવેલ હોય, અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭માં નકલો રજુ કરી પ્રમાણિત કરાવી શકે છે તેમજ અવાચ્ય નકલોને બદલે નવી ઝેરોક્ષ નકલો મેળવવા સ્વતંત્ર છે. અપીલ અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૦૨૩
તા.૦૬/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી ડો.બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયા પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૩/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી ધનજીભાઈ કે.પટેલ

**સામાવાળા :** સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી ધનજીભાઈ કે.પટેલની તા.૧૨/૧૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૫૯૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૭/૧૨/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/43/13-14.

અરજદારશ્રી ધનજીભાઈ કે.પટેલે તા.૧૨/૧૧/૧૩ની અરજી આઈડી નં.૧૫૯૫થી કુલ –૪ મુદ્દાઓની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીએ તા.૧૩/૧૧/૧૩ ના પત્ર નં.૨૪૬૧ મધ્યસ્થ–મહેકમ વિભાગને તબદીલ કરેલ છે. જે, તે વિભાગને તા.૧૪/૧૧/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ તે અનુસંધાને સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૭/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૬૨થી માહિતી પૂરી પાડેલી છે. તે અધુરી માહિતી હોવાનું જણાવી, નારાજ થઈ અપીલ કરેલ છે. અધુરી માહિતી મળેલ હોવાનું અરજદારે જણાવેલ છે, પરંતુ કઈ માહિતી નથી મળી તેમજ કઈ માહિતીથી નારાજ છે. તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ અપીલમાં કરેલ નથી. પરંતુ "મ્યુ.સેક્રેટરી તરીકે જોડાયા હતા ત્યારે કયા કયા પુરાવા લઈને એપોઈન્ટમેન્ટ આપવામાં આવેલી તે તમામ પુરાવાની નકલની માંગણી અપીલ અરજીથી કરેલી હોય, તેમની મૂળ અરજીના મુદ્દા નં.૨" તેમની એસ.એસ.સી.ની પરીક્ષા માર્કશીટ તથા એચ.એસ.સી પરીક્ષાની માર્કશીટ તથા કોલેજની માર્કશીટ તથા એલ.એલ.બી.ની માર્કશીટ તથા તમામના ડીગ્રી સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલની" માંગણી કરેલી તે સંદર્ભે પૂરી પાડેલી માહિતીથી નારાજ હોવાનું જણાય છે. સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ તા.૭/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૬૨થી મુદ્દા નં.૨ની માહિતી અંગે "માંગવામાં આવેલી શૈક્ષણિક લાયકાતની માહિતી પૈકી આંશિક માહિતી ઉપલબ્ધ છે પરંતુ આરટીઆઈ એક્ટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પાઠવવા જોગ નથી" એવું જણાવી કલમ –૮(૧)(ઠ)ની સંપૂર્ણ જાણકારી આપેલી છે. ઉપરાંત આવાજ સમાન કિસ્સામાં નામ સુપ્રિમ કોર્ટના સ્પે. લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ સંદર્ભે નામ કોર્ટનો ચુકાદોનો સંદર્ભ ટાંકી આરટીઆઈ કાયદાની જોગવાઈ જણાવેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં કર્મચારીઓના શૈક્ષણિક લાયકાત અગેના પ્રમાણપત્રોની નકલ એ આર.ટી.આઈ. કાયદાની જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તે અંગે વધુ કંઈ ન કરતા તે દફતરે કરવાં જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ધનજીભાઈ કે.પટેલે તા.૧૨/૧૧/૧૩ની અરજી આઈડી નં.૧૫૯૫ ના મુદ્દા નં.૨ થી શ્રી પ્રદિપસિંહ ઝાલાના લાયકાત અંગેના પ્રમાણપત્રોની નકલની માંગણી કરેલી. જે કર્મચારીઓના શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રોની નકલ એ આર.ટી.આઈ. કાયદાની જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તે અંગે સેકશન ઓફીસર (મહ.કમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૭/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૬૨ થી પુરી પાડેલ માહિતી યોગ્ય જણાતી હોવાથી અપીલ અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૦૧૧
તા.૦૫/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ**જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ**શ્રી ધનજીભાઈ કે.પટેલ પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૪/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાની તા.૨૯/૧૦/૧૩ની અરજી આઈ.ડી.નં.૯૧૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩૧/૧૨/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/44/13-14.

અરજદારશ્રી બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાએ તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ.ડી.નં.૯૧૮થી સ્મીમેર મેડીકલ કોલેજના ફેકલ્ટીઝને યુ.જી.સી., સી.એ.એસ. તથા છઠા કમિશનનો પગાર મળવા/મંજુરી બાબત ખાતા ધ્વારા તા.૧/૧/૮થી આજ દિન સુધી કરવામાં આવેલી કાર્યવાહી/પત્ર વ્યવહાર વિગેરેની ફાઈલની (નોટીંગ શેરા સાથે)ની માહિતીની પ્રમાણિત નકલોની માહિતી માંગેલી, જે ઈસ્ટઝોન ના તા.૩/૧૧/૧૩ ના પત્ર નં.૯૧૮થી રવાના થઈને તા.૫/૧૨/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. અરજીથી વિદિત થઈ સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૦/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૧૭થી નિયમાનુસારની નકલ ફી ભરવાની જાણ કરેલી. જે અરજદારે તા.૧૭/૧૨/૧૩ની રસીદ નં.૧૦૨/૧ થી ભરી દેતાં તા.૨૪/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૦૭થી જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડેલી છે. સદર માહિતી અંગે અરજદાર નારાજ હોવાનું જણાતું નથી, પરંતુ પૂરી પાડેલી માહિતીની નકલો પ્રમાણિત કરી આપવા તેમજ અન્ય નકલો કયા સંદર્ભે પૂરી પાડવામાં આવેલી છે. તેમજ ઠરાવની નકલો કઈ બાબત/કામગીરીને લાગત છે. તે બાબતેની સ્પષ્ટતામાત્ર માંગેલી હોવાનું જણાય છે. જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે તા.૨૪/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૭૪ થી અરજદારને માંગણી મુજબની સ્પષ્ટતા કરેલ છે. તેમજ પૂરી પાડેલી નકલો લઈ દિન–૩માં કચેરીમાં રજુ કર્યેથી જરૂરી/યોગ્ય તે નકલો પ્રમાણિત કરી આપવાનું સુચિત કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારશ્રી ડો.બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાની તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ.ડી.નં.૯૧૮ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૦૭ થી માહિતી પૂરી પાડેલી છે. જે પ્રમાણિત કરી આપવા તેમજ પૂરી પાડેલી નકલો અંગે કેટલાક સ્પષ્ટતા અંગે અપીલ કરેલી, તે સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૭૪થી જરૂરી સ્પષ્ટતા કરેલી છે તેમજ પ્રમાણિત કરવા જોગ નકલો રજુ કર્યેથી યોગ્ય તે નકલો પ્રમાણિત કરી આપવાનું સૂચિત કરેલ હોય, જાહેર માહિતી અધિકારીના પત્ર મુજબ દિન–૭માં નકલો રજુ કરી, પ્રમાણિત નકલ કરાવવા અરજદાર સ્વતંત્ર છે. અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ડો.બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયાની તા.૨૯/૧૦/૧૩ની મૂળ અરજી આઈ.ડી.નં.૯૧૮ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૦૭ થી માહિતી પૂરી પાડેલી છે. જે પ્રમાણિત કરી આપવા તેમજ પૂરી પાડેલી નકલો અંગે કેટલાક સ્પષ્ટતા અંગે અપીલ કરેલી, તે સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૭૪થી જરૂરી સ્પષ્ટતા કરેલી છે તેમજ પ્રમાણિત કરવા જોગ નકલો રજુ કર્યેથી યોગ્ય તે નકલો પ્રમાણિત કરી આપવાનું સૂચિત કરેલ હોય, જાહેર માહિતી અધિકારીના પત્ર મુજબ દિન–૭માં નકલો રજુ કરી, પ્રમાણિત નકલ કરાવવા અરજદાર સ્વતંત્ર છે. અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૦૪૯
તા.૦૭/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી ડો.બ્રિજેશકુમાર જયંતિલાલ સાપરીયા પ્રતિ..... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૪૫/૧૩–૧૪</u>**

**અરજદાર :** શ્રી રમેશ કે.જાંગીડ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદાર શ્રી રમેશ કે.જાંગીડની તા.૭/૧૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૮૧૭ સંદર્ભે કરેલ અપીલ બાબત

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૦/૦૧/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/45/13-14.

અરજદારશ્રી રમેશ કે.જાંગીડએ તા.૭/૧૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૮૧૭ થી ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી ડી.આર.ગોહિલની સેન્ટ્રલ ઝોન ખાતેની નિમણુંક તેમજ અન્ય આનુસાંગીક માહિતીની માંગણી કરેલી, તે સેન્ટ્રલ ઝોનથી તા.૯/૧૨/૧૩ના પત્ર નં.૨૬૬૮ થી તબદીલ થઈને તા.૧૦/૧૨/૧૩થી મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. અરજીથી વિદિત થઈ અરજીના મુદૃા નં.૧ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા તેની માહિતીની નિયમાનુસારની નકલ ફી ભરવા માટે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૦/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/એસટી /૩૯૧૬ થી અરજદારને જાણ કરેલ છે. જે અરજદારે તા.૧૯/૧૨/૧૩ની રસીદ નં.૨૦૦૨૬૬થી ભરી દેતા જાહેર માહિતી અધિકારીએ તા.૨૩/૧૨/૧૩ના રોજ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૮૮ થી નકલો સહિત માહિતી પુરી પાડેલ છે. અરજદારે મુદૃા નં.૧ થી "ઈ.ચા.કાર્યપાલક ઈજનેર તરીકે શ્રી ડી.આર.ગોહિલની સેન્ટ્રલઝોન ખાતે થયેલ નિમણુંક પત્રની નકલ" માંગેલી, તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ "શ્રી ડી.આર.ગોહિલ ડે.ઈજનેર, સાઉથ વેસ્ટ ઝોન અને ઈ.ચા.કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન તરીકે ફરજ બજાવવા અંગેના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૨૦૬૨ તા.૨૬/૭/૧૨ તથા નં.૩૭૭૮ તા.૨/૧૨/૧૩ની નકલ" પૂરી પાડેલી છે. તેમ છતાં અરજદારે નિયત સમયમર્યાદામાં માંગેલ માહિતીની નકલો પૂરી પાડવામાં ના આવતાં નિયમાનુસાર વિના મૂલ્યે માંગેલ માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારશ્રી રમેશ કે.જાંગીડે તા.૭/૧૨/૧૩ના અરજી આઈડી નં.૧૮૧૭થી માંગેલી માહિતી પૈકી મધ્યસ્થ–મહેકમ વિભાગને લાગત માહિતી નિયમાનુસારની ફી વસુલી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૩/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૮૮થી પૂરી પાડેલી છે. જે સમયમર્યાદામાં જ પૂરી પાડેલી છે. પરંતુ મૂળ અરજીની અન્ય માહિતી જે અન્ય વિભાગોને લાગત છે. તે વિભાગોમાંથી માહિતી ન મળ્યાનું અનુમાન હોય, તે બાબતે મધ્યસ્થ–મહેકમ વિભાગે કશુ કરવાનું રહેતું ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ ક મ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી રમેશ કે.જાંગીડે તા.૭/૧૨/૧૩ના અરજી આઈડી નં.૧૮૧૭થી માંગેલી માહિતી પૈકી મધ્યસ્થ–મહેકમ વિભાગને લાગત માહિતી નિયમાનુસારની ફી વસુલી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૩/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૮૮થી પૂરી પાડેલી છે. જે સમયમર્યાદામાં જ પૂરી પાડેલી છે. પરંતુ મૂળ અરજીની અન્ય માહિતી જે અન્ય વિભાગોને લાગત છે. તે વિભાગોમાંથી માહિતી ન મળ્યાનું અનુમાન હોય, તે બાબતે મધ્યસ્થ–મહેકમ વિભાગે કશુ કરવાનું રહેતું ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૧૨૦
તા. ૧૧/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ**જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ**શ્રી રમેશ કે.જાંગીડ પ્રતિ..... જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૪૬/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી સરવર હુશેન નગદ
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૯/૧૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૬૩૯ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૬/૧/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/46/13-14.

અરજદારશ્રી સરવર હુસેન નગદએ તા.૧૯/૧૧/૧૩ ની અરજી આઈ.ડી.નં.૧૬૩૯ થી " એડીશનલ ઈજનેર તરીકે શ્રી કેતન પટેલની નિમણુંક થઈ તે સમય ઉપર એ સ્થાન પર નિમણુંક માટે કરેલી અરજીઓ અને કરેલ કેન્ડીડેટ હતા. તેની વિગત તથા એ બધાં કેન્ડીડેટોની અરજીઓ સાથે આપેલા તમામ ડોકયુમેન્ટ્સ તથા યુનિવર્સીટીની માર્કશીટ, ઉંમર માટે મુકેલા પુરાવા અને એકસપીરીયન્સ ની વિગત " માંગેલી, જે સેન્ટ્રલ ઝોનનાં તા.૨૦/૧૧/૧૩ નાં પત્ર નં.૨૫૦૮ થી મધ્યસ્થ મહેકમ વિભાગનાં જાહેર માહિતી અધિકારીને તબદીલ થઈને તા.૨૧/૧૧/૧૩ નાં રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજી અંગે જરૂરી કાર્યવાહી કરી જરૂરી નકલ ફી ભરવા માટે જાહેર માહિતી અધિકારીએ તા.૧૩/૧૨/૧૩ નાં પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૩૫ થી અરજદારશ્રી ને જાણ કરેલી, તેનાં અનુસંધાને અરજદારશ્રીએ તા. ૦૨/૦૧/૧૪ની રસીદ નં.૨૦૦૭૦૭થી નકલ ફી ભરેલી હોવાથી, જાહેર માહિતી અધિકારીએ તા.૦૩/૦૧/૧૪ નાં પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૭૨ થી નકલો સહિતની માહિતી પુરી પાડેલી છે. અરજદારશ્રી એ અરજીનાં અનુસંધાને "સુરત મહાનગરપાલિકામાં એડીશનલ ઈજનેર તરીકે કોઈ પોસ્ટ નથી. પરંતુ શ્રી કેતન એસ. પટેલ નામના અધિકારી હાલમાં એડીશનલ સીટી ઈજનેર તરીકે ફરજ બજાવે છે. સદરહે જગ્યા માટે ખડી સમિતિનાં તા. ૨૧/૧૧/૦૯નાં ઠરાવ નં. ૧૪/૦૯ તથા સા.સ.ઠ.નં.૮૭૫/૦૯,તા.૩૦/૧૨/૦૯થી પ્રતિક્ષ યાદી મંજુર કરવામાં આવેલી છે. જેમાંથી આમ ઉપરોક્ત જગ્યા માટે આવેલ અરજીની સંખ્યા / ઉમેદવારોની સંખ્યા સંબંધી માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. માંગવામાં આવેલ અન્ય માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય. આટીઆઈ એકટની કલમ – ૮(૧) (ઠ) મુજબ પુરી પાડવાજોગ નથી" એવુ જણાવેલ છે. તેનાથી નારાજ થઈ અરજદાર, અપીલમાં જણાવે છે કે "ઉપરોકત તમામ ડોકયુમેન્ટ સાર્વજનિક છે. અને એડીશનલ ઈજનેર કેતન પટેલે હોદ્દો મેળવવા સાર્વજનિક રીતે કોર્પોરેશનમાં જમા કરવેલ છે. કોઈપણ અધિકારીનાં અભ્યાસની માર્કશીટો ઉંમરના દાખલા, એકસપીરીયન્સના ડોકયુમેન્ટો નોકરી તથા હોદ્દા મેળવવા માટે સાર્વજનિક રીતે રજુ કરવામાં આવે છે. જે જગજાણીતું છે. જેથી તમામ ડોકયુમેન્ટો આરટીઆઈ હેઠળ મળવા પાત્ર છે"

આરટીઆઈ કાયદાની કલમ–૮(૧)(ચ) " કોઈ માહિતી વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે. તેવ સક્ષમ સત્તાધિકારીને ખાતરી થાય તે સીવાય વિશ્વાસનીય સંબંધોને આધારે વ્યકિત પાસેની ઉપલભ્ય આવી માહિતી આપવાની જવાબદારી રહેશ નહી" આવી જોગવાઈ છે. તેમજ કલમ – ૮ (૧)(ઠ) "વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતી જેન વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી યોગ્ય છે. તેવ જાહેર માહિતી અધિકારી, અપીલમાં સત્તામંડળને ખાત્રી થાય તે સિવાય,કોઈ જાહેર ગતિવિધી અથવા હિત સાથે કોઈપણ પ્રકાનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દાખલ તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી" એવી જોગવાઈ છે. તે ધ્યાને લેતા અરજદારે માંગેલી માહિતી વિશ્વસનીય સંબંધોને આધારે વ્યકિત પાસેની ઉપલભ્ય માહિતી આવી ત્રાહિત વ્યકિતની માહિતી કોઈ જાહેરગતિવિધી અથવા હિત સાથે કોઈપણ સંબંધ અધરાવતી  ન હોવનું જણાતું હોય સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૩/૦૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૭૨થી પુરી પાડેલી માહિતી યોગ્ય જણાતી હોય અપીલ અંગે વિશેષ કઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સરવર હુસેન નગદએ તા.૧૯/૧૧/૧૩ ની અરજી આઈ.ડી.નં.૧૬૩૯ થી માંગેલ માહિતી પૈકી અરજી સાથે આવેલા તમામ ડોકયમેન્ટ સંદર્ભે માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (૮(૧)(ઠ) મુજબ વિશ્વસનીય સબંધોના આધારે વ્યકિત પાસેની ઉપલભ્ય માહિતી આવી ત્રાહિત વ્યકિતની માહિતી કોઈ જાહેરગતિવિધી અથવા હિત સાથે કોઈપણ સંબંધ ધરાવતી ન હોવાનું જણાતું હોય સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૩/૦૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૭૨થી પુરી પાડેલી માહિતી યોગ્ય જણાતી હોય અપીલ અંગે વિશેષ કઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૧૮૯
તા.૧૫/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી સરવર હુસેન નગદ પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૭/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી હરેશકુમાર ભુખણભાઈ પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી હરેશકુમાર ભુખણભાઈ પટેલની તા.૧૧/૧૦/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૪૩૧ સંદર્ભે કરેલ અપીલ બાબત

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૨૩/૦૧/૧૪ની અપીલ અરજી નં.દઃઈકોહળનબમળ ıબ.ળ,જ્ઞળક્ષ્ઘઢક્ષ,ઈ

અરજદારશ્રી હરેશકુમાર ભૂખણભાઈ પટેલે તા.૧૧/૧૦/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૪૩૧થી, કુલ–૧૦ મુદૃઓની માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોનનાં તા.૧૫/૧૦/૧૩ના પત્ર નં. ૨૨૩૪થી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થઈને તા.૧૭/૧૦/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અરજીના મુદ્દા નં.૩ની આશિંક માહિતી સરકારશ્રીને લાગત હોવાનું જણાતા તા.૨૮/૧૦/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૮૪થી સામાન્ય વહીવટી વિભાગ સચિવાલયના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે અને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતીની નકલો માટે તા.૦૭/૧૧/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૩૪ થી અરજદારશ્રીની નકલ ફી ભરવા માટે જાણાવવામાં આવેલ છે. અરજદારશ્રીએ જણાવ્યા મુજબની નકલ ફી તા.૨૩/૧૨/૧૩ ની રસીદ નં. ૨૦૦૯૧૯ થી ભરી દેતા, સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૨૬/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૧૧ થી નકલો સહિતની માહિતી પુરી પાડેલ છે. આ પુરી પાડેલ માહિતીથી નારાજ થઈ અપીલ કરેલ છે. પરંતુ અપીલ માટેના કારણમાં "જવાબથી સંતોષ નથી" તેમજ જેના માટે વિનંતી કરી હોય / દાદ માંગી હોય તે "જવાબથી સંતોષ નથી" એવું જણાવેલ છે. પરંતુ કયા મુદ્દાના જવાબથી સંતોષ નથી, કે કઈ માહિતીની નારાજ હોવાથી અપીલ કરેલ છે. તે અંગે કોઈ જ ઉલ્લેખ અપીલમાં કરવામાં આવેલ નથી. સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ નિયમાનુસાર પુરી પાડેલી માહિતી અલોકનમાં લેતા, કોઈ માહિતી અધુરી / અપુરતી હોવાનું જણાતુ નથી, સંતોષકારક હોવાનું જણાતું હોય, અપીલ અંગે વિશેષ કઈ ન કરતાં તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી હરેશકુમાર ભૂખણભાઈ પટેલની તા.૧૧/૧૦/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૪૩૧ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગના સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૬/૧૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૨૧૧ થી નકલો સહિતની માહિતી પુરી પાડેલ છે. આ પુરી પાડેલ માહિતીથી નારાજ થઈ અપીલ કરેલ છે. પરંતુ અપીલ માટેના કારણમાં "જવાબથી સંતોષ નથી" તેમજ જેના માટે વિનંતી કરી હોય / દાદ માંગી હોય તે "જવાબથી સંતોષ નથી" એવું જણાવેલ છે. પરંતુ કયા મુદ્દાના જવાબથી સંતોષ નથી, કે કઈ માહિતીની નારાજ હોવાથી અપીલ કરેલ છે, તે અંગે કોઈ જ ઉલ્લેખ અપીલમાં કરવામાં આવેલ નથી. સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ નિયમાનુસાર પુરી પાડેલી માહિતી અલોકનમાં લેતા, કોઈ માહિતી અધુરી / અપુરતી હોવાનું જણાતુ નથી, સંતોષકારક હોવાનું જણાતું હોય, અપીલ અંગે વિશેષ કઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૧૪૩
તા.૧૨/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી હરેશભાઈ ભુખણભાઈ પટેલ, C/o નરેશભાઈ ત્રિકમભાઈ પટેલ પ્રતિ..... જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૪૮/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી વિનોચંદ્ર વાઘેલા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી વિનોચંદ્ર વાઘેલા ની તા.૩/૧/૧૪ની અરજી આઈ.ડી.નં.૨૦૫૪ સંદર્ભે કરેલ અપીલ બાબત

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૨૮/૦૧/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/48/13-14.

અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલાએ તા.૦૩/૦૧/૧૪ની અરજી આઈ.ડી.નં. ૨૦૫૪ થી રાંદેર ઝોનના ડે.ઈજનેર શ્રી એન.વી.ચૌધરીનો કર્મચારી નંબર આરટીઆઈની કલમ – ૪(૧) (ખ) મુજબની વિગતવાર માહિતી, સુરત મહાનગરપાલિકામાં જોડાયની વિગત , તે વેળા કરેલ પુરાવાઓ કયા હોદૃા પર જોડાયા, તેનો સમયગાળો આજદિન સુધી કેટલી શોકોઝ મળી, તેની જવાબ સહિતની વિગતવાર માહિતી છેલ્લી એક વર્ષની વર્ક ડાયરી શહેર વિકાસ વિભાગમાં જોડાયા ત્યારથી ગેરકાયદેસર બાંધકામની મુલાકાત, સ્થળ તપાસ રીપોર્ટ બાદમાં કરવામાં આવેલ કર્મચારીની વિગતવાર માહિતી માંગેલી. જે અરજી સેન્ટ્રલ ઝોનના તા.૦૬/૦૧/૧૪ના પત્ર નં. ૨૯૪૨થી મઘ્યસ્થ મહેકમ રાંદેર ઝોન અને રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ થયેલી છે અને તા.૦૭/૦૧/૧૪ના રોજ મઘ્યસ્થ મહેકમ વિભાગને મળેલી છે. અરજીની વિગત પૈકી મુદૃા નં.૩ ની માહિતી અન્ય વિભાગોને લાગત હોવાથી તા.૧૦/૦૧/૧૪ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૫૧૬ થી તે વિભાગોને તબદીલ કરવામાં આવેલી છે. જયારે મુદૃા નં.૨ની વિગત મઘ્યસ્થ મહેકમ વિભાગને લગત જણાતા મઘ્યસ્થ મહેકમ વિભાગ અને જાહેર મહિતી અધિકારીએ તા.૧૦/૦૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૫૧૫થી શ્રી એન.વી.ચૌધરી (કર્મચારી નં.૩૪૦૬૧) ડે.ઈજનેર તરીકે રાંદેર ઝોનમાં ફરજ બજાવે છે. તેઓ સુરત મહાનગરપાલિકા સુપરવાઈઝર તરીકે તા.૧૩/૦૯/૯૬થી જોડાયા હતા. તેઓ સુરત મહાનગરપાલિકામાં જોડાયા તારીખથી હાલ સુધીમાં જુદા જુદા હોદૃા ઉપર જુદા જુદા ઝોનમાં બજાવેલ ફરજની વિગત દર્શાવતું પત્રક પુરું પાડેલ છે અને તેમની નોકરીમાં જોડાયેલ સમયે રજુ કરેલ પુરાવાની માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ પુરી પાડવાજોગ નથી. એવું જણાવી તેની જાણકારી તેમજ આ સંદર્ભેના સુપ્રિમકોર્ટમાં દાખલ સ્પે.લીવ પીટીશનના ચુકાદાની નકલ અવલોકનાર્થે પુરી પાડેલી છે.

સદરહુ પુરી પાડેલી માહિતી અંગે અરજદાર જણાવે છે કે માંગેલી માહિતી ત્રાહિત વ્યકિતને લગતી અંગત માહિતી હોય તો તેમને લેખિત કે મૌખિક જાણ કરેલી છે કે કેમ? તેની નકલો તેમજ ત્રાહિત વ્યકિતને એમાં વાંધો હોય તો ત્રાહિત વ્યકિત સાથે થયેલ તમામ પત્ર વ્યવહાર તથા રજુઆત / સુનાવણીની પ્રમાણિત નકલો તત્કાલીક ધોરણે પુરી પાડવા જણાવેલ છે.

ઉપરોકત વિગતો જોતા અરજદાર માહિતીથી નારાજ નથી. પરંતુ ત્રાહિત વ્યકિત સાથે થયેલ રજુઆત/સુનાવણી વિગેરેની માહિતીની નકલની માંગણી કરેલ છે. અહી અરજદારશ્રીને સમજવામાં શરતચુક થઈ હોવાનું જણાય છે. અરજદારશ્રી જણાવે છે તે ત્રાહિત પક્ષકારને લગતી હોય તેના ઘ્વારા પુરી પાડવામાં આવી હોય અને તે ત્રાહિત પક્ષકારે તેને ખાનગી માહિતી તરીકે ગણી હોય તો, જાહેર માહિતી અધિકારીએ આવી વિનંતી મળ્યાના પાંચ દિવસની અંદર ત્રાહિત પક્ષકારને આવી વિનંતી તે માહિતી અને રેકર્ડ અથવા તેનો કોઈ ભાગ જાહેર કરવા માંગે છે તેવી હકીકતની લેખિત નોટીસ તેમની લેખિત કે મૌખિક રજુઆત ઘ્યાને રાખી જે તે નિર્ણય જાહેર માહિતી અધિકારીએ કરવાની જોગવાઈ છે. આવી જોગવાઈનો આરટીઆઈ એકટની કલમ–૧૧ માં સમાવેશ થયેલ છે. જયારે સદર કેસમાં જાહેર માહિતી અધિકારીએ નામ. સુપ્રિમકોર્ટના લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ કેસમાં પીટીશનર ઘ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલી માહિતીના સંદર્ભમાં આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટની આ જોગવાઈ તથા સુપ્રિમ કોર્ટના આ ચુકાદાને ઘ્યાને લઈ માંગવામાં આવેલી માહિતી પુરી પાડવા જોગ નથી. એવું જણાવી નામ સુપ્રિમ કોર્ટના આ ચુકાદાની નકલ પણ અવલોકનાર્થે પુરી પાડેલ છે. આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ)ની "વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતી જેને વિશાળ જાહેર હિતમાં પ્રગત કરવી યોગ્ય છે. તેવી જાહેરમાહિતી અધિકારી અથવા અપીલીય સત્તામંડળને ખાતરી થાય તે સિવાય કોઈ જાહેર ગતિવિધી અથવા હિત સામે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી" જોગવાઈને આધિન જાહેર માહિતી અધિકારીએ માહિતી નકારેલી છે. તે જોતા અરજદારશ્રીએ માત્ર સમજફેરના કારણે જ અપીલ કરેલ હોવાનું જણાતું હોવાથી અપીલ અંગે વિશેષ કઈ ન કરતા તે દફતરે કરવા જોગ છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વિનોદચંદ્ર વાઘેલાએ તા.૦૩/૦૧/૧૪ની અરજી આઈ.ડી.નં. ૨૦૫૪ સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૦/૦૧/૧૪ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૫૧૬થી માહિતી પુરી પાડેલ છ. અરજદારશ્રી જણાવે છે તે ત્રાહિત પક્ષકારને લગતી હોય તુના ધ્વારા પુરી પાડવામાં આવી હોય અને ત્રાહિત પક્ષકારે ખાનગી માહિતી તરીકે ગણી હોય તો જાહેર માહિતી અધિકારીએ આવી વિનંતી મળ્યાના પાંચ દિવસની અંદર ત્રાહિત પક્ષકારને આવી વિનંતી તે માહિતી અને રેકર્ડ અથવા તેનો કોઈ ભાગ જાહેર કરવા માંગે છે તેવી હકીકતની લેખિત નોટીસ તેમની લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને રાખી જે તે નિર્ણય જાહેર માહિતી અધિકારીએ કરવાની જોગવાઈ છે. આવી જોગવાઈનો આરટીઆઈ એકટની કલમ–૧૧ માં સમાવેશ થયેલ છે. જયારે સદર કેસમાં જાહેર માહિતી અધિકારીએ નામ. સુપ્રિમકોર્ટના લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ કેસમાં પીટીશ્નર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલી માહિતીના સંદર્ભમાં આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટની આ જોગવાઈ તથા સુપ્રિમ કોર્ટના આ ચુકાદાને ધ્યાને લઈ માંગવામાં આવેલી માહિતી પુરી પાડવા જોગ નથી. એવું જણાવી નામ સુપ્રિમ કોર્ટના આ ચુકાદાની નકલ પણ અવલોકનાર્થે પુરી પાડેલ છે. આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ)ની "વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતી જેને વિશાળ જાહેર હિતમાં પ્રગત કરવી યોગ્ય છે. તેવી જાહેરમાહિતી અધિકારી અથવા અપીલીય સત્તામંડળને ખાતરી થાય તે સિવાય કોઈ જાહેર ગતિવિઘી અથવા હિત સામે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી" જોગવાઈને આધિન જાહેર માહિતી અધિકારીએ માહિતી નકારેલી છે. તે જોતા અરજદારશ્રીએ માત્ર સમજફેરના કારણે જ અપીલ કરેલ હોવાનું જણાતું હોવાથી અપીલ અંગે વિશેષ કઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૩૨૦
તા.૨૪/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી વિનોદચંદ્ર વાઘેલા પ્રતિ..... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૯/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી સરવર હુશેન નગદ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૦/૧૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૮૩૪ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૧/૦૨/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/49/13-14.

અરજદારશ્રી સરવરહુશેન નગદે તા.૧૦/૧૨/૧૩ની અરજી આઈડી નં.૧૮૩૪ થી શ્રી કેતન પટેલ સબંધી કુલ પાંચ મુદ્દાઓથી માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનને તા.૧૧/૧૨/૧૩ના પત્ર નં. ૨૬૯૩થી મધ્યસ્થ મહેકમ અને ટાઉનપ્લાનીંગ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે. તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૧/૧૨/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજીના કુલ મુદ્દા પૈકી મુદ્દા નં. ૧ થી ૩ વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી જણાતા તેની માહિતી પૈકી મુદ્દા નં. ૧ ની માહિતી માટે નકલ ફી ભરવા તા.૦૭/૦૧/૧૪ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૪૬૦થી અરજદારને જાણ કરેલી જેના અનુસંધાને અરજદારે આજ દિન પર્યત નકલ ફી ભરેલ નથી. જયારે મુદ્દા નં. ૨ અને ૩ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી એ તા.૦૭/૦૧/૧૪ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૪૫૯ થી "અત્રેની કચેરી ધ્વારા આવા પ્રકારની કોઈ માહિતી નિભાવવામાં આવતી નથી. જેથી રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. વધુમાં માંગેલ ઉપરોકત માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આરટીઆઈ એકટની કલમ ૮ (૧)(ઠ) અન્વયે પણ પુરી પાડવા જોગ નથી" એવું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં. ૨ થી શ્રી કેતન પટેલે તેમના પિતાશ્રીની સારવાર અમેરિકામાં કઈ હોસ્પીટલમાં કરાવી તેની હોસ્પીટલ બીલ, હોટલ બીલ,એરટીકીટ વિગેરે સહિત પુરાવાની માહિતી માંગેલી જયારે મુદ્દા નં. ૩ થી શ્રી કેતન પટેલ પોતાના સહ કુટુંબ સાથે અમેરિકા કાયમી સ્થાયી થવા માટે સહ કુટુંબની ફાઈલો અમેરીકન એમ્બેસીમાં મુકેલ તેની તમામ ડોકયુમેન્ટોની નકલ માંગેલી તેના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારીએ ઉપરોકત માહિતી પુરી પાડેલ છે.

અરજદારશ્રી આ માહિતીથી નારાજ થઈ, "માહિતી અધિકારીએ આરટીઆઈની કલમ ૮(૧)(ઠ) નો દુરૂપયોગ કરી ખોટી બહાનેબાજી કરી માહિતી છુપાવવાનો પ્રયાસ કરેલ છે.માંગેલી માહિતી અધિકારીના આવકથી વધુ ખર્ચા તેમજ ચાલુ નોકરી પર રહી બીજા દેશમાં કાયમી વસવાટનો પ્રવાસ બદલ જાણવાજોગ માહિતી આપવા પાત્ર છે." એવું જણાવી માંગેલી તમામ માહિતીની સર્ટીફાઈડ કોપીઓ સાથે અપાવવા હુકમ કરવા જણાવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા જણાય છે કે, અરજદારશ્રી સરવરહુશેન જી.નગદની તા.૧૦/૧૨/૧૩ની મુળ અરજી આઈડી નં. ૧૮૩૪ સંદર્ભે અરજીના મુદ્દા નં. ૧ થી ૩ મધ્યસ્થ મહેકમને લાગત જણાતા સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૭/૦૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૫૯ થી એડી.સીટી ઈજનેરશ્રી કેતન પટેલની વિદેશ પ્રવાસની પરવાનગીની નકલ, સામેલ પત્ર નં. જીએડી/ઈએસટી/૪૪૬૦ થી જણાવેલ નકલ ફી ભરી મેળવી લેવા જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ અને ૩થી માંગેલી માહિતી અધિકારીના પિતાશ્રીની અમેરીકાની સારવાર તેમજ વિદેશ પ્રવાસના ખર્ચ સહિતની માહિતી તથા સહકુટુંબ અમેરીકા સ્થાયી થવા માટે અમેરીકન એમ્બેસીમાં મુકેલ તમામ ડોકયુમેન્ટની માહિતી અંગે આવા પ્રકારની કોઈ માહિતી નિભાવવામાં આવતી નથી. જેથી રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનું જણાવેલ છે. વધુમાં આવી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) અન્વયે પણ પુરી પાડી શકાય તેમ નથી એવું સુચિત કરેલ છે. તે કાયદાની જોગવાઈને અનુરૂપ હોય કાયદાની સદર કલમનો દુરૂપયોગ અંગેની અરજદારની રજુઆત યોગ્ય જણાતી ન હોવાથી અરજી અંગે વિશેષ કઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે. અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૧ અન્વયેની પરદેશ જવાની પરવાનગીની નકલ જણાવ્યા મુજબની નકલ ફી ભરી મેળવવા સ્વતંત્ર છે, તેવુ જણાવવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સરવરહુશેન જી.નગદની તા.૧૦/૧૨/૧૩ની મુળ અરજી આઈડી નં. ૧૮૩૪ સંદર્ભે અરજીના મુદ્દા નં. ૧ થી ૩ મધ્યસ્થ મહેકમને લાગત જણાતા સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૭/૦૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૫૯ થી એડી.સીટી ઈજનેરશ્રી કેતન પટેલની વિદેશ પ્રવાસની પરવાનગીની નકલ, સામેલ પત્ર નં. જીએડી/ઈએસટી/૪૪૬૦ થી જણાવેલ નકલ ફી ભરી મેળવી લેવા જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ અને ૩થી માંગેલી માહિતી અધિકારીના પિતાશ્રીની અમેરીકાની સારવાર તેમજ વિદેશ પ્રવાસના ખર્ચ સહિતની માહિતી તથા સહકુટુંબ અમેરીકા સ્થાયી થવા માટે અમેરીકન એમ્બેસીમાં મુકેલ તમામ ડોકયુમેન્ટની માહિતી અંગે આવા પ્રકારની કોઈ માહિતી નિભાવવામાં આવતી નથી. જેથી રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનું જણાવેલ છે. વધુમાં આવી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) અન્વયે પણ પુરી પાડી શકાય તેમ નથી એવું સુચિત કરેલ છે. તે કાયદાની જોગવાઈને અનુરૂપ હોય કાયદાની સદર કલમનો દુરૂપયોગ અંગેની અરજદારની રજુઆત યોગ્ય જણાતી ન હોવાથી અરજી અંગે વિશેષ કઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૧ અન્વયેની પરદેશ જવાની પરવાનગીની નકલ જણાવ્યા મુજબની નકલ ફી ભરી મેળવવા સ્વતંત્ર છે.

નં.જીએડી/ઇએસટી/ ૫૩૧૯
તા. ૨૪/૦૨/૨૦૧૪

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી સરવર હુસેન નગદ પ્રતિ........... માટે.

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ००૩.

**અપીલ અરજી નં.૫૦/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી સરવર હુશેન જી. નગદ
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી સરવર હુસેન નગદની તા.૧૯/૧૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૬૩૮ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૧/૦૨/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/50/13-14.

અરજદારશ્રી સરવરહુશેન ગુલામ મોહમદ નગદે તા.૧૯/૧૧/૧૩ની અરજી આઈડી નં. ૧૬૩૮ થી " એડીશ્નલ ઈજનેરશ્રી કેતન પટેલ વિરુધ્ધ કોઈપણ કોર્ટમાં ચાલતી પીટીશન–દાવો–ક્રિમીનલ ફરીયાદ કે ખાતાકીય તપાસ બધા ડોકયુમેન્ટ સાથેની વિગત" માંગેલી છે. જે અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ સેન્ટ્રલ ઝોનના તા.૨૦/૧૧/૧૩ના પત્ર નં. ૨૫૦૭ થી ઈન્કવાયરી વિભાગ, કાયદા ખાતુ અને રાંદેર ઝોનના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે. કાયદા વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૨૭/૧૧/૧૩ના પત્ર નં.૭૮૪થી અરજીના મુદ્દા કાયદા વિભાગને સ્પર્શતા નથી પરંતુ મધ્યસ્થ મહેકમ વિભાગને વધુ નિકટતાથી સંકળાયેલ હોવાનું જણાવી અરજી તબદીલ કરેલ. જે તા.૨૮/૧૧/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. માંગેલી માહિતી વીજીલન્સ વિભાગને પણ સ્પર્શતી હોવાનું જણાતા, સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૭/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૪૭થી વીજીલન્સ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરેલ છે અને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી તા.૧૩/૧૨/૧૩ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૦૩૪થી " સુરત મહાનગરપાલિકામાં એડીશ્નલ ઈજનેરના નામથી કોઈ પોસ્ટ ઉપસ્થિત નથી પરંતુ શ્રી કેતન એસ પટેલ નામના અધિકારી હાલમાં એડીશ્નલ સીટી ઈજનેર(સીવીલ) તરીકે ફરજ બજાવે છે. આપની તા.૧૦/૧૧/૦૯ની સુરત મહાનગરપાલિકાના તાનાશાહિ અધિકારીને સસ્પેન્ડ કરવા બાબતની અરજી વીજીલન્સ વિભાગને તા.૧૭/૧૧/૦૯થી મોકલવામાં આવેલ છે. તેથી આર.ટી.આઈ. હેઠળની અરજી પણ વીજીલન્સ વિભાગને તા.૦૭/૧૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૪૭થી તબદીલ કરેલ છે." તેમજ તેઓને સ્પે.સી.એ. નં.૪૪૦૭/૨૦૧૧ તથા (૨) સ્પે.સી.એ.નં.૧૩૮૮/૨૦૧૦ના દાવાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલે છે તેમાં પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. તે ન્યાય નિર્ણય અર્થે નામદાર કોર્ટમાં પડતર હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ટ) મુજબ હાલ માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેવું જણાવેલ છે અને તેનાથી નારાજ હોય તો દિન – ૩૦માં અપીલ કરવાનું પણ સુચિત કરેલ છે.

માંગેલ માહિતી સંદર્ભે તા.૧૩/૧૨/૧૩ના રોજ અધુરી અને કોઈપણ જાતના ડોકયુમેન્ટ વગરની માહિતી પુરી પાડેલી હોવાનું જણાવી અન્ય કેસોની વિગત જણાવી સત્યથી વેગળી અને ખોટી માહિતી આપેલ હોય સાચી અને ખરી માહિતી આપવા હુકમ કરવા માટે અરજદારશ્રીએ પ્રથમ અપીલ કરેલ છે.

આર.ટી.આઈ.કાયદામાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતી પુરી પાડેલી છે અને કાયદાની કલમ ૮(૧)(ટ)ની જોગવાઈ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના બે કેસો ન્યાય–નિર્ણયાર્થે પડતર હોવાથી (આખરી નિર્ણય બાકી હોવાથી) પુરી પાડવાની અસમર્થતા દર્શાવેલ છે તે યોગ્ય જણાય છે.

ઉપરોક્ત સઘળી હકીકત ઘ્યાને લેતા અરજદારશ્રી સરવરહુશેન જી.નગદની તા.૧૯/૧૧/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૬૩૮ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લગતી માહિતી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૩/૧૨/૧૩ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૦૩૪થી પુરી પાડેલ છે. જે અધિનિયમની, રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ મુજબની છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ન્યાય નિર્ણયાર્થે બન્ને કેસો પડતર હોય અધિનિયમની કલમ૮(૧)(ટ)ની જોગવાઈ મુજબ માહિતી પુરી પાડવા અસમર્થતા દર્શાવેલ છે. તે યોગ્ય જણાતુ હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવાનું ઉચિત જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સરવરહુશેન જી.નગદની તા.૧૯/૧૧/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૬૩૮ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લગતી માહિતી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૩/૧૨/૧૩ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૦૩૪થી પુરી પાડેલ છે. જે અધિનિયમની, રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ મુજબની છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ન્યાય નિર્ણયાર્થે બન્ને કેસો પડતર હોય અધિનિયમની કલમ૮(૧)(ટ)ની જોગવાઈ મુજબ માહિતી પુરી પાડવા અસમર્થતા દર્શાવેલ છે. તે યોગ્ય જણાતુ હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૬૧૮
તા.૧૩/૦૩/૨૦૧૪

**(બી.બી.મોરે)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી સરવર હુસેન નગદ પ્રતિ..જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૫૧/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી કૃણાલ ટી. કંસારા
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી કૃણાલ ટી. કંસારાની તા.૦૪/૦૧/૧૪ની અરજી આઈ.ડી.નં.૨૦૬૭ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૧/૦૨/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/51/13-14.

અરજદારશ્રી કૃણાલ ટી. કંસારાએ તા.૦૪/૦૧/૧૪ ની અરજી આઈ.ડી.નં.૨૦૬૭ થી (૧) શ્રી એચ. એમ. પટેલ (શહેર વિકાસ ખાતું) ની (૨) શ્રી ડી. આર. ગોહિલ (કાર્યપાલક ઈજનેર – સેન્ટ્રલ ઝોન) ની નોકરીમાં જોડાયાની વિગત માસિક પગાર સ્થાવર/જંગમ મિલ્કતોની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનના તા.૦૭/૦૧/૧૪ ના પત્ર નં.૨૯૭૭ થી સેન્ટ્રલ ઝોન અને મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૦૮/૦૧/૧૪ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજીમાં જણાવેલ બંને અધિકારીઓ જયાં ફરજ બજાવે છે ત્યાંથી માસિક પગાર સંબંધી માહિતી લાગત છે પરંતુ તેઓની મિલ્કત સંદર્ભેની આંશિક માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી તે માહિતી પેટે સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૧/૧૪ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૦૮ થી, અધિકારી/કર્મચારીઓના સ્થાયી મિલ્કત અંગેના પત્રકો નિભાવવામાં આવે છે. જે મિલ્કત સંદર્ભેની માહિતી અંગેના પત્રકો બાબતે આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ ધ્યાને લેવા જોગ જણાય છે અને તેની જાણકારી આપેલ છે. ઉપરાંત આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ સ્પે. લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદાની નકલ અવલોકનાર્થે પુરી પાડેલી છે અને તેનાથી નારાજ હોય તો અપીલ કરવાનું સુચિત કરેલ છે.

અરજદારે કોઈ નિર્ણય મળ્યો ન હોવાથી જાહેર માહિતી અધિકારીના તા.૧૭/૦૧/૧૪ ના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી તા.૦૧/૦૨/૧૪ થી અપીલ કરેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારીના તા.૧૭/૦૧/૧૪ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૦૮ થી આપેલ પુર્તતા તદ્દન ખોટી ગેરકાયદેસરની અને પોતાના અધિકારીને છાવરવા અને તેઓને ખોટું કરવામાં પ્રોત્સાહન આપવાના બદઈરાદાથી નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાનું ખોટું અર્થઘટન કરી પોતાના કર્મચારીઓ સાથેના મેળાપીપણામાં આપવા આવેલ હોવાનું કારણ જણાવી તેનું લંબાણપુર્વકનું અર્થઘટન રજુ કરેલ છે.

આરટીઆઈ એકટની કલમ ૮(૧) (ઠ) થી " વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતી જેને વિશાળ જાહેર માહિતી હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે. તેવી કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા રાજયના જાહેર માહિતી અધિકારી અથવા યથા પ્રસંગ, અપીલીય સત્તામંડળને ખાતરી થાય છે તે સિવાય જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી" એવી જોગવાઈ છે. સદર કેસમાં બંને અધિકારીઓની મિલ્કતના પત્રકો અંગેની માહિતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી હોવાનું જાહેર માહિતી અધિકારીને જણાતાં તે નકારવામાં આવેલી છે. તેમજ નામદાર સુપ્રિમકોર્ટના લીવપીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદામાં સ્થાયી/જંગમ મિલ્કતને આરટીઆઈ એકટની કલમ ૮(૧) (ઠ) મુજબની અંગત માહિતી તરીકે દર્શાવેલ છે. તેના અવલોકનાર્થે અરજદારશ્રીએ તેની નકલ પુરી પાડેલ છે તે યોગ્ય જણાતું હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી કૃણાલ ટી. કંસારાની તા.૦૪/૦૧/૧૪ ની અરજી આઈ.ડી.નં.૨૦૬૭ થી માંગેલી માહિતી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લગતી માહિતી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૧/૧૪ના પત્ર નં. જીએડી/ઈએસટી/૪૬૦૮ થી પુરી પાડેલ છે. જેમાં આરટીઆઈ એકટની કલમ ૮(૧) (ઠ) થી " વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતી જેને વિશાળ જાહેર માહિતી હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે. તેવી કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા રાજયના જાહેર માહિતી અધિકારી અથવા યથા પ્રસંગ, અપીલીય સત્તામંડળને ખાતરી થાય છે તે સિવાય જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી" એવી જોગવાઈ છે. સદર કેસમાં બંને અધિકારીઓની મિલ્કતના પત્રકો અંગેની માહિતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી હોવાનું જાહેર માહિતી અધિકારીને જણાતાં તે નકારવામાં આવેલી છે. તેમજ નામદાર સુપ્રિમકોર્ટના લીવપીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદામાં સ્થાયી/જંગમ મિલ્કતને આરટીઆઈ એકટની કલમ ૮(૧) (ઠ) મુજબની અંગત માહિતી તરીકે દર્શાવેલ છે. તેના અવલોકનાર્થે અરજદારશ્રીએ તેની નકલ પુરી પાડેલ છે તે યોગ્ય જણાતું હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/ ૫૬૧૯
તા.૧૩/૦૩/૨૦૧૪

**(બી.બી.મોરે)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી કૃણાલ ટી. કંસારા(એડવોકેટ) પ્રતિ..જાણ માટે.

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૫૨/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૬/૦૨/૧૪ની અરજી આઈ.ડી.નં.૨૩૫૩ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૪/૦૨/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/52/13-14.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે તા.૦૬/૦૨/૧૪ની મુળ અરજી આઈડી નં. ૨૩૫૩થી કુલ ૩ મુદ્દાઓની માહિતી માંગેલી, જે સેન્ટ્રલ ઝોનના તા.૦૬/૦૨/૧૪ના પત્ર નં.૩૪૨૫થી મધ્યસ્થ કચેરી,શહેરવિકાસ વિભાગ, વીજીલન્સ વિભાગ,મધ્યસ્થ મહેકમ વિભાગ,લીંબાયત ઝોન,ઉધના ઝોન અને બ્રીજ સેલના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલી, જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૦/૦૨/૧૪ના રોજ પ્રાપ્ત થયેલી છે. અરજદારશ્રીએ મુદ્દા નં. ૧ થી ઉધના વિસ્તારના ટી.પી.નં.૭ ના ફા.પ્લોટ નં.૧૫૦ સ્થિત હાલ થઈ રહેલ ખાડીપુરાણ તાત્કાલીક અટકાવી, પુરાણ કરનાર તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરવા અરજદાર ધ્વારા કમિશ્નરશ્રી સમક્ષ તા.૦૭/૧૦/૧૩, ૧૭/૧૦/૧૩, ૨૨/૧૦/૧૩, ૨૫/૧૧/૧૩ તથા વીજીલન્સ વિભાગમાં તા.૦૭/૧૨/૧૩થી રજુઆતો કરેલી તેના ઉપર મ્યુ.કમિશ્નરશ્રીએ કરેલ રીમાર્કસ મુજબ થયેલ કાર્યવાહીની વિગતો વિભાગમાં થયેલ નોંધ સહિતની નકલો માંગેલી. જયારે મુદ્દા નં.૨ થી આ જ રજુઆતો દરમ્યાન સરકારશ્રીના અન્ય વિભાગો અને કલેકટર કચેરીએથી અરજીઓ રજુઆતો તબદીલ થઈ મળેલ હોય તો તે અંગે મ્યુ.કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા થયેલ કાર્યવાહી અંગે તે વિભાગમાં રીપોર્ટ કરેલ ન હોય તેની વિગતવાર માહિતી માંગેલી છે અને મુદ્દા નં.૩ થી ખાડીપુરાણ અટકાવવાની જેની જવાબદારી થતી હોય તે અધિકારીઓના નામ, હોદ્દો અને તેઓએ છેલ્લા એક વર્ષમાં કરેલ કામની વિગતો, તેઓના મુલ્યાંકન રીપોર્ટની સંપુર્ણ માહિતી માંગેલી છે.

સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ વિગતો મુજબ અરજદારની અરજીના મુદ્દા નં.૧ માં જણાવેલ રજુઆતો/અરજીઓ અનુસંધાને મધ્યસ્થ કચેરીમાં રૂબરૂ તપાસ કરતા ઉપરોકત રજુઆતો/અરજીઓ સંદર્ભે નં.સી.૪૮૧૪ તા.૧૮/૦૨/૧૪થી સંબંધીત વિભાગના જાહેર માહિતી અધિકારીઓને અરજી તબદીલ કરવામાં આવેલી છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલી નથી. જેથી સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૦૨/૧૪ના પત્ર નં. જીએડી/ઈએસટી/૫૨૬૪થી અરજીના મુદ્દા નં.૧ તથા ૨ બાબતે રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં. ૩ ની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી ન હોવાથી તે અંગેની કોઈ માહિતી આપવાની રહેતી ન હોવાથી આપવામાં આવેલ નથી.અપીલમાં માહિતી જણાવેલ સરનામે ન મોકલતા અન્ય ભલતા સરનામે પત્ર પાઠવવાની રજુઆત અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે અરજદારની ઓફિસનું જૂનું સરનામું કોમ્પ્યુટરમાં સેવ કરેલું હતું જે શરત ચુકથી સીલેકટ કરવામાં આવેલ હતું.પરંતુ તેઓનો ટેલીફોનિક સંપર્ક કરી નવી ઓફિસના સરનામે રૂબરૂ માહિતી પહોંચાવમાં આવેલ હોય, સદર રજુઆત બાબતે નિરાકરણ થઈ ગયેલ જણાય છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૬/૦૨/૧૪ની મુળ અરજી આઈડી નં.૨૩૫૩ના મુદ્દા નં.૧ માં જણાવેલ અરજદારશ્રીની કમિશ્નરશ્રી સમક્ષ કરેલ રજુઆતો/અરજીઓ મધ્યસ્થ કચેરી તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલ ન હોય મુદ્દા નં. ૧ અને ૨ ની રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનું સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૦૨/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૨૬૪થી જણાવેલ છે. તે યોગ્ય જણાય છે. જયારે મુદ્દા નં. ૩ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી ન હોવાથી તેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગે પુરી પાડવાની રહેતી નથી, ભળતા સરનામે માહિતી મોકલવાની અરજદારની રજુઆત સંદર્ભે નવા સરનામે માહિતી પહોંચાડવામાં અવાતા તેનું નિરાકરણ થઈ ગયેલ છે. જેથી અરજદારની અપીલ સંદર્ભે કશું કરવાનું રહેતું ન હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૬/૦૨/૧૪ની મુળ અરજી આઈડી નં.૨૩૫૩ના મુદ્દા નં.૧ માં જણાવેલ અરજદારશ્રીની કમિશ્નરશ્રી સમક્ષ કરેલ રજુઆતો/અરજીઓ મધ્યસ્થ કચેરી તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલ ન હોય મુદ્દા નં. ૧ અને ૨ ની રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનું સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૦૨/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૨૬૪થી જણાવેલ છે. તે યોગ્ય જણાય છે. જયારે મુદ્દા નં. ૩ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી ન હોવાથી તેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગે પુરી પાડવાની રહેતી નથી, ભળતા સરનામે માહિતી મોકલવાની અરજદારની રજુઆત સંદર્ભે નવા સરનામે માહિતી પહોંચાડવામાં અવાતા તેનું નિરાકરણ થઈ ગયેલ છે. જેથી અરજદારની અપીલ સંદર્ભે કશું કરવાનું રહેતું ન હોય તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૬૧૭
તા.૧૩/૦૩/૨૦૧૪

**(બી.બી.મોરે)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૫૩/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૬/૦૧/૧૪ની અરજી આઈ.ડી.નં.૨૦૭૩ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૪/૦૨/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/53/13-14.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૬/૧/૧૪ની અરજી આઈ.ડી. નં.૨૦૭૩થી કુલ–૬ મુદ્દાઓની માહિતી માંગેલી જેમાં ચીફ એકાઉન્ટન્ટ (૧) શ્રી દિલીપ જરીવાલાને કઈ જાહેરાતના આધારે પ્રમોશન આપેલ તેના ઠરાવ, જાહેરાતની નકલ (૨) તેમની શૈક્ષણિક લાયકાતની નકલ (૩) શૈક્ષણિક લાયકાત ઓડીટીંગ વિષયની નથી કે ચાર્ટડ એકાઉન્ટની ડીગ્રી નથી જેથી પ્રમોશન ગેરકાયદેસર ગણી શકાય તેની સ્પષ્ટતા (૪) સ્થા.સ.ઠ. અનુસાર આ પોસ્ટને તેઓની શૈક્ષણિક લાયકાત સમકક્ષ નથી એટલે આપી, અપાવી હોય જેના નામની પોસ્ટની માહિતી (૫) તેઓનું પ્રમોશન ગેરકાયદેસર હોવાથી તેમના અસલી સ્થાન પોસ્ટ પર રીગાર્ડ રીવાઈઝ કરવા અંગેની માહિતી અને (૬)તેઓ ચીફ એકાઉન્ટન્ટની લાયકાત ધરાવતા નથી જેની પણ સ્પષ્ટતાની માહિતીની નકલ માંગેલ છે. જે અરજી સેન્ટ્રલ ઝોનથી તબદીલ થઈને મધ્યસ્થ–મહેકમ વિભાગને તા.૮/૧/૧૪ના રોજ પ્રાપ્ત થયેલ છે.સદર અરજી સંદર્ભે સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૭૩થી મુદ્દા નં.૧ અન્વયે જાહેરાત નં.પીઆરઓ/૧૧૩/ ૨૦૧૩–૧૪ તા.૧૪/૫/૧૩ની નકલ પૂરી પાડી આ પ્રમોશન નથી પરંતુ પસંદગી પ્રક્રિયા હાથ ધરી સીધી ભરતી કરવામાં આવેલી છે. (૨) તેઓની શૈક્ષણિક લાયકાતની નકલ આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) મુજબની હોવાનું જણાવી સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન નં.૨૭૭૩૪/૧૨ના ચુકાદો ટાંકેલ છે. (૩) માંગેલી માહિતી અભિપ્રાય સ્વરૂપ/મંતવ્ય સ્વરૂપની જણાય છે.(૪) સ્ટાફ સીલેકશન સમિતિની તા.૭/૧૦/૧૩ની મીનીટસની નકલ તથા હુકમ નં.જીએડી/ઈએસટી /૩૯૦૪ તા.૧૦/૧૨/૧૩ની નકલ પૂરી પાડેલ છે.(૫) માંગેલી વિગત સૂચન/મંતવ્ય સ્વરૂપની જણાય છે.(૬) મુદ્દા નં.૧માં દર્શાવેલ જાહેરાતની નકલમાં લાયકાત દર્શાવેલ છે. તથા સદરહુ જગ્યા માટે પસંદગી પામેલ ઉમેદવારની સીનોપ્સીસની નકલ પૂરી પાડેલી છે. તેમજ આ નિર્ણયની નારાજ હોય તો દિન–૩૦માં અપીલ કરવાનું સૂચિત કરેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં જણાય છે કે, અરજદારશ્રીની તા.૬/૧/૧૪ની મૂળ અરજી આઈ નં.૨૦૭૩ સંદર્ભે સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૭૩થી મુદ્દા નં.૧ની માંગણી મુજબની જાહેરાતની નકલ પૂરી પાડેલ છે. મુદ્દા નં.૨થી શ્રી દિલીપ જરીવાલાની શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલ અંગે તે અધિનિયમની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ ધ્યાને લેવા તેમજ સુપ્રિમકોર્ટમાં દાખલ (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨નો ચુકાદો ટાંકી તે ધ્યાને લેવા જણાવેલ છે. મુદ્દા નં.૩ અને નં.૫ ની માહિતી અભિપ્રાય/સૂચન/મંતવ્ય સ્વરૂપની છે જે નિયમાનુસાર આપવાની રહેતી નથી, મુદ્દા નં.૪ અંગે સ્ટાફ સિલેકશન સમિતિની તા.૭/૧૦/૧૩ની મીનીટસ તેમજ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૯૦૪ તા.૧૦/૧૨/૧૩ની નકલો પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૧ માં જણાવેલ જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ધ્યાને લેવા જણાવી પસંદગી પામેલ ઉમેદવાર શ્રી દિલીપ પી.જરીવાલાની સીનોપ્સીસની નકલ પૂરી પાડેલ છે.તે યોગ્ય જણાય છે.જેથી અરજદારે અપીલમાં ફકત મુદ્દા નં.૧નો પ્રત્યુત્તર મળ્યાનો તેમજ બાકીના મુદ્દા નં.૨ થી ૬ અંગે કલમ ૮(૧)(ઠ)નો જાહેર માહિતી અધિકારીએ ગેરઉપયોગ કરેલ છે." એવી રજુઆતમાં તથ્ય જણાતું ન હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.
અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ની તા.૬/૧/૧૪ની મૂળ અરજી આઈ નં.૨૦૭૩ સંદર્ભે સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૧/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૭૩થી મુદ્દા નં.૧ની માંગણી મુજબની જાહેરાતની નકલ પૂરી પાડેલ છે. મુદ્દા નં.૨થી શ્રી દિલીપ જરીવાલાની શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલ અંગે તે અધિનિયમની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ ધ્યાને લેવા તેમજ સુપ્રિમકોર્ટમાં દાખલ (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨નો ચુકાદો ટાંકી તે ધ્યાને લેવા જણાવેલ છે. મુદ્દા નં.૩ અને નં.૫ ની માહિતી અભિપ્રાય/સૂચન/મંતવ્ય સ્વરૂપની છે જે નિયમાનુસાર આપવાની રહેતી નથી, મુદ્દા નં.૪ અંગે સ્ટાફ સિલેકશન સમિતિની તા.૭/૧૦/૧૩ની મીનીટસ તેમજ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૯૦૪ તા.૧૦/૧૨/૧૩ની નકલો પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૧ માં જણાવેલ જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ધ્યાને લેવા જણાવી પસંદગી પામેલ ઉમેદવાર શ્રી દિલીપ પી.જરીવાલાની સીનોપ્સીસની નકલ પૂરી પાડેલ છે.તે યોગ્ય જણાય છે.જેથી અરજદારે અપીલમાં ફકત મુદ્દા નં.૧નો પ્રત્યુત્તર મળ્યાનો તેમજ બાકીના મુદ્દા નં.૨ થી ૬ અંગે કલમ ૮(૧)(ઠ)નો જાહેર માહિતી અધિકારીએ ગેરઉપયોગ કરેલ છે." એવી રજુઆતમાં તથ્ય જણાતું ન હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૬૫૭
તા.૧૪/૦૩/૨૦૧૪

**(બી.બી.મોરે)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૫૪/૧૩–૧૪**

**અરજદાર :** શ્રી રમેશ કે જાંગીડ
**સામાવાળા :** સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી રમેશ કે જાંગીડ ની તા.૨૩/૦૧/૧૪ની અરજી આઈ.ડી.નં.૨૨૨૮ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૫/૦૨/૧૪ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/54/13-14.

અરજદારશ્રી રમેશ કે જાંગીડે તા.૨૩/૧/૧૪ની અરજી આઈડી.નં.૨૨૨૮થી મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારી પાસે (૧) વર્ષ ૨૦૧૨માં કાર્યપાલક ઈજનેરોની નિમણુંક બાબતે બિડાણ કરેલ પત્રમાં ચર્ચા કરી હોવા અંગેની નોંધ થયા બાદ કાર્યપાલક ઈજનેરોની નિમણુંક કરવામાં આવી તેમના નામ, કર્મચારી નંબર તથા નિમણુંક પત્રની નકલ સહિત વિગતવાર માહિતી તેમજ (૨) નિમણુંક થયેલ સદર કાર્યપાલક ઈજનેરો પૈકીના કયા અનામત અને કયા જનરલ કેટેગરીના હતા તેની વિગતની માંગણી કરેલ છે.જે સેન્ટ્રલ ઝોનના તા.૨૪/૧/૧૪ના પત્ર નં.૩૧૬૪થી (મધ્યસ્થ–મહેકમ) વિભાગમાં તબદીલ થઈને તા.૨૭/૧/૧૪ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર બાબતે સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૨/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૨૫૭થી જરૂરી નકલ ફી ભરવાની અરજદારશ્રીને જાણ કરેલી છે. અરજદારે તા.૪/૩/૧૪ની રસીદ નં૨૦૪૮૦૨થી જરૂરી ફી ભરેલી છે.એ અંગેની જાણ સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને તા.૫/૩/૧૪ના રોજ થતાં તા.૬/૩/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૫૪૩થી માંગણી મુજબની માહિતી પૂરી પાડેલી છે. સદર કેશમાં અરજદારશ્રીએ તા.૨૩/૧/૧૪ની અરજીથી માહિતી માંગેલી, તે સદર્ભે જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૨/૧૪થી નકલ ફી ભરવાની જાણ અરજદારશ્રીને કરેલી અરજદારશ્રીએ જરૂરી નકલ ફી તા.૪/૩/૧૪થી ભરેલી છે. અને ફી ભર્યાની જાણ જાહેર માહિતી અધિકારીને ૫/૩/૧૪ના રોજ થતાં તા.૬/૩/૧૪થી અરજદારને માહિતી પૂરી પાડેલી છે.પરંતુ અરજદારશ્રીએ ફી ભર્યાની જાણ થતાં, તે ભરવાને બદલે તા.૨૫/૨/૧૪થી અપીલ કરી દીધેલ છે.અને જરૂરી નકલ ફી તા.૪/૩/૧૪થી ભરેલી છે.આમ અરજદારશ્રીને ફી ભરવાની જાણ થયેલી હોવા છતાં "નિયત સમય મર્યાદામાં માંગેલી માહિતી પૂરી પાડવામાં ન આવતા નિયમ મુજબ વિના મુલ્યે માહિતી પૂરી પડાવવા પ્રથમ અપીલ કરેલી છે. અને ત્યાર બાદ જરૂરી નકલ ફી ભરી માહિતી મેળવેલ છે. તેથી નિયમાનુસાર માહિતી મળે તે પહેલાં જ પ્રથમ અપીલ કરેલી છે. પરંતુ ત્યાર બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અને ત્યારબાદ આ મળેલી માહિતીથી નારાજ હોવાની કોઈ રજુઆત થયેલી નથી તે જોતાં પૂરી પાડેલી માહિતીથી અરજદાર સંતુષ્ટ થયેલ છે. એમ માની અપીલ અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવા જોગ જણાય છે.

**હુકમઃ–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી રમેશ કે .જાંગીડે તા.૨૩/૧/૧૪ની મૂળ અરજી આઈ.ડી.નં.૨૨૨૮થી,માંગેલી માહિતી સંદર્ભે સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૧૯/૨/૧૪ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૨૫૭થી જરૂરી નકલ ફી ભરવાની અરજદારશ્રીને જાણ કરેલી છે.તે સંદર્ભે નકલ ફી ભરવાને બદલે અરજદારશ્રીએ તા.૨૫/૨/૧૪થી પ્રથમ અપીલ અરજી કરી દીધેલ છે.અને તા.૪/૩/૧૪ની રસીદ નં.૨૦૪૮૦૨થી જરૂરી ફી ભરેલી છે.અને તેની જાણ સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ)ને તા.૫/૩/૧૪ના રોજ થતાં તા.૬/૩/૧૪થી માંગણી અનુસારની માહિતી પૂરી પાડેલી છે.આમ જરૂરી નકલ ફી ભરવાની જાણ થયા બાદ નકલ ફી ભરવાને બદલે પ્રથમ અપીલ કરવામાં આવેલી છે અને ત્યારબાદ નકલ ફી ભરી અરજદારે માહિતી મેળવેલ છે.માહિતી મળ્યા બાદ અરજદારશ્રી તરફથી કોઈ ફરિયાદ/અપીલ થયેલ ન હોય અપીલ અંગે વિશેષ કંઈ ન કરતાં તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/ ૫૭૯૫
તા.૨૫/૦૩/૨૦૧૪

**(બી.બી.મોરે)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને અપીલ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી રમેશ કે જાંગીડ પ્રોફેશનલ ક્રાઈમ પ્રતિ..જાણ માટે.